વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
સપ્ટેમ્બર - ૨૦૨૨
અંક - ૫૩૨

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૨૨ ● ૧
(કુલ પાના : ૩૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો

## સ્વામિવાત્સલ્ય નિમિત્તે સાધર્મિક શ્રાવકોને અભિવાદન



મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org




IAEC
education • migration

**Top Universities Admissions**

**Best Scholarships**

**High Visa Success**

*Registered Australian Immigration Consultants*

**Official Representative of Leading Universities.**

202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above McDonald's, Navrangpura, Ahmedabad

**079 2791 1113 | 079 4892 1113**

**+91 74348 88000**

ahmedabad@iaec.com.au /IAECIndia iaec.com.au

Directors are from Kutchi Jain Samaj

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**

**મહેન્દ્ર સાકરચંદ દોશી**

**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.* **– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● વાત વિમર્શ : સફળતાનું વિહંગાવલોકન... **મહેન્દ્ર દોશી**...... ૪

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**

● સ્વાતંત્ર્ય દિવસ કાર્યક્રમ ...... ૫
● સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ...... ૫
● મેરેજ બ્યુરો સમિતિ ● યુવા વિકાસ સમિતિ ● વૈયાવચ્ચી સમિતિ ...... ૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એક્ટિવિટી ...... ૭

★

● આંજો કાગર ...... ૮
● અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૯

★

● પર્યુષણ પર્વ તમને પૂછે છે ...... **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ**..... ૧૦
● સાધર્મિક વાત્સલ્ય ...... **તત્વચિંતક પ્રો. નૌતમભાઈ વકીલ**..... ૧૧
● જીવનની સફળતા - સાર્થકતા અને સિદ્ધિ શેમાં છે?
– કેવી રીતે મેળવાય? ...... **કાનજી મહેશ્વરી**..... ૧૩
● પર્યુષણ પર્વનો પ્રાણ – ક્ષમાપના ...... **પૂ. મુનિ શ્રી જિનચંદ્રવિજયજી મ.સા.**..... ૧૬
● 'ભારત છોડો' સૂત્ર કચ્છી સૂપતનું પ્રદાન
છતાં ઇતિહાસમાં એની નોંધ નહીં? ...... **જગદીશચંદ્ર છાયા**..... ૧૭
● કચ્છી સાહિત્ય અને શિક્ષણ સાધક : નારાયણ જોશી 'કારાયલ' ...... **સંજય પી. ઠાકર**..... ૧૮
● અવલોકન : કચ્છી ભાષા શીખવા ઈચ્છુકની માટે
ઓનલાઈન એડવાન્સ કોર્સ ...... **મહેન્દ્ર દોશી**..... ૧૯
● ઈમારતનો અંશ (નિબંધ) ...... **હર્ષદ ત્રિવેદી**..... ૨૦
● કચ્છની પંચતીર્થી – જૈનો માટે ખાસ પર્યુષણમાં... ...... ૨૨
● કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૨ ...... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૨૩
● સ્વ સાથે સંવાદ ...... **દક્ષા એમ. સંઘવી**..... ૨૫
● તીર્થ દર્શન ...... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**..... ૨૬
● ડર (PHOBIA) : ભાગ-૩ : શારીરિક ફેરફારો ...... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૨૭
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● ચોમાસુ અને ફિઝીયોથેરાપી ...... **ડૉ. પૂજા મહેતા**..... ૨૯
● આજીવન રક્તદાન – મૃત્યુ પછી ચક્ષુદાન, દેહદાન ...... **કમલેશભાઈ બાબુભાઈ શાહ**..... ૩૦


★

● ***Nano Nine*** શબ્દ રમત-૧૮૯ ...... **સંકલન : રજનીકાંત પારેખ**...... ૩૨
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૪૪) ...... **સંકલન : રજનીકાંત પારેખ**...... ૩૩

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# વાત વિમર્શ
# સફળતાનું વિહંગાવલોકન



મહેન્દ્ર દોશી

## *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અવિરત પ્રગતિ – સફળતાની ગાથા....*

ભારત ઉત્સવોનો દેશ છે. ભારતવાસીઓની નાના-મોટા ઉત્સવોની ઉજવણી કરવા માટે સાંપ્રદાયિક, બિન સાંપ્રદાયિક કે અન્ય પ્રાસંગિક ઉત્સવની ઉજવણી – કોણ પણ વર્ગનાં ભેદભાવ વગર કરવા તત્પર હોય છે. "મંગલ મંદિર" પણ વાચકોની રૂચિને પોષે છે અને આથી વાચકોની રૂચિ - રસને પોષતી સામગ્રી આપવા માટે પ્રયત્નશીલ રહે છે. મંગલ મંદિર જુલાઈ-૨૦૨૨નો અંક કચ્છનો બિન સાંપ્રદાયિક ઉત્સવ અષાઢી બીજને લગતી ઐતિહાસિક અને દંતકથાઓની જાણકારી આપતી વિગતોનો સમાવેશ કરેલ હતો. ઓગસ્ટ-૨૦૨૨ના અંકમાં મહાપર્વ પર્યુષણ નિમિત્તે પર્વનો મહિમા અને ઔચિત્યની વિગતોથી સભર માહિતી ભરેલા લેખોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેમાં વિશ્વનાં જૈનોલોજીના પ્રખર વિદ્વાન, ચિંતક અને પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તથા ડૉ. હિતેન્દ્રભાઈ શાહ અને શ્રી નૌતમભાઈ વકીલ ઉપરાંત જૈનોલોજીમાં શ્રદ્ધા રાખનાર અને પ્રચારક એવા બિન જૈન સાંપ્રદાયિક શ્રી જયંતીભાઈ જોષી 'શબાબ' તથા દલીત પીડિત સમાજસેવક શ્રી કાનજીભાઈ મહેશ્વરીનાં વિદ્વતાપૂર્ણ લેખો 'મંગલ મંદિર'ના વાચકોને ઉપલબ્ધ થયા છે, જે 'મંગલ મંદિર'ના વાચકો માટે તેમજ સંસ્થા માટે એક અમૂલ્ય ધાર્મિક સંવેદનાની ઉત્તેજના છે.

આ સંવેદનાની સમીપતા સપ્ટેમ્બર-૨૦૨૨ના અંકમાં ડૉ. કુમારપાળભાઈ દેસાઈ તથા નૌતમભાઈ વકીલના પર્યુષણ પર્વના ક્ષમાપનાના અંતે સાધર્મિક શ્રાવકો માટે 'સ્વામિવાત્સલ્ય'નું મહત્ત્વ તથા ઔચિત્યને ઉજાગર કરતાં લેખોમાં શ્રી કુમારપાળજીએ પર્યુષણ પર્વનો અર્થ સમજાવતાં, તેનો અર્થ સ્પષ્ટ કરેલ છે. પર્યુષણ પર્વ એટલે સમસ્ત પ્રકારે નમવું અને આ પર્વના આરાધકો માટે લાક્ષણિક અર્થ આત્માની સમીપે જવું.

આત્માના ઉર્ધ્વગમનની સાધના એટલે આરાધકોની ઓળખ અને સાધર્મિક વાત્સલ્ય એટલે પ્રભુ ભક્તો. આ ભક્તોને વધાવવા માટે **સ્વામિવાત્સલ્યનો ઉત્સવ.**

આ વાત્સલ્યને વધાવવા માટે અભિવાદન કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સ્વામિવાત્સલ્યના કાર્યક્રમનો તા. ૧૮-૯-૨૦૨૨ના રોજ પ્રસંગના ઉત્સવનું આયોજન કરેલ છે. આ સાધર્મિક વાત્સલ્યનાં શુભ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આમંત્રિત કરેલ છે અને તેઓશ્રીએ અમારા આમંત્રણનો સ્વીકાર કરેલ હોવાથી આ પ્રસંગમાં ઉલ્લાસ - આનંદમાં અનેરો વધારો થયેલ છે.

| | | |
|---|---|---|
| **શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ** | **મહેન્દ્રભાઈ દોશી** | **પ્રતાપભાઈ દંડ** |
| **માનદ્ સલાહકાર** | **સહતંત્રી** | **મુખ્યતંત્રીશ્રી** |

*"મંગલ મંદિર"નો આગામી અંક 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રગતિ - સફળતાની ગાથા'ની વિગત આપતો અંક પ્રકાશિત થશે.*

*આ અંક માટે લઘુકથાઓ પણ આવકાર્ય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વાતંત્ર્ય દિવસ કાર્યક્રમ

તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને સમાજના સભ્યોની બહોળી હાજરીમાં ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

ધ્વજ વંદન શ્રીમતી લીલાબેન વીસરિયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. સૌપ્રથમ માનદ્ મંત્રીશ્રીએ સૌ સભ્યોને આવકારી, શ્રીમતી લીલાબેન વીસરિયાનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ શ્રીમતી લીલાબેન વીસરિયાના શુભ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી લીલાબેન વીસરિયાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણે આજે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરીને અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે આ ત્રણ બાબતો આપણા દેશ માટે જરૂરી છે.

૧. **વિવિધતા :** આપણા દેશમાં વિવિધ જ્ઞાતિના - ધર્મના લોકો આપસમાં હળી-મળીને રહે છે. આ વિવિધતા આપણા લોકશાહીનું ઘરેણું છે. તેથી તેને સાચવવું ખૂબ જ જરૂરી છે.

૨. **વાણી સ્વાતંત્રતા :** સ્વાતંત્ર્ય દેશમાં આપણે અત્યારે લોકશાહીની જે પરંપરા જાળવી છે, એવી જ રીતે ભવિષ્યમાં પણ આપણી વાણીની સ્વતંત્રતાની જાળવણી આપણે કરવી પડશે.

૩. **એકતા :** આપણા વચ્ચે ધર્મ કે કોમના નામે વૈમનસ્ય ઊભું થવું ના જોઈએ અને એકતા જ આપણી સાચી મૂડી છે. એટલે આ એકતા જળવાઈ રહે તે આપણા સ્વતંત્ર દેશ માટે ખૂબ જ જરૂરી છે.

ધ્વજવંદન બાદ અલ્પાહાર લઈ સૌ છૂટા પડ્યા હતા.

*રજનીકાંત પારેખ*

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **મહેન્દ્ર હરજીવન મોરબીયા**
  ૪૨, અમન હાઈટ્સ, અભિલાષા ફ્લેટ્સની બાજુમાં,
  સોમ-લલિત સ્કૂલની સામે, ઈશ્વર પાર્ક,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
  મો. ૯૦૩૩૦ ૧૯૨૮૯, ૮૮૬૬૦ ૦૯૨૯૮
- **રમણિકલાલ શિવજી ભારમલ વોરા**
  ઈ-૧૦૧, સ્કાયવોક, ધરતી સિલ્વર ફ્લેટની પાછળ
  માન સરોવર રોડ, ચાંદખેડા,
  અમદાવાદ-૩૮૨ ૪૨૪. મો. ૯૮૨૪૩ ૪૨૪૨૧
- **વિમેશ ગુલાબચંદ શાહ (લોડાયા)**
  એ-૫, કાલિંદી એપાર્ટમેન્ટ,
  જયમાલા બસ સ્ટોપ પાસે, ઈસનપુર રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૦. મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭
- **દર્શન રમેશભાઈ મણિભાઈ સંઘવી**
  બી-૪૦૨, કરુપાલ હેરિટેજ, મકરબા ટોરેન્ટ પાવર પાછળ,
  મકરબા, અમદાવાદ-૩૮૦ ૦૫૧.
  મો. ૯૩૨૮૦ ૬૩૨૭૩, ૯૩૭૪૨ ૨૨૪૩૮

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ

રૂા. ૫૦,૦૦,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન – મુંબઈ / અમદાવાદ

રૂા. ૩,૦૦૦/- શ્રી ચંદુલાલ ગોકલદાસ એકલવેના - વડોદરા

### સાધર્મિક સહાય યોજના/કેળવણી સહાય યોજના

રૂા. ૭,૫૦૦/- સુશ્રી ચૌલાબેન ઉમરશી કુરૂવા - અમદાવાદ તરફથી સ્વ. જિતેન્દ્રભાઈ ઉમરશી કુરુવાની પુણ્યતિથિ નિમિત્તે.

### જનરલ ડોનેશન

રૂા. ૫૦૧/- શ્રી સંદીપ મોતા - અમદાવાદ તરફથી સ્વ. મનીષ નવીન મોતાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે (તા. ૧૫-૦૬-૨૦૨૨)

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૫૦૦/- શ્રી રાહુલ કાપડિયા - ગાંધીનગર

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## મેરેજ બ્યુરો સમિતિ

પેન્ડેમિક સમય બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ દ્વારા લગ્નોત્સુક ઉમેદવારો તેમજ તેમના વાલીઓને ઉમેદવારની માહિતી (બાયોડેટા) સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે ઉમેદવારોની યાદી વૉટ્સઍપ દ્વારા વોટ્સઍપ બાયોડેટા ગ્રુપમાં મૂકવામાં આવેલ છે. આ યાદીમાં દીકરીઓની સંખ્યા ૪૦૨ તથા દીકરાઓની સંખ્યા ૬૭૧ની છે. તા. ૩૧-૭-૨૦૨૨ સુધીમાં આનો લાભ લઈ કુલ ૧૮ ઉમેદવારોએ પ્રભુતામાં પગલા પાડ્યા છે.

આ અંગેની કોઈપણ માહિતી માટે કન્વીનરશ્રી ગિરીશભાઈ દેઢિયા (મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮)નો સંપર્ક કરવા વિનંતી.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ તથા અનુબંધ ફાઉન્ડેશનના સહયોગથી રવિવાર, તા. ૯-૧૦-૨૨ના રોજ સમસ્ત જૈન અપરીણિત યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી સંમેલન રાખેલ છે. જેમાં આવનાર ઉમેદવાર તથા આવનાર વડીલનું નામ આપે અગાઉથી રજિસ્ટર કરાવવાનું રહેશે.

*રજિસ્ટ્રેશન* : Male Candidate : Rs. 100/-
Female Candidate : Free
Per Parents/Guardian : Rs. 100/-

*સ્થળ* : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ.

*સમય* : બપોરના ૨ થી ૬ કલાકે.

*વધુ માહિતી માટે સંપર્ક :*

*ગિરીશ દેઢિયા : ૯૩૨૦૩ ૧૬૮૬૮*
*વીણાબેન સંઘવી : ૮૦૦૦૭ ૩૯૬૯૮*
*ચેતન ધરોડ : ૯૪૨૬૫ ૨૯૩૪૧*

***ગિરીશ હીરજીભાઈ દેઢિયા***
***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

*જમાનો જ્યારે પાછળ હતો, વિજ્ઞાન જ્યારે વિકસિત થયું નહોતું ત્યારે મારા ઘરના દરવાજા પર "ભલે પધાર્યા" – આવા લખાણવાળું બોર્ડ હતું. આજે જમાનાએ અને વિજ્ઞાને ખૂબ વિકાસ કર્યો છે. હું પણ ભણી-ગણીને ચાલાક થઈ ગયો છું. "રજા સિવાય અંદર આવવું નહીં" – આવા લખાણવાળું બોર્ડ મારા ઘરના દરવાજા પર આવી ગયું છે.*

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૭-૮-૨૦૨૨ના રોજ કચ્છી વિકાસ મેળાનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ મેળામાં વિવિધ પ્રકારના ૩૭ સ્ટોલ રાખવામાં આવેલ હતા અને આ મેળામાં પધારનાર ૪૭૫થી વધુ મુલાકાતીઓએ મેળાને ખૂબ જ આનંદથી માણ્યો હતો.

★

શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા રાસ ગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

*શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨*
*સમય : રાત્રે ૮.૦૦ કલાકે*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

**વધુ માહિતી માટે સંપર્ક :**

*ધનરાજ દેઢિયા : ૮૯૮૦૦ ૪૮૮૩૪*
*કૃપાલી શાહ : ૯૦૮૧૮ ૧૭૮૧૪*

***ચૈતન્ય રાંભિયા***
***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## વૈયાવચ્ચી સમિતિ

**વૈયાવચ્ચી સમિતિનો વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ**

વર્ષ દરમિયાન કુલ ૪૬૮ પૂજ્ય સાધુ-સાધ્વીજીઓએ લાભ લીધેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન આવેલ દાન તથા ખર્ચની વિગતો :

**વર્ષ દરમ્યાન આવેલ દાન**

| | |
|---|---|
| પાલડી ભવન | ૧,૧૯,૩૧૦/- |
| શાહીબાગ | ૨,૬૨૫/- |
| એસ.ટી. ભવન | ૫૦૦/- |
| *વર્ષ દરમિયાન આવેલ કુલ દાન* | *૧,૨૨,૪૩૫/-* |

**વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ**

| | |
|---|---|
| પાલડી ભવન | ૧,૭૪,૪૫૮/- |
| બોપલ | ૮,૩૫૦/- |
| *વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ* | *૧,૮૨,૮૦૮/-* |

***પદમશી સી. ડાઘા***
***કન્વીનર - વૈયાવચ્ચી સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એક્ટિવિટી

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ તારીખ ૩૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ પાલડી ભવન ખાતે મળી હતી.***

- આ મીટિંગમાં શ્રી કે.ડી. શાહ સાહેબ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના હિસાબો રજૂ કરવામાં આવેલ અને તેની ટ્રસ્ટ મંડળ દ્વારા બહાલી મેળવવામાં આવેલ.
- તારીખ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ટ્રસ્ટ મંડળ અને કારોબારીની ચૂંટણી યોજવાનું નક્કી કરવામાં આવ્યું.
- એસ.ટી. સેવા ભવન ઉપર સ્કીલ ડેવલપમેન્ટ શરૂ કરવાના પ્રોજેક્ટ પર ચર્ચા વિચારણા કરવામાં આવી.
- એવી જ રીતે પરિમલ જૈન સંઘ ખાતે તેમની જગ્યા ઉપર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઉપરાંત આયુર્વેદિક અને મેડિકલ સેન્ટર શરૂ કરવાના પ્રોજેક્ટ ઉપર પણ ચર્ચા હાથ ધરવામાં આવી.
- તદુપરાંત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરનો ઘણા સમયથી લાભ લેતાં એક શ્રેષ્ઠી શ્રી જયેશભાઇ મજુમદાર એ ચાંગોદર ખાતે આવું જ મેડિકલ સેન્ટર શરૂ કરવા ૧૬૦૦ સ્કે. ફૂટ જગ્યા અને બીજા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ સાથે મળી, મેડિકલ સેન્ટર માટે જરૂરી પૂરું સેટ અપ કરાવી આપવા સાથે તેનું સંચાલન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવે તે પ્રપોઝલ આપેલ. તેના પર ચર્ચા કરી આગળ વધવું તેમ નક્કી કરવામાં આવ્યું.

★

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મીટિંગ તા. ૬ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પાલડી ભવન ખાતે મળેલ. આ મીટિંગમાં ૧૭ સભ્યો હાજર હતા.***

- કોરમ પૂરું થવાથી સમયસર શરૂ થયેલ મીટિંગમાં તા. ૧૮ સપ્ટેમ્બરનાં કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી અને તેની ઝીણટવભરી માહિતી દરેક કારોબારીને આપવામાં આવી.

  સામાજિક સુરક્ષા સમિતિ દ્વારા જણાવવામાં આવેલ કે સમાજનાં દરેક સભ્યના રૂા. ૫ લાખનાં અકસ્માત અથવા કાયમી શારીરિક વિકલાંગતાના વીમા માટે રૂા. ૧,૭૬,૧૨૦/-નું પ્રીમિયમ ભરવામાં આવેલ છે.

  તા. ૭-૮-૨૦૨૨ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા કચ્છી મેળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ મેળામાં આશરે ૩૭ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. જેને જોવા અને ખરીદી કરવા માટે ૪૭૦ જેટલા સભ્યોએ દિવસ દરમિયાન મુલાકાત લીધેલ.

  તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ મુંબઈથી શ્રી ઋષભભાઈ મારૂ અને અન્ય મહેમાનો, જેઓ રક્ષાબંધન ઉજવવા અને નડાબેટ ખાતે ભારતીય સૈનિકોને રાખડી બાંધવા જઈ રહ્યા હતા, તેમણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો સાથે ચા-નાસ્તા કર્યા અને પોતાના કાર્યક્રમની માહિતી આપી.

  શૈક્ષણિક સહાય સમિતિ દ્વારા વાર્ષિક શિક્ષણ ખર્ચને પહોંચી વળવા માટે ૫૨ વિદ્યાર્થીઓની આવેલ શૈક્ષણિક સહાયની અરજીઓ મંજૂર કરેલ છે.

★

- તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ દર વર્ષની જેમ સવારે ૯ વાગે સંસ્થાના પ્રાંગણમાં શ્રીમતી લીલાબેન વીસરિયાના વરદ્ હસ્તે ધ્વજારોહણ કાર્યક્રમ કરવામાં આવેલ.

  જ્યારે સમગ્ર દેશ આઝાદીનાં ૭૫ વર્ષનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે, તેવા સમયે લીલાબેને લોકશાહી માટે જરૂરી ત્રણ પાયારૂપી બાબતો વિશે સર્વેને માહિતી આપી હતી અને તેને જાળવવાની જરૂરિયાત સમજાવેલ.

  લોકતંત્રના ત્રણ પાયા : (૧) વિવિધતા, (૨) વાણી સ્વતંત્રતા અને (૩) એકતા.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજના સ્વામિવાત્સલ્યના પ્રોગ્રામ માટે તા. ૧૫ ઓગસ્ટથી પાલડી, શાહીબાગ, બોપલ, એસ.ટી. ગીતામંદિર અને મણિનગર ખાતે પાસ વિતરણ શરૂ કરવામાં આવ્યા.
- આ સંમેલનમાં હાજર રહેવા માટે ગુજરાતના મુખ્ય મંત્રી, ગૃહમંત્રી, ધારાસભ્યો અને અન્ય વિશેષ અતિથિઓને આગોતરું આમંત્રણ મોકલવામાં આવ્યું અને તેમની ફોન ઉપર સંમતિ મેળવવામાં આવી.
- આગામી સ્નેહ મિલનના કાર્યક્રમ અંગે હોદ્દેદારો અને સમિતિઓના કન્વીનરોની મીટિંગ યોજવામાં આવી હતી.

*વારસામાં માણસને સ્થાન અને માન મળે છે ખરું,*
*પણ એ માટેની લાયકાત તો*
*વ્યક્તિએ પોતે જ કેળવવાની હોય છે.*

# આંજો કાગર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - પાલડીના ફિઝીયોથેરાપી સેન્ટરનો મારો અનુભવ**

અહિંયાના ડોક્ટર્સ, ડોક્ટર્સ નહીં પણ ફેમિલી મેમ્બર જેવો અનુભવ કરાવે છે. મને તો એવું લાગતું કે હું કોઈ ડોક્ટર પાસે નહીં પણ મારા ફ્રેન્ડ્સ જોડે હોઉં. સારવારનું કહું તો બધા ડૉક્ટર પર્સનલી બધા દર્દી જોડે રહી અને પૂરતું ધ્યાન આપે છે. અનુભવી ડૉક્ટર્સ છે. સ્ટાફનું વર્તન પણ સારું છે. પૂરતો સહયોગ આપે છે. આટલુ ધ્યાન આપતા મેં પ્રાઈવેટમાં પણ નથી જોયા. ડૉક્ટરા વિશે જેટલું લખીશ એટલું ઓછું પડશે. બને એટલા વધુ લોકોને અહિયા ફિઝિયોથેરાપી માટે મોકલીશ. ડૉક્ટર હસી મજાક સાથે બધાના દર્દ ભૂલાવી દે છે. ખરેખર ખૂબ જ સારું કામ છે. પૂજાબેન, માધવીબેન, શ્રદ્ધાબેન, વ્રજ સર, ઉર્વશી આન્ટી – Thank you and God bless you.

*– પ્રિન્સા પટેલ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ખાતેના ફિઝીયોથેરાપી સેન્ટરમાં ે ન્ટર થતાં જ ઉષ્માભર્યો સર્વ સ્ટાફનો મીઠો આવકાર, તમારી પૂરતી શારીરિક ફરિયાદ સાંભળી કસરત નક્કી કરવી. ત્યારબાદ વ્યવસ્થિત કસરત કરાવવી તેમજ કસરત શરૂ થયા બાદ ત્રણ-ચાર દિવસે પાછો રીકવરીનો રીવ્યુ લેવો અને આશ્વાસન આપવું. જેથી અડધું દુઃખ ઓછું થાય. સર્વ સ્ટાફ ડોક્ટર સહિતનો સ્નેહભર્યો વહેવાર કુટુંબના સભ્ય સાથે વાત કરતા હોઈએ એવું જ લાગે. તમારો ખોટો ટાઈમ ના બગડે એ રીતે કસરતનું આયોજન કરી, મશીન ખાલી થાય એટલે તરત જ કસરતથી લઈ લેવી – વગેરે આયોજન અદ્‌ભુત છે. દરેક વ્યક્તિને નામથી દરરોજ બોલાવવા કાબિલેદાદ છે. અંતમાં સર્વ સ્ટાફનો હું ઋણી છું. દરેકનો ખૂબ ખૂબ આભાર.

*– સુરેશભાઈ સોની*

★

I have been visiting Physiotherapist in past. My visit to Navneet Medical Centre has been a pleasant surprise.

The staff and Doctors extend their help and treatment that is admirable. The patients are treated as if Doctors treat their own family members. I owe gratitude to all Doctors and Staff at this therapy center. I shall always remember their kindness and humanitrial approach while treating patients.

***– Chandulal Ekalvena***

★

મને આજથી દર વર્ષ પહેલા માથામાં નાની ગાંઠ થઈ હતી. ધીરે ધીરે મોટી થતી હતી અને બાજુમાં બીજી નાની ગાંઠ પણ થઈ.

એલોપેથીમાં સર્જનને બતાવતા તેમણે સર્જરી કરાવવાનું કહેલ પરંતુ અમે સર્જરી નહીં કરાવતા અમે આયુર્વેદિક સારવાર કરાવવાનું નક્કી કર્યું અને અત્રે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટરમાં ડૉ. ગાર્ગીબેન વસાવડાને બતાવતા એમણે તપાસીને રીપોર્ટ કરાવતા, કેન્સરની ગાંઠ નથી તેવું તારણ નીકળ્યું. રફ્ડ્રફ તેલ અને મલમ (લેપ) દવા આપેલ. તેનાથી એક જ મહિનામાં ગાંઠ પોચી પડી ગઈ અને કદ પણ નાનું થઈ ગયું અને ગાંઠમાંથી ખરાબો નીકળી ગયો અને હવે ડ્રેસીંગ કરાવતા રહીએ છીએ અને મને ઘણો જ ફાયદો છે. મને ઘણી જ સંતોષકારક રીતે ટ્રીટ કરે છે.

*સમાજના એક સભ્ય*

★

જય ભારત સાથે જણાવતા આનંદ થાય છે કે મેં છેલ્લા ૪૫ દિવસથી સારવાર લીધી છે. મને બેક પેઇન (પીઠ અને કમરમાં દુઃખાવો) તેમજ અનિદ્રાની ખૂબ જ તકલીફ હતી. ડૉ. ગાર્ગીબેન વસાવડાની આયુર્વેદિક સારવારથી મને ખૂબ જ રાહત થઈ છે. તેમજ મને ફક્ત ૩ કલાક જ ઊંઘ આવતી હતી, તે હવે હું પાંચ કલાક સુધી ઊંઘ લઈ શકું છું અને રાહત અનુભવું છે.

અત્યારે પંચકર્મમાં શિરોધારા અને મસાજની ટ્રીટમેન્ટ ચાલુ છે. ડૉ. ગાર્ગીબેન વસાવડા અને એમની ટીમનો ખૂબ ખૂબ આભાર.

*કિશોર ઠક્કર - અમદાવાદ*
*મો. ૯૯૨૫૧ ૪૮૨૭૨*

★

'મંગલ મંદિર'માં કચ્છી ભાષાને બંધારણીય આર્ટીકલ્સ મુજબ જ માન્યતા મળી શકે. એ માટે આપશ્રીએ સને ૨૦૨૧માં જે ગુજરાત સરકારશ્રીમાં દરખાસ્ત કરી છે, એ યોગ્ય કાર્યવાહી બદલ આભાર.

હવે બહાર માત્ર વાતો કરવા કરતાં જે દરખાસ્ત છે, તે ગુજરકાત સરકારશ્રી રાષ્ટ્રપતિજીને મોકલાય એ બાબતે જ ઘટીત

કાર્યવાહી કરવાની રહે છે. એ સિવાય સ્વપ્નાનાં મહેલ ચણવા બરાબર કહેવાય.

મહેન્દ્રભાઈ, આપનો આભાર અને ધન્યવાદ.

*– કાનજી મહેશ્વરી*

★

Received with thanks "MANGAL MANDIR." The August issue is full of information. Your hard work and commitment to the literature can be deeply visualised in the issue. Especially I could touch your feelings towards our mother tongue KUTCHI language. Your sincere efforts might get fruitful results to establish and recommend KUTCHI language by the Government. Late reply is regretted... MICHHAMI DUKADDAM on the occasion of Divya PARYUSHAN PARVA.

***Dr. Dinesh Joshi***

★

'મંગલ મંદિર'માં પ્રકાશિત થયેલો લેખ જોયો. ખૂબ આનંદ સાથે તમારો આભાર. ખૂબ આભાર.

*– પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઇ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છી જૈન સંત નરેશમુનિ 'આનંદ' મ.સા. લિખિત 'આહાર સંહિતા' હિંદી પુસ્તકનું ભુજમાં વિમોચન કરાયું

હૈદ્રાબાદ મુકામે ચાતુર્માસ ગાળતા આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના ભોજાય (તા. માંડવી) કચ્છના જૈન મુનિ અને વ્યસન મુક્તિ અભિયાનના પ્રણેતા પ.પૂ.શ્રી નરેશમુનિ 'આનંદ' મ.સા. આલેખિત અને સંકલિત હિંદી પુસ્તક "આહાર સંહિતા" જેના અનુવાદ સહિતનું સંપાદન કાર્ય કચ્છી ભાષાના જાણીતા વિદ્વાન સાહિત્યકાર જયંતીભાઈ જોશી 'શબાબ'એ કરેલ છે, તેનું વિમોચન તા. ૭-૮-૨૦૨૨ને રવિવારના રોજ રોટરી હોલ - ભુજ મધ્યે ભવ્યાતિભવ્ય રીતે કરાયું હતું.

જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદેએ દીપ પ્રગટાવીને કાર્યક્રમને ખૂલ્લો મૂકતાં રાષ્ટ્રીય સ્તર સુધી વ્યસન મુક્તિ અભિયાન ચલાવનારા જૈન સંત પ.પૂ. નરેશમુનિ 'આનંદ' મ.સા.ની વ્યસન મુક્તિની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

કાર્યક્રમના પ્રમુખ સ્થાનેથી સંસ્થાના પ્રમુખ ડૉ. દિનેશભાઈ જોષીએ સ્વાગત પ્રવચન કરેલ હતું.

પુસ્તકના અનુવાદ સહિતનું સંપાદન કાર્ય સાહિત્યકાર શ્રી જયંતીભાઈ જોશી 'શબાબે' કરેલ છે. તેમણે પુસ્તકનું રસ દર્શન કરાવતા જણાવેલ કે 'આહાર સંહિતા' પુસ્તક માટે પૂ. નરેશમુનિ મહારાજ સાહેબે અનેક પૌરાણિક સંદર્ભગ્રંથોનો અભ્યાસ કરેલ છે અને તેના અભ્યાસના આધારે આ પુસ્તકની રચના કરેલ છે. ભાષાંતર કરેલ છે. આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. કાંતિભાઈ ગોર 'કારણ' એ લખી છે. જેમાં તેમણે આહાર માટેના નિયમો આરોગ્ય શાસ્ત્રે નક્કી કર્યા હોવાનું જણાવી, આહાર-વિહારના વિચારોને જીવનમાં અપનાવવા પર ભાર મૂકેલ હતો.

આ પ્રસંગે ભુજની માનવ જ્યોત સંસ્થાના સેવાભાવી પ્રમુખશ્રી પ્રબોધભાઈ મુનવરનું જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદેના હસ્તે સાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. શ્રી પ્રબોધભાઈ મુનવરે પણ નરેશમુનિ મ.સા.ની વ્યસનમુક્તિની પ્રવૃત્તિને બિરદાવી હતી.

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક કામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.

જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ જે રીતે માઈકલ એન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક-કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતા કહે, "અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરી શકે છે."

*– માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર*

# પર્યુષણ પર્વ તમને પૂછે છે



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

પર્યુષણ એ માત્ર પર્વ નથી, પરંતુ પર્વાધિરાજ છે. પર્યુષણનો અર્થ છે 'સમસ્ત પ્રકારે વસવું.' એટલે કે આ પર્વ સમયે સાધુજનો ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે સ્થિર વાસ કરીને ધર્મની આરાધના કરતા હોય છે. પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે 'આત્માની સમીપ વસવું.' આત્મવિજય માટે આત્મઓળખ અનિવાર્ય છે. એ આત્મતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ અને એ નિવૃત્તિમાં આત્મવિશ્લેષણની આંતરપ્રવૃત્તિ જોઈએ.

આત્માની સમીપ રહેવું એટલે શું? અનંતકાળથી આત્મા મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને અજ્ઞાનમાં જ વસતો આવ્યો છે. પોતાના સ્વ-ભાવને ભૂલીને વિભાવને જ નિજ સ્વરૂપ માની બેઠો છે, પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ, કંકાસ અને કલેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળ તરફ આંધળી દોટ લગાવી રહ્યો છે.

આવા માનવીને પર્યુષણ પર્વ પૂછે છે કે આ પર્વ સમયે વિચાર કર કે તું કોણ છે? તેં શું મેળવ્યું છે? અને શું પામવાનું તારું લક્ષ્ય છે? દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુએ ત્યારે જીવનનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. એ માનવીને ભૌતિક સમૃદ્ધિની મૂર્છામાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે. અજ્ઞાનમાંથી સમ્યક્ જ્ઞાન તરફ, સ્વહિતને બદલે પરહિત તરફ અને વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં લઇ જનારું પર્વ છે.

જૈન ધર્મના સર્વપ્રથમ આગમ શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે, 'જે રીતે કેરીના હૃદયમાં છુપાયેલી ગોટલીમાં એક વિશાળ આંબાનું વૃક્ષ છૂપાયું છે, તે રીતે હે માનવ! તારી કાયામાં પરમાત્મા વસેલો છે, એને તું શોધી લે.'

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ વ્યક્તિના જીવનમાં સદાકાળ જન્મોજન્મ સુધી રહેનારી ઊર્ધ્વ ભાવનાઓની ખુશ્બુભરી વસંત સર્જે છે. ભગવાન મહાવીરે પાયાનો વિચાર કર્યો કે, માનવી આટલો બધો લાચાર, હતાશ અને નિરાશ કેમ છે? એમણે જોયું કે માનવી એ બહારનાં પરિબળોને કારણે નહીં પરંતુ પોતાના કારણે જ હારેલો છે. એની તૃષ્ણા, લાલસા અને મિથ્યાત્વને પરિણામે પરાજિત છે. આ પરાજયને વિજયમાં પલટાવવા માટે ભગવાન મહાવીરે સંયમ, અહિંસા અને મૈત્રીનો માર્ગ બતાવ્યો. સતત જીવનશુદ્ધિ કરવાનો સંદેશ આપ્યો અને તેથી પર્યુષણ પર્વ એ કોઈ લાભ કે ભોગનું પર્વ નથી, કિંતુ ત્યાગ અને સત્ત્વનું લોકોત્તર પર્વ છે.

લૌકિક પર્વોથી માનવીના શરીરનું પોષણ થાય છે. જ્યારે પર્યુષણ પર્વથી માનવીના મનનું પોષણ થાય છે. તપ, જપ, મૈત્રી અને ક્ષમા દ્વારા એ પોતાની ભીતરની ચેતનામય જ્યોતિ સુધી પહોંચે છે. અનંતકાળથી જે આત્મા મિથ્યાત્વ, કષાય, મોહ અને અજ્ઞાનમાં વસતો રહ્યો છે. માનવીને એનું જીવન કેવું છે અને એનો આત્મા ક્યાં છે એની પણ જાણ નથી. આવે સમયે પર્યુષણ પર્વ એ માનવીને આત્મરત્, આત્મસંલગ્ન અને આત્મપ્રિય બનાવતું પર્વ છે.

આ પર્વ એ અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, વિભાવમાંથી સ્વભાવ તરફ, વેરમાંથી મૈત્રી તરફ, પીડામાંથી પ્રેમ તરફ અને સ્વહિતમાંથી પરહિત પ્રત્યે લઇ જનારી સાધના પ્રક્રિયા છે. પર્યુષણની આરાધનાને પરિણામે માનવી એની જીવનશુદ્ધિના એક પછી એક સોપાન ચડતો જાય છે અને હૃદયશુદ્ધિ, ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ દ્વારા એ આંતરખોજ કરતો હોય છે.

માનવી ચંદ્રની ધરતી પર ઊતર્યો કે મંગળના ગ્રહનો વિચાર કરવા લાગ્યો. પરંતુ આત્માની ધરતી હજી એને અજાણી છે. એની ઇંદ્રિયો એની આસપાસ મોહ અને આકર્ષણનાં કિલ્લા રચી દે છે. સ્વાદેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય એને સતત ભોજન અને કામનાના સુખ તરફ દોડાવે છે.

આવે સમયે પર્વાધિરાજ પર્યુષણ પર્વ વ્યક્તિને બહારની દુનિયાના આનંદને બદલે ભીતરની પ્રસન્નતા જાણવાનો અને જગાડવાનો આદેશ આપે છે. પર્યુષણ પર્વ એટલે આત્માની દિવાળી. જેમ દિવાળીએ વ્યક્તિ પોતાના વેપારના નફા-તોટાનો વિચાર કરે એ રીતે પર્યુષણ પર્વ દરમિયાન એ પોતાના આત્માને ત્રણ પ્રશ્ન પૂછે છે. એનો પહેલો પ્રશ્ન એ છે કે હું કોણ છું? એનો અર્થ નથી કે એનો બાયોડેટા પૂછે છે. પરંતુ એનો મર્મ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૨ ઉપર)

# સાધર્મિક વાત્સલ્ય



તત્ત્વચિંતક
**પ્રો. નૌતમભાઈ વકીલ**

લોકજીભે 'સ્વામિવાત્સલ્ય' શબ્દ બોલાય છે. નવકારશી, સંઘ જમણ, પારણા, અન્ય સમૂહ જમણ – આ બધા સાધર્મિક વાત્સલ્યના અંગો છે.

- **સાધર્મિક વાત્સલ્ય એટલે શું?**

જૈન ધર્મ આરાધના પુણ્યાત્માઓ સાધર્મિક કહેવાય. ભલે જન્મથી જૈન ન પણ હોય પણ જૈન ધર્મની આરાધના કરતા (જીવો) પુણ્યાત્માઓ સાધર્મિક કહેવાય. તેમની ભક્તિ, એ સાધર્મિક વાત્સલ્ય કહેવાય. ભક્તિ શબ્દમાં જમણ કરાવો, ભેટસોગાદ આપો, સાધર્મિકને જરૂરી કોઈપણ વસ્તુ આપો (માનથી) (સન્માનથી) તેને ભક્તિ કહેવાય. સાધર્મિક એટલે મારા પ્રભુનો ભક્ત. જૈન શાસનની પરંપરાને ધપાવનારો પુણ્યાત્મા, સગા ભાઈથી પણ અધિક સંબંધી થયો.

જેણે દીન દુઃખીયાનો ઉધ્ધાર ન કર્યો, સાધર્મિકનું વાત્સલ્ય ન કર્યું, વિતરાગ પરમાત્માને હૃદયમાં ધારણ ન કર્યો, તે ખરેખર જન્મ હારી ગયો કહેવાય. વાસ્તવમાં સાધર્મિકની ભક્તિ એ રોજનું કર્તવ્ય છે.

ભગવતી સૂત્રમાં ભગવાને કહ્યું છે કે, હે ગોયમ, સર્વ જીવોને, સર્વ જીવો સાથે સર્વ પ્રકારે સંબંધો થયા છે, પણ સાધર્મિકનો સંબંધ મહાન પુણ્ય માટે થાય છે અને એમની સેવા (સાધર્મિકની સેવા) મહા ફળદાયી છે.

જિન શાસનમાં શક્તિ ઉપરવટ જઈ કોઈ ધર્મ કરવાનો નથી, સાથે શક્તિ ગોપવવાની પણ નથી. તમારા હૈયામાં ધર્મ પ્રત્યે બહુમાન છે, તો સાધર્મિકની ભક્તિ પણ ગમશે જ. સુંદર રીતે થતું સાધર્મિક વાત્સલ્ય શાસન પ્રભાવનાનું કારણ બને છે. લઘુકર્મી જીવો આવું જોઈ શાસનની અનુમોદના કરે છે.

શાસ્ત્ર કહે છે કે ત્રાજવાના એક પલ્લામાં સર્વધર્મ મૂકો અને બીજા પલ્લામાં સાધર્મિકની સેવા મૂકો, તો સાધર્મિક વાત્સલ્યનું પલ્લુ નમે છે.

સમૂહ ભોજન, એ સાધર્મિક વાત્સલ્યનું અંગ છે. એક વ્યવહાર છે. વાસ્તવમાં સાધર્મિકના સહચારથી સામાના ગુણો આપણામાં આવે છે. સમૂહ ભોજનમાં અનેક પ્રકારના આત્મા ભેગા થાય છે. કોઈ તપસ્વી હોય, કોઈ જ્ઞાની હોય, કોઈ દાતાર હોય, કોઈ વૈયાવચ્ચી હોય, આપણામાં જે ગુણ ન હોય, પણ સામાને પ્રમોદભાવથી મળો તો આપણામાં પણ તે ગુણ આવે છે.

કોઈ સાધર્મિકનું દેવું ભરપાઈ કરી આપવું તે પણ સાધર્મિક વાત્સલ્ય છે. સાધર્મિક સંઘ જમણથી એક બીજા પરસ્પર મળે છે, પ્રેમ વૃદ્ધિ થાય છે, જીવનમાંય સંઘર્ષો ઘટે છે, સંવાદિતા વધે છે. આમ જીવન નિર્દોષ પ્રેમથી લીલુંછમ વૃક્ષ બને છે. પરોપકાર વૃત્તિ વધે છે. સાધર્મિક (સ્વામિ) વાત્સલ્ય એટલે એક દિવસનો ભોજન સમારંભ નહીં, પણ ગુણ પ્રમાદને ધારણ કરનારો ઉત્સવ બની જાય છે. સાગર જેવા ગંભીર, પુષ્પ જેવા કોમળ, સંયમ માટે કઠોર બનો. આમાં કૃતજ્ઞતા, સમભાવ, ઉદારતા અને નમ્ર ભાવનાના પ્રતીકરૂપે સાધર્મિકતાનું પર્વ એટલે સાધર્મિક વાત્સલ્ય.

સાધર્મિક વાત્સલ્ય બે પ્રકારના છે : (૧) દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય : અહિયા ખાન-પાન, કપડાં, અલંકાર વગેરે સત્કારપૂર્વક આપવા. (૨) ભાવ સાધર્મિક વાત્સલ્ય : જો કોઈ શ્રાવક ધર્મકાર્ય ભૂલી જવા પામેલ હોય તો તેને યાદ કરાવવું એ 'સારણા.' શ્રાવક યોગ્ય આચારોમાં શિથિલ થયેલાને રોકવા તે 'વારણા.' અનાચારથી રોકવાની પ્રેરણા કરવી તે 'ચોયણા' અને વારંવાર ભૂલ - પ્રમાદ કરે એને ઠપકો આપી, કડક રીતે પાલન કરાવવું તે 'પડિચોયણા.' આમ, આવી રીતે સાધર્મિકને ભાવવાત્સલ્ય પણ કરાય છે.

નિર્યામણા કરાવવા એ પણ સાધર્મિક વાત્સલ્ય જ છે.

જૈન શાસનની જાહોજલાલી સાધર્મિક વાત્સલ્યને આભારી છે. મોક્ષમાર્ગની સાધનામાં સાધર્મિક વાત્સલ્યને "કલ્યાણમિત્ર" જેવો કોઈ સહાયક નથી. પૂરો ધર્મ નહીં પામેલા ધર્મ પામે, ધર્મમાં ઢીલા હોય તે મજબૂત થાય અને નવા જીવો ધર્મ આરાધનામાં જોડાય – આ પણ સાધર્મિક વાત્સલ્યનો હેતું છે.

પુણીયા શ્રાવકની સાધર્મિક ભક્તિની તાલાવેલી અજબ ગજબની હતી. પ્રભુ મહાવીરની દેશનામાં પુણીયા શ્રાવકે સાંભળ્યું કે સાધર્મિક ભક્તિ તો કરવી જ જોઈએ. પુણીયો અને તેની પત્ની એક સમય જમે (એકાસણું) અને તેટલું જ કમાતા

હતા. બીજો કોઈ ઘરમાં પરિગ્રહ હતો નહીં. હવે સાધર્મિકને બોલાવી જમાડવા કેવી રીતે? સાધર્મિકને જમાડવા માટે વધારે કમાણી કરવી ન હતી. તો પતિ-પત્ની બંનેએ એકાંતરે વારાફરતી ઉપવાસ કરી રોજ સાધર્મિકને બોલાવી માનથી જમાડવા બોલાવી લાવતા અને આમ રોજ સાધર્મિક ભક્તિનું કર્તવ્ય કરતા.

સાધર્મિક દયાપાત્ર નહીં, ભક્તિપાત્ર છે. પરમાત્માને કહીએ છીએ કે હું આપનો દાસ છું. પ્રભુના સેવક આપણા માથાના મુગટ છે. માટે ભક્તિનો ભાવ હોવો જોઇએ.

ઘણા લોકો સંઘ જમણવારોને ખોટા ખર્ચા જણાવે છે. ખરેખર આને ધર્મ પ્રત્યેની અરૂચિ ગણાય. પુત્રના લગ્નમાં અઢળક ખર્ચો કરાય અને સાધર્મિકના જમણવારમાં ખોટા ખર્ચા લાગે? આ વાસ્તવિક વાત નથી.

સમક્તિના આઠ આચારમાં પણ સાધર્મિક વાત્સલ્ય કહેલું છે. સમક્તિ એટલે સમ્યગ્ દર્શન. સમ્યગ્ દર્શન એ મોક્ષ માર્ગનું પ્રથમ પગથિયું છે. તેના આચારમાં પણ જણાવ્યું કે, "આઠમીના સગપણ સમું, અવર ન સગપણ કોય, ભક્તિ કરે સાહમ્મી તણી, સમક્તિ નિરમળ હોય."

કદાચ નજરમાં કોઈ જૈન ધર્મી દુઃખી જણાય તો હૈયુ દ્રવી જવું જોઈએ અને હાથ ઉદાર થવા જોઈએ.

ભરત ચક્રવર્તી હજારો સાધર્મિકોની ખેતી, વ્યપાર વગેરે આરંભના (હિંસા થતાં) સર્વ કાર્યો બંધ કરાવીને પોતાને ત્યાં કાયમ જમાડતા અને કહેતા કે મને જગાડતા રહેજો. આ પણ સાધર્મિક વાત્સલ્ય હતું.

દંડવીર્ય રાજાએ પણ સાધર્મિકોની ઘણી ભક્તિ કરી હતી.

કુમારપાળ મહારાજાએ સાધર્મિક વાત્સલ્ય માટે દર વર્ષે બોંત્તેર લાખનો કર લેવાનું બંધ કર્યું. ઉપરાંત દર વર્ષે ૧ કરોડ સોનામહોરો સાધર્મિકો માટે વાપરતા હતા.

શાંતનુ અને ઉજમદાસ શેઠની વાત પણ જાણવા જેવી છે. ભગવાન મહાવીરના વખતની વાત છે. શાંતનું ખૂબ જ ધનાઢ્ય હતો પરંતુ કર્મ રૂઠ્યા અને સંપત્તિ બધી જ ગુમાવી. વાસણો, અલંકારો, પતિ વેચ્યા. હવે ખાવાના સાંસા પડે છે છતાં રોજ પૂજા, સામાયિક, પ્રતિક્રમણ બધુ જ કરે છે. હવે મુશ્કેલીમાં એને ખરાબ વિચાર આવ્યો. પ્રતિક્રમણ કરવા સંઘમાં, જિનદાસ શેઠની બાજુમાં બેઠો. પ્રતિક્રમણ પૂરું થયું એટલે સામાયિક જલ્દી જલ્દી પારી, જિનદાસ શેઠે પોતાનો હાર નીચે મૂકી અને પ્રતિક્રમણ કરતા હતા,તે હાર શાંતનુએ ચોરી, પોતાની કટાસણાની થેલીમાં મૂક્યો. જિનદાસ શેઠે કપડા પહેરતી વખતે જોયું કે હાર ચોરાઈ ગયો. શાંતનુ સાથે બેઠા હતા, તે જ ચોરી ગયો હોવો જોઈએ. પરંતુ જિનદાસ શેઠ કશું બોલ્યા નહીં, કોઈ ઉહાપોહ કર્યો નહીં. બીજા દિવસે જિનદાસ શેઠને ત્યાં જ શાંતનુ એ જ હાર ગીરવે મૂકવા આવ્યો. છતાં જિનદાસ શેઠ ચૂપ રહ્યા અને તેને જોઈતા પૈસા આપી દીધા. જિનદાસ શેઠ વિચારે છે કે ખરો ગુનેગાર તો હું છું. તમારી આવી આર્થિક સંકડામણમાં પણ હું તમારું ધ્યાન ન રાખી શક્યો.

હવે બંનેની આંખમાં આંસુ આવ્યા. આ છે, પરમાત્માનું શાસન અને આવી છે સાધર્મિક ભક્તિ.

આવી જ રીતે જગડુશા, ઉદયન રાજા, મોતીશા શેઠ, ઝાંઝણ શેઠ, મંત્રીવર પેથડના પણ આવા જ સાધર્મિક વાત્સલ્યના દાખલા છે. ધન્ય છે, જિન શાસનને, જેણે સાધર્મિક વાત્સલ્ય ઉપર ઘણું જ મહત્ત્વ આપ્યું છે. ■

## પર્યુષણ પર્વ તમને પૂછે છે

**(અનુસંધાન : પાના નં. – ૧૦ ઉપરથી ચાલુ)**


એ છે કે એણે પોતાનું સ્વરૂપ કેટલું જાણ્યું છે. એનો બીજો પ્રશ્ન છે કે મેં શું મેળવ્યું છે? અર્થાત્ જીવનમાં મર્ત્ય અને અમર્ત્ય અથવા તો ક્ષણભંગુર અને શાશ્વત એવી બે બાબત છે એમાંથી મેં એવી કઈ અમર્ત્ય બાબત મેળવી છે કે જો હું આ ધરતી પર જીવતો ન હોઉં તો પણ જીવતી હોય! અને ત્રીજો પ્રશ્ન એ છે કે મેં મારા જીવનમાં શું મેળવ્યું છે? ધન, સંપત્તિ, પરિવારજનો તો સ્થાયી હોતા નથી પરંતુ મેં કશુંક એવું સાધનાથી મેળવ્યું છે કે જે સદાકાળ મારા આત્મામાં સંચિત રહે.

આ રીતે વ્યક્તિની ભીતરમાં બિરાજમાન આત્મદેવતાની આરાધનાનો આ અવસર છે અને તેથી જ ઈન્દ્રિયોને જીતનારા જિનને પૂજનારા તે જૈન કહેવાય. જૈન ધર્મ એ કોઈ કુળ કે જાતિનો ધર્મ નથી. પરંતુ અંતરની તાકાત કેળવવાનો સાધનાપથ દર્શાવનારો અને આત્માને ઓળખવાનો સતત યત્ન કરતો ધર્મ છે. કર્મ-કષાયોને જીતે તે જૈન. આજે બહારની દુનિયામાં દોડવાનું નથી, પરંતુ કષાયમુક્તિ મેળવવાની છે. કષ – એટલે સંસાર અને આય – એટલે વૃદ્ધિ. કષાયના કિલ્લાના કેદ વ્યક્તિ જન્મ-મરણની પરંપરા વધારે છે. ત્યારે પર્યુષણ પર્વ એને કહે છે, 'તારા જૈનત્વને જગાડીને જન્મ-મરણની પરંપરા વધારનારા કષાયના કિલ્લાની કેદમાંથી મુક્ત બન.'

તો કરીશું શું? જૈન ધર્મના આગમ 'શ્રી દશવૈકાલિક સૂત્ર'ને યાદ કરીએ. એના આઠમા અધ્યાયમાં કહ્યું છે, 'ઉપશમથી ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવ દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.'

પર્વાધિરાજ પર્યુષણમાં આત્મજાગૃતિ, આત્મઓળખ અને આત્મઆનંદ સાથે ક્ષમાયાચના કરીએ. ■

# જીવનની સફળતા - સાર્થકતા અને સિદ્ધિ શેમાં છે? – કેવી રીતે મેળવાય?



કાનજી મહેશ્વરી

*શ્રી કાનજીભાઈ મહેશ્વરીની સાહિત્યકાર - સમાજ સુધારક તરીકેની ઓળખ અધૂરી ગણાય. શ્રી કાનજીભાઈ જૈન ધર્મના ઉપાસક અને અભ્યાસુ છે અને જૈન ફિલોસોફીના વ્યાખ્યાન માટે દેશની જુદી જુદી સંસ્થાઓ તેમને વ્યાખ્યાન માટે આમંત્રિત કરે છે. હાલમાં શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ તથા ચામરાજ પેટ જૈન સંઘ - બેંગ્લોરે તેમના શોધ નિબંધ આનંદ દામજી સ્તવન અંતર્ગત આત્મ વિકાસની ભૂમિકાને પ્રથમ કક્ષાના નિબંધ માટે પારિતોષિકથી સન્માનિત કરેલ છે. આ ઉપરાંત જૈન સાહિત્ય ક્ષેત્રે સિધ્ધિ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમજ પ્રાણગુરૂ જૈન સેન્ટર સન્માન ચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવેલ છે.*

- **મનુષ્ય જીવન :**

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. પ્રત્યેક કાર્યના પ્રારંભે તે પોતાની શક્તિનો ઉપયોગ સારાસાર વિવેક કરી શકે છે. મનુષ્યમાં જે સ્વાભાવિક શક્તિ છે, તે વિચાર શક્તિને દર્શન કહે છે. અતઃ આ સંસાર નિત્ય છે? કે અનિત્ય? આત્માનું સ્વરૂપ શું છે? વગેરે પ્રશ્નોનું યથાર્થ ઉત્તર દર્શન શાસ્ત્ર છે. મનુષ્યભવનો મુખ્ય લક્ષ્ય જન્મ-મરણના પરિભ્રમણમાંથી છૂટકો મોક્ષપ્રાપ્તિ છે. આત્મા અનંતકાળથી દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી વગેરે ચાર ગતિની ચોર્યાસી લાખ યોનિમાં ભવભ્રમણ કરીને, સુખ દુ:ખનો સતત અનુભવ કરીને પુણ્યાદિ કર્મો થકી મનુષ્યભવ જેવી અમૂલ્ય ગતિ પ્રાપ્ત થઇ છે. મનુષ્યભવમાં જ સારાસાર-વિવેકાદી ગુણોનો વિકાસ થાય છે. હકીકતે ભવભ્રમણ ઉપર પૂર્ણ વિરામ મૂકવા માટેનું એકમાત્ર સાધન મનુષ્યભવ છે. મનુષ્યભવમાં જ્ઞાન-દર્શનાદિ આત્મગુણોનો વિકાસ થાય છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની પાંચે અવસ્થાનાં અગણિત દુ:ખોનો અનુભવ કરીને 'ક્રમિક વિકાસ'ની પ્રક્રિયાઓમાંથી પસાર થતાં થતાં ધીરે ધીરે અગણિત પુણ્યોનો સંચય થતાં મનુષ્યભવમાં આવી શકાય છે. નિગોદમાંથી બહાર આવવાનું એકમાત્ર કારણ જીવની ભવિતવ્યતા છે. ભવચક્રમાંથી છૂટવાનું જે સાધન છે – તે છે મનુષ્યભવ. એટલે જે મનુષ્યભવ સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ, અણમોલ, મૂલ્યવાન વગેરે વિશેષણોથી બિરદાવવામાં આવે છે.

વિકૃતિઓના ઘોડાપુરમાં તણાતા, અજ્ઞાન-અંધકારમાં અથડાતા તથા મિથ્યાભ્રમણામાં મુંઝાતા માનવને સંસ્કારોની સુરમ્ય ફેલાવનાર પ્રાર્થના, અનાસક્તિભાવ, નિર્લોભતા, સદાચાર, સંયમ વગેરે નિયમો જીવન સફળતા અને સાર્થકતામાં મુખ્ય પ્રેરણાસ્રોત છે. ધર્મગ્રંથો, સાધુ ભગવંતો, સંતો માનવીય જીવનની ઉત્ક્રાંતિ માટે છે. અપક્રાંતિ, વિરાધના, પશુતા વગેરેથી બચાવનાર, ધર્મસત્તા સ્થાપનાર છે.

- **જીવનની સફળતા :**

માનવ ચાહે તો મનુષ્યભવમાં ઘણું કલ્યાણકારી સારું તત્ત્વ પ્રાપ્ત કરી શકે છે. ઘણી ઉપલબ્ધિઓ અર્જિત કરી શકે છે.

*જીવતાં જો આવડે તો જાહોજલાલી જિંદગી,*
*જીવતાં જો ન આવડે તો, પાયમાલી જિંદગી.*

મનુષ્યભવમાં જેઓએ જીવનનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે, જીવનને સહજતાતી સમજી - સ્વીકાર્યું છે - તેઓનું જીવન લોકોત્તર મંગલમય છે.

*યસ્ય દૃષ્ટિઃ કૃપા વૃષ્ટિઃ ગિરઃ શમસુધાકિરઃ ।*
*તસ્મૈ નમઃ શુભ જ્ઞાનધ્યાનમગ્નાય યોગિનેઃ ॥*

– ***જ્ઞાનસાર***

જીવનને ઉચ્ચ મંગલમય અને પ્રશસ્ત બનાવવા મનુષ્યભવ મળ્યો છે. મનુષ્ય જીવન એક પ્રશિક્ષણ છે - ટ્રેનિંગ છે, અભ્યાસ કેન્દ્ર છે. સંપૂર્ણ સફળતા એટલે જીવનના પ્રારંભે, જીવનના મધ્યભાગમાં અને જીવનના અંતિમ પડાવમાં નિષ્કામતા, સંતોષ અને સુખમય શાંતિ સાથે 'સ્વત્વ'ની અનુભૂતિએ જીવનમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરવાનો ધોરી માર્ગ છે. આ ધોરીમાર્ગ પર આત્મિક ગુણોનાં વિકાસને સથવારે સફળ થવા પુરુષાર્થ અનિવાર્ય છે.

- **સફળતાના ઉદ્દેશો :**

૧. જીવનમાં માનવીય મૂલ્યો ઇચ્છીએ, તે મેળવતા રહીએ.
૨. તે મૂલ્યોને માણતા રહીએ.
૩. જે મૂલ્યો મેળવતાં - માણતા રહીએ છીએ – તે અન્યને

આપતા રહીએ. જીવનમાં શીલ, સમાધિને પ્રજ્ઞાને પ્રાધાન્યતા આપતા રહીએ. શીલ, સમાધિ અને પ્રજ્ઞાના સમન્વયથી જ 'સકારાત્મક વ્યક્તિત્વ'ની પ્રાપ્તિ થઈ શકે છે. સકારાત્મક વ્યક્તિત્વ એ જીવન સફળતાની ચાવી છે. સકારાત્મક વ્યક્તિત્વ એટલે ધૃણા, ધિક્કાર, અવગણના, અપમાન, બહિષ્કાર, સંકટ વગેરે સામે સંઘર્ષ - ટક્કર લેનાર માણસો.

આવા માણસો ક્યારેય અવરોધો, અડચણો, મુશ્કેલીઓ સામે નાસીપાસ થઇ હાર ન સ્વીકારવાની, માનસિકતાવાળા વ્યક્તિઓ, સકારાત્મક વ્યક્તિ હંમેશાં નિયમ, નૈતિકતા, નિયમિતતા, નિષ્ઠા, પ્રેમ, કરુણા - પ્રેરણા, પ્રોત્સાહન, જીજ્ઞાસા અને હૂંફ વગેરેમાં માને છે. સકારાત્મક વ્યક્તિ વિકટ પરિસ્થિતિમાં પણ બેચેન, હતાશ, નિરાશ થતો નથી. સકારાત્મક વ્યક્તિનાં જીવનમાં સફળતાથી એક ધૂન સવાર થઇ જાય છે. આવી વ્યક્તિ ધારે તે પ્રાપ્ત કરી શકે છે. આવા માણસનાં જીવનમાં સંતોષનો ભાવ સર્જાય છે. ડૉ. બી.એસ. સિંઘલ અંગ્રેજી પુસ્તકના અનુવાદમાં બારડોલીનાં સર્જન ડૉ. અમૃત પટેલ - 'સ્નેહ, સારવાર અને ચમત્કાર'માં નોંધે છે કે, 'જ્યારે પ્રેમ, કરુણા અને સકારાત્મક મનની શક્તિનું સંયોજન થાય છે ત્યારે સાજા (સ્વસ્થ) થવાની પ્રક્રિયામાં ચમત્કારો આકાર પામે છે.'

***સકારાત્મક વ્યક્તિત્વનું આદર્શ - ઉમદા ઉદાહરણ છે :***

ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકર. એમનો જન્મ કહેવાતી નિમ્ન જાતિનાં પરિવારમાં થયો હતો. બાળપણથી વિકટ અને વિપરીત પરિસ્થિતિ અને વિપરીત માનસિક અવસ્થામાં પણ માત્ર ૨૨ વર્ષની વયે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં ભારતના પ્રથમ નાગરિકે Ph.D. પદવી પ્રાપ્ત કરી છે.

જીવન સફળતાની ચાવી કે, આધારશિલા - સંસ્કાર, સદાચાર, પ્રેમ, પ્રામાણિકતા, પરોપકાર જેવા માનવીય મૂલ્યોને સથવારે પ્રયાસ - પુરુષાર્થ છે. જીવનમાં સાત્ત્વિક ઇચ્છીએ, તે મેળવીએ અને મેળવતા રહીએ; તે અન્યને આપતા રહીએ, સફળતાના માર્ગમાં વ્યક્તિનું જીવન શીલવાન, પ્રજ્ઞાવાન, પરોપકારી હોવું અનિવાર્ય છે. જીવનના સકારાત્મક પથને આત્મગુણો દ્વારા સાકાર કરી શકાય તેને પ્રજ્ઞા કહી શકાય છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો સમન્વય થાય ત્યારે મનુષ્ય સકારાત્મક વ્યક્તિત્વનો માલીક બને છે. એ જીવનમાં સફળતા મેળવે છે. સંપૂર્ણ સફળતાના સાચા માર્ગે ચાલવા, ચારિત્રમાં સમ્યક્ત્વ દૃષ્ટિ અનિવાર્ય છે. મનુષ્યને આંખો તો છે, પરંતુ દૃષ્ટિ ક્યાં છે? જેને પોતાનું ભવ્ય ભવિષ્ય દેખાતું હોય? 'અપ્પો દીપો ભવઃ' — તમે તમારા દૃષ્ટા બનો! પંડિત સુખલાલજી સૂરદાસ હતાં — છતાંય મહાન દૃષ્ટિમાન પ્રસિધ્ધ થયા છે. હેલન કેલર અંધ, બહેરી-મૂંગી હતી — પણ તેમની સક્રિયતાને લીધે વિશ્વમાં અજાયબી ગણાય છે અને અમેરિકન ઇતિહાસકાર વિલિયમ પ્રસ્કોટ ખુદ સૂરદાસ હતા, છતાંય વિશ્વમાં સૂક્ષ્મ કે અદશ્ય જોવાની - વાંચવાની શક્તિ ધરાવે છે. જે અપાર અને અનંત શક્તિ ધરાવતું મનુષ્યનું મનચિત્ર દ્વારા અત્યંત પ્રભાવિત થયા છે. દૃષ્ટિ, એ મનુષ્યનું સામર્થ્ય છે. તેનો ઉપયોગ યથાર્થપણે થવો જોઈએ. જીવનમાં શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ મનની સાથે પ્રામાણિક ધન-સંપત્તિની પણ વ્યવહારમાં સંસારી લોકો માટે અનિવાર્ય છે. પ્રામાણિકતાથી કમાયેલું ધન, નિઃસ્વાર્થભાવે જરૂરિયાતવાળાને આપતા રહીએ એ પણ ગુણ છે. જમીનમાં વાવેતર થયેલ એક કણમાંથી અનેક કણોનો જથ્થો પરત મળે છે. આ પ્રકૃતિનો અફર અને અતૂટ નિયમ છે. પ્રામાણિકતાથી કમાયેલા ધનમાંથી પણ પરોપકાર અર્થે સદ્ઉપયોગ કરનાર વ્યક્તિ જ ધનવાન કહેવાય.

- **સુવિચાર :**

પ્રત્યેક વ્યક્તિના સકારાત્મક વિચારો જ તેનું કલ્પવૃક્ષ છે. વિચારો જ જીવનનું સર્જન કરે છે. નેગેટીવ વિચારોથી મુક્ત થઇ સકારાત્મક વિચારો સફળતાના માર્ગમાં સહાયક બને છે. વ્યક્તિમાં નૈતિકતા અને નીતિ હોવા જ જોઈએ. માનવીય મૂલ્યોનું આજીવન જતન કરવું જોઈએ. મુખ્યત્વે શીલ-ચારિત્ર એ જ માણપને માપવાનો સાચો માપદંડ છે. લોભ, લાલચ અને પ્રલોભનથી જે વ્યક્તિ અંજાતો નથી, તે વ્યક્તિ સાચો શીલવાન છે અને એવી વ્યક્તિ જ વિભૂતિ બની શકે છે.

- **સંઘર્ષ :**

સંસારમાં મહાન બનનાર વ્યક્તિને સંઘર્ષે જ ઘડ્યો છે. સંઘર્ષ વિના ભવ્ય સફળતા શક્ય જ નથી. જીવનમાં પ્રતિકૂળતા, પડકાર, સંકટ અને સંઘર્ષ તો આવતા જ હોય છે. આપણા દેશની વિભૂતિઓનાં જીવનચરિત્રો વાંચીએ છીએ ત્યારે જાણી શકીએ છીએ કે, તેઓએ ભયંકર સંઘર્ષ કરીને સફળતાની ટોચ પર પહોંચ્યા છે. જન્મ લેનાર દરેક સામાન્ય બાળક જ હોય છે પણ જેણે પડકારોનો સામનો કર્યો તે સફળ થયા છે. સંઘર્ષપૂર્ણ જીવન આદર્શ જીવન છે અને આદર્શ જીવન હંમેશાં સત્ય અને સંઘર્ષને વરેલું હોય છે. 'સત્ય માટે ખુવાર થનાર જીતે છે.'

ગૃહસ્થી જીવનમાં માણસ તરીકેની ફરજ નિભાવવી, એ સફળતાનો માર્ગ છે. જે વ્યક્તિ પોતાની પારિવારિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય અને નૈતિક ફરજો નિષ્ઠાપૂર્વક બજાવે છે એ વ્યક્તિ ધાર્મિક કહી શકાય. આપણે જીવનના કોઈપણ તબક્કે હોઈએ, આપણું ઉત્તરદાયિત્વ અનન્યતાપૂર્વક પ્રામાણિકતાસહ અને પ્રતિબધ્ધતાપૂર્વક નિભાવવું જોઈએ. આધ્યાત્મિક રીતે વિચારીએ તો ઉત્તરદાયિત્વ જ મનુષ્યને અસાધારણ સિધ્ધિઓ તરફ દોરી જાય છે. જો આપણે સાચા અર્થમાં ધાર્મિક હોઈએ અને પ્રત્યેક કાર્યને પરતત્ત્વનો આદેશ

માનીને નિષ્ઠાપૂર્વક આચરણ કરીએ તો ચોક્કસ અણધારી સફળતા મળે છે.

સફળ થવાના પ્રયાસોમાં શારીરિક પ્રયાસો કરતાં સકારાત્મક માનસિક પ્રયત્નો ખૂબ જ અસરકારક હોય છે. મનોવૈજ્ઞાનિક તારણ મુજબ મનુષ્ય ચોવીસ કલાકમાંથી માત્ર દોઢેક કલાક વર્તમાનમાં હોય છે. પરિણામે નકારાત્મક માનસિક વિચારણાના પ્રયાસો કરતો માણસ હતાશ બને છે. દુઃખી, બીમારી, બેચેની, નિરાશાનો શિકાર બની મનુષ્યભવ હારી જાય છે. મનુષ્યની સકારાત્મક માનસિક વૈચારિક અવસ્થામાં એક એવી તો અદ્ભુત આકર્ષક શક્તિ છે જેનાથી વિશ્વભરના માનવ મસ્તિષ્કોનું સીધું જોડાણ થાય છે અને વિશ્વભરની વ્યક્તિઓ આ માનસિક વિચારશીલ - વ્યક્તિત્વને મદદ કરવા તત્પરતા દાખવે છે. પરિણામે અલ્પ પ્રયાસે અસાધારણ સિધ્ધિઓ (સફળતા)ને વરે છે.

મનુષ્ય જીવનમાં સ્વાર્થ, અહંકાર અને મમત્વ પ્રબળ હોય છે. આ સ્વાર્થ જ અન્ય અવગુણોને આમંત્રિત કરે છે. વર્તમાનમાં 'સેવા'ના ઢોલ પીટાતા હોય છે. પરંતુ ખરેખર તે સેવા નિઃસ્વાર્થ જણાઈ આવે તેવું દેખાતું જ નથી. સેવામાં સ્વાર્થ વિસર્જન થઈ જાય એટલે પોતાનું મમત્વ - અહમ્ પણ વિસર્જન થઈ જાય ત્યારે જ આત્મિયતાનો ભાવ જાગે છે. ત્યાગ વગર સેવાને બદલે વ્યવસાય જ કહીએ. સેવાનો અર્થ છે ચેતનાની જાગૃતિ. જેમાં પોતાનાં સુખ-સુવિધા અને પોતાના સ્વાર્થનું વિસર્જન થઈ જાય - બીજા માટે સમર્પિત થઇ જાય. પ્રાયશ્ચિત સાથે વિસર્જન જોડાયેલું છે. વિનયની સાથે વિસર્જન છે, સ્વાધ્યાયની સાથે વિસર્જન જોડાયેલું છે.

દરેક વ્યક્તિ સ્વાધ્યાય નથી કરી શકતી. પ્રત્યેક વ્યક્તિ આરામ ઇચ્છે છે. આરામ અને આળસ સ્વાધ્યાયમાં મોટી અડચણો છે. વ્યવહારીક જગતમાં વ્યક્તિનો મોટેભાગે વિશેષ રસ પ્રમાદમાં છે. ફક્ત વાતોમાં છે. આમ તેમની વાતોમાં જ આયુષ્ય ખપાવી નાખે છે. જ્યાં સુધી પ્રમાદ અને આળસનું વિસર્જન નથી થતું — નિંદા, ચાડી, ચુગલી પર પરિવાદનો ત્યાગ નથી થતો ત્યાં સુધી સ્વાધ્યાય નથી. જ્યારે આ તમામનો ત્યાગ થાય — વિસર્જન થાય ત્યારે જ સ્વાધ્યાય પ્રત્યે રૂચિ જાગે છે, આકર્ષણ પેદા થાય છે. જ્યાં સુધી વ્યક્તિનો રસ, હસી-મજાક, કુતુહલ, ઠઠ્ઠા મશ્કરીમાં જોડાયેલો રહે છે ત્યાં સુધી તે વ્યક્તિ માટે સ્વાધ્યાય પણ નીરસ વિષય રહે છે. પ્રમાદ આદિ તમામનું વિસર્જન થવું તે તપોયોગ કહી શકાય.

બાહ્ય પદાર્થો પ્રત્યેનું આકર્ષણ છૂટી જાય છે ત્યારે અંતરંગ યોગ બને છે. જ્યારે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, અંતરંગ બને છે એની પાર્શ્વભૂમિમાં છુપાયેલી વૃત્તિઓનું પાચન થાય છે ત્યારે ભેદ-વિજ્ઞાનની ચેતના જાગે છે — અંતરંગ યોગ પ્રબળ બને છે.

આધ્યાત્મિક અને વ્યવહારિક માર્ગમાં સરળતા સાથે પૂર્ણ સફળતા મેળવવા માટે ગુરૂનું યોગદાન મહત્ત્વનું છે. ગુરૂ વિના પૂર્ણ સફળતા મળતી નથી. ગુરૂ થકી પ્રોત્સાહન, પ્રેરણા અને આશીર્વાદ લઇને જે આગળ વધે તે આધ્યાત્મિક અને વ્યવહારિક માર્ગે પૂર્ણ સફળતા ચોક્કસ મેળવી શકે છે. આ માર્ગે ચાલવાનો બાલ્યાવસ્થાથી જ પ્રયત્ન કરવામાં આવે તો સરળતાથી લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. બાળક પ્રાથમિક શાળામાંથી અભ્યાસના એક પછી એક વર્ગમાં અભ્યાસ કરતો કરતો એક દિવસ વિશ્વ વિદ્યાલયનું અંતિમ સોપાન પ્રાપ્ત કરીને પૂર્ણ વિદ્યાવાન બને છે. બસ! એવી જ રીતે જીવનમાં સર્વોત્તમ - સર્વશ્રેષ્ઠ, ઉચ્ચકક્ષાએ પહોંચવા માટે બાળપણથી જ ગુરૂને સ્વીકારીને પ્રેરણા, આશીર્વાદ અને સાધના કરતા રહેવાથી જીવન પૂર્ણ - સફળ બને છે. બાળપણનાં ગુરુ માતા છે. બાળકને સારા સંસ્કાર આપી જીવન ઘડતર તો માતારૂપી ગુરુ દ્વારા પાયાનું કામ થાય છે. એ જ રીતે પિતારૂપી ગુરુ પણ બાળકને શક્તિ, શૌર્ય, નિર્ભયતા, સાહસ જેવા ગુણોનું સિંચન કરે છે. વિદ્યાભ્યાસના શિક્ષકરૂપી ગુરુ પણ છે. શાળા-મહાશાળામાં ભણતા વિદ્યાર્થીને શિક્ષણની સાથે વર્ગોમાં શિસ્તની સાથે મહેનત અને કઠિન પરિસ્થિતિઓમાં ધીરજ - કઠિન કાર્યને પણ સરળ બનાવવું. સમાજની સાથે સદ્ભાવપૂર્ણ જીવન જીવવાની કળા પણ શીખવે છે. ત્યારબાદ યુવા અવસ્થામાં સંતરૂપી ગુરુ જીવનમાં સારાસારનો વિવેક આપે છે. સત્ય-અસત્યનો ભેદ સંત, સાધુ-ભગવંત સમજાવે છે. વ્યવહારિક કાર્યમાં પ્રામાણિકતા અને આધ્યાત્મિક્તાનો લાભ સંત-સાધુ-ભગવંત સમજાવે છે. તેમજ આત્મા-પરમાત્માનું વિજ્ઞાન સમજાવે. આવા સંસ્કાર મેળવીને યુવાન ઉન્નતિના માર્ગે આગળ વધી શકે છે. જીવનમાં પ્રકૃતિ પણ એક ગુરુત્વ પ્રદાન છે. મનુષ્યની આસપાસ અંદર-બહાર સર્વત્ર પ્રકૃતિ રહેલ છે. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય-ચંદ્ર, પર્વતો-નદીઓ, ગ્રહ-નક્ષત્ર, તારામંડળાદિનો પ્રભાવ જીવનમાં પડતો હોય છે. આવા સમયે કેટલીક મનમાની - અપ્રાકૃતિક ચેષ્ટા - ક્રિયાને સ્વાભાવિક અને પ્રકૃતિને અનુરૂપ બનાવી જીવન જીવનારને પ્રકૃતિરૂપી ગુરુ પ્રેરણાદાયી બને છે. અંતરંગ યોગ પ્રબળ બનાવવો મૂળ અર્થ : 'ભેદ-વિજ્ઞાનની ચેતનાની જાગૃતિ.' 'હું આત્મા છું - પદાર્થ નથી' જ્યારે આ અનુભૂતિ પ્રખર બને છે ત્યારે વ્યક્તિ પોતાના અસ્તિત્વની ખોજમાં આગળ વધે છે. 'હું છું — અહં અસ્મિ!' એ અનુભૂતિ સ્પષ્ટ થવા લાગે છે. અંતરંગ તપોયોગનો અર્થ છે - પોતાના અસ્તિત્વને શોધવું, પોતાના અસ્તિત્વ સુધી પહોંચવું.

જૈન ફિલોસોફીની વાતમાં કર્મસત્તા સામે સતત સંઘર્ષ કરવાનું કહે છે. કર્મ વર્ગણા સૂક્ષ્મ હોવાથી દશ્યમાન નથી -

પણ તે અનંત છે. કર્મ, એ સંઘર્ષનો વિરામ કહે છે. આઠ પ્રકારનાં કર્મોનું વિવેચન આપણે સૌ જાણીએ છીએ. જ્ઞાન દર્શનાદિ કર્મો જ આત્મા પર આવરણો છે. આ આવરણોને દૂર કરવા, તેનો ક્ષય કરવો, મનુષ્ય જીવનનો મુળભૂત લક્ષ્ય છે. આ કર્મસત્તા પર સંઘર્ષ કરી વિજય મેળવી ધર્મસત્તા સ્થાપવી એ મનુષ્ય જીવનની સફળતા, સાર્થકતા અને સિધ્ધિ પ્રાપ્તિ છે. કર્મ બાંધવા માનવ સ્વતંત્ર છે પણ તેવા શુભાશુભ કર્મો ભોગવવા ઈન્કાર કરે તો નહીં જ કરી શકે. મનુષ્ય જ્યારે અશુભ મન, વચન, કાયાના યોગને કરે છે – મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ અને કષાયનું સેવન કરે છે ત્યારે જ કર્મો આત્માને વળગે-ચોંટે છે. આત્મા પર આવરણ ચડે છે. ઉદયમાં આવેલાં કર્મોને જ્ઞાની પુરૂષો સમભાવ, સમતાભાવ, સમાધિભાવથી સહન કરે છે. આ સહન કરવું જ એક પ્રકારે સંઘર્ષ છે. કર્મસત્તાને પરાજ્ય આપવા માટે ધર્મસત્તાના શરણે સમર્પિત થવું એ વીરતાભર્યું વીર પુરૂષનું સંઘર્ષ છે. જીવનને સફળ બનાવવામાં સૌથી આવશ્યક ગુરુ વ્યક્તિ પોતે છે. પોતે પોતાના ગુરુ બનવાનું છે. બાળપણથી લઈને યુવાનવય સુધી એક પછી એક ગુરુ પાસેથી શિક્ષણ, સંસ્કાર, વિવેક, સાહસ જેવા ગુણો શીખીને અનેક પ્રકારના નાના-મોટા, સારા-ખરાબ અનુભવોને અનુભવી ચૂકેલ યુવાન હવે તેને બહારનાં કોઈ ગુરુની જરૂરિયાત રહેતી નથી. હવે પોતે જ પોતાના ગુરુ બની વિવેક દ્વારા સત્ય-અસત્યને જાણીને વ્યવહારિક અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું રહે છે. તે પછી પરમાત્મા ગુરુ બને છે. વિતરાગ પરમાત્મા અંતિમ ગુરુ છે. જીવનના અંતિમ છોડમાં પહોંચેલો માનવી જીવનની દરેક જંજાળને મૂકીને પરમાત્માના શરણે જવું, એ જ જીવનની સાચી પૂર્ણતા, સફળતા આધ્યાત્મિક્તા, સાર્થકતા અને સિધ્ધતા કહેવાય છે. તથ્ય એ છે કે : મિથ્યાત્વ આત્મા માટે ઘોર અંધકાર છે. મિથ્યાત્વ સર્વ પાપોનો જનક છે. અનંત જન્મ-મરણની સુદીર્ઘ પરંપરાનો આ એકમાત્ર શત્રુ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ આત્માને સંસારરૂપી અઘોરવનમાં ભટકાવે છે. હૃદયમાં છુપાઈ બેઠેલા શત્રુને સમાપ્ત કરીને, તેનાથી સદાકાળ માટે છુટકારો મેળવવો તે કલ્યાણ છે. મિથ્યાત્વ દૂર થતાં અન્ય પાપ દૂર થઈ જાય છે અને ત્યારે આત્મામાં 'સમ્યક્ત્વ'નો દિવ્ય પ્રકાશ ઝગમગાટ કરે છે. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર (રત્નત્રયી) એ જીવનનો પાયો છે. રત્નત્રયી જ અંધતા, વ્યર્થ ક્રિયાકાંડોથી મનુષ્યને બચાવે છે. જીવનની સફળતા, સાર્થકતા અને સિધ્ધતાને રત્નત્રયીની પ્રાપ્તિ છે.

જીવનની સફળતા અને સિધ્ધિનું વિવેચન યથામતિ (અલ્પમતિ)એ કરેલ છે. તેમાં જે અયથાર્થોનું મિચ્છામિ દુક્કડમ્!

*૧૫૦, ગણેશનગર,*
*ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૭૯૮૪૯ ૯૫૬૨૯*

# પર્યુષણ પર્વનો પ્રાણ – ક્ષમાપના

- **છેલ્લામાં છેલ્લો ચાન્સ...**

જે પોતે આગ ઉપર ઊભો છે તે ઠરશે કે બળશે? સંવત્સરી પ્રતિક્રમણ કરીને પણ ઠર્યા નહીં અને બળતા જ રહ્યા તો પછી આના કરતા બીજો કોઈ સારો ચાન્સ હવે મળવાનો નથી. સંવત્સરી એ છેલ્લામાં છેલ્લો ચાન્સ છે.

દરરોજ ના કર્યું, પખ્ખીએ ના કર્યું, ચોમાસીએ ના કર્યું તો જ્ઞાની પુરુષો કહે છે કે હવે આ સંવત્સરીને પકડીને તમે તમારા હૃદયને શુદ્ધ કરી નાખો. રાગદ્વેષને ઓગાળી દો. જીવો સાથે મૈત્રી બાંધી દો. શુદ્ધ હૈયે ક્ષમાપના કરી લો, તો તમારા પર્વ પર્યુષણ લેખે લાગશે.

પર્યુષણનો પ્રાણ હોય તો તે ક્ષમાપના છે. જો ક્ષમાને જીવનમાં સ્થાન ન આપ્યું, પરસ્પર ક્ષમાપના ન કરી તો પર્વાધિરાજનો પ્રાણ નીકળી જશે અને પર્યુષણ ખાલી ખોખું બનીને રહી જશે. પ્રાણ વિનાના એ ખોળિયાંની કોઈ કિંમત નથી. સમગ્ર પર્યુષણની તમામ આરાધનાઓનો પ્રાણ હોય તો આ ક્ષમાપના છે, હૃદયની શુદ્ધિ અને કષાયોની શાંતિ છે.

કોઈ પણ આત્માનો સમગ્ર વિકાસક્રમ ગુણસ્થાનકોને આધારે જોવાય છે. પણ એ ગુણસ્થાનકોનો વિકાસ એની પ્રાપ્તિ એ આ કષાય અને વિષયની વૃત્તિઓની મંદતાને આધારે છે. જેના કષાયો મંદ પડતા નથી એ નીચેના ગુણસ્થાનેથી ઉપરના ગુણસ્થાને જઈ શકતો નથી. બાર મહિને પણ જેના કષાયો ઓગળતા નથી, તે ચોથા ગુણસ્થાને ટકી શકતો નથી. એનું સમ્યક્ દર્શન નિર્મળ રહી શકતું નથી.

- **ભૂલનો એકરાર કરો :**

જે ઉદારતાથી ખમાવી દે છે. 'ભૂલ તો કોની નથી થતી? ભૂલ તો તમારી પણ થાય અને મારી પણ થાય. ભૂલ થવી એ કોઈ મોટી વાત નથી. ભૂલ થયાની કબુલાત કરવી એ જ બહુ મોટી વાત છે. મારાથી જાણે અજાણે થઈ ગયેલી ભૂલોની હું આજે કબુલાત કરવા તૈયાર થયો છું. મારી આગળ કોઈ કબુલાત કરવા આવ્યો છે? તો તેને પ્રેમથી ભેટવા હું તૈયાર થયો છું.' આટલી તૈયારી જે કરે છે તે આ ભગવાનના શાસનની અંદર આવી ગયા વગર રહેતો નથી. પણ આ ક્ષમાધર્મની સાધના જો ન કરી તો એ શાસનમાં હોય તો પણ શાસનની બહાર ફેંકાઈ ગયા વિના રહેતો નથી.

ઈનામ પણ બહુ મોટેં છે અને ક્ષમા ધર્મની સાધના ન કરી તો સજા પણ બહુ મોટી છે. ભગવાનના શાસનનું સભ્યપણું તમારું કેન્સલ થઈ જાય આનાથી મોટી બીજી કઈ સજા હોય?

*– પૂ. મુનિ શ્રી જિનચંદ્રવિજયજી મ.સા.*
*સંકલન : મીતા શાહ*
*મો. ૮૮૯૮ ૩૩ ૬૬ ૭૭*

# 'ભારત છોડો' સૂત્ર કચ્છી સપૂતનું પ્રદાન છતાં ઇતિહાસમાં એની નોંધ નહીં?

જગદીશચંદ્ર છાયા

દેશની ક્રાંતિના બીજ કચ્છમાં રોપાયા હતા, એમ ઓગસ્ટ ક્રાંતિનું વિચારબીજ પણ કચ્છમાંથી રોપાયું હતું! ઇતિહાસમાં ભલે આ વિગતની નોંધ ન લેવાઈ હોય પણ હકીકત છે કે દેશભરમાં ખળભળાટ મચાવનાર અને બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાખવા સમર્થ સાબિત થયેલ આ ક્રાંતિકારી સૂત્ર 'ભારત છોડો' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીના દિમાગની પેદાશ હતી. (ભુજમાં વાણિયાવાડ પાસે હંમેશાં ભરચક રહેતો 'મહેરઅલી ચોક' અને મુંદ્રામાં 'યુસુફઅલી માર્ગ' એમની સ્મૃતિને વાગોળતી રહે છે.)

તેમણે મહાત્મા ગાંધીજીને એ સૂત્ર સૂચવ્યું ને એ સૂત્ર સાંભળતા જ ગાંધીજીને ગમી ગયું. આમ પણ ગાંધીજી ચળવળનાં અસરકારક સૂત્રની શોધમાં તો હતા જ. ત્યાં આ સુંદર પ્રેરક સૂત્ર મળી જતાં તેમણે ચળવળનાં મુખ્ય સૂત્ર તરીકે સહર્ષ સ્વીકારી લીધું. આઝાદીની છેલ્લી લડતનું મુખ્ય સૂત્ર 'ભારત છોડો' 'ક્વિટ ઇન્ડિયા' આંદોલન દરમિયાન ઘરે ઘરે પહોંચી ગયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રાજગોપાલાચારીએ આપેલું 'રિટ્રીટ' અથવા 'વિથડ્રો'નું સૂત્ર પણ ગાંધીજીએ નકાર્યું હતું. (આ વિગતને પ્રવીણભાઈ શેઠ અને સુભાષભાઈ સંપટે પણ એક સમયે પોતાની કોલમમાં સ્થાન આપ્યું હતું અને એ રીતે કચ્છનું ગૌરવ વધાર્યું હતું.)

આઝાદી માટેની છેલ્લી સફળ રાષ્ટ્રીય ચળવળ માટે એક કચ્છીએ અસરકારક મુખ્ય સૂત્ર આપ્યું હતું એ જાણીને સૌની છાતી ગજગજ ફૂલે એમાં નવાઈ નથી.

મુંબઈના કચ્છી મેયર યુસુફ મહેરઅલીએ સૂચવેલ સૂત્ર 'ભારત છોડો' દ્વારા અંગ્રેજ સરકારને પડકાર ફેંકવામાં આવ્યો હતો. એ મેદાન પણ કચ્છી દાનવીરનું હતું. હા, યોગાનુયોગ કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજ સરકારને ભારત છોડી જવા આદેશ આપવામાં આવ્યો હતો.

આઝાદીની ઉત્કટ ઝંખનાને વિખેરવા ક્રાંતિ દિને મુંબઈમાં પ્રથમ વખત અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો. લાઠીચાર્જ પણ થયો હતો.

'હિંદ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજીત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા. આવી અસરદાર ક્રાંતિના મુખ્ય સૂત્રદાતાને ઇતિહાસ ભૂલી જાય એ બાબત અસહ્ય છે. જે સાચું છે એ જ લખવું છે અને ઇતિહાસનો તો અર્થ જ છે, 'આમ જ હતું'. આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સીમાચિહ્નરૂપ 'ભારત છોડો' લોકક્રાંતિને ૮૦ વર્ષ થયા.

હાલ દેશભરમાં 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી થઈ રહી છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આ મુદ્દો પણ સામેલ થવો જોઈએ. ■

## નારાયણ જોશી 'કારાયલ'

(અનુસંધાન : પાના નં. – ૧૮ ઉપરથી ચાલુ)

હિંદી, સિંધી અને અંગ્રેજીમાં અનુવાદ પણ થયો. કચ્છમાં ફરજ બજાવતા બિનકચ્છી ભાષી શિક્ષકોને તાલીમ આપવા માટે જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરે કચ્છી પાઠાવલિના બંને ભાગનો તાલીમ મોડ્યુલ તરીકે સ્વીકાર કર્યો છે અને ૨૦૦૨થી શિક્ષકોનો તાલીમ કાર્યક્રમ ચાલી રહ્યો છે. ઉપરાંત 'અચો સિંખો કચ્છી' નામક આકાશવાણીની વિશેષ શ્રેણીના પ્રથમ દસ પાઠ પણ કારાયલજીએ રજૂ કર્યા છે. પાઠાવલિની ૩૫ તો આવૃત્તિ થઈ અને તેની નકલનો આંક પહોંચ્યો છે ૬૨,૦૦૦! કચ્છી ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે તે જ વર્ષે (૧૯૯૯માં) કચ્છી સાહિત્ય કલા સંઘ નામની સંસ્થાની સ્થાપના માતાના મઢ ખાતે એમણે કરી.

માતૃભાષાના જતન, સંવર્ધન અને ઉત્થાન માટે સમર્પિત ભાવે ભારે પુરૂષાર્થ કરનાર સાલખ સર્જક અને સાક્ષર કારાયલજી કહે છે કે, કચ્છીઓ ઘરમાં માતૃભાષા બોલવાની છોડે નહીં તો કચ્છી જીવી જશે! હાલે કારાયલજી નખત્રાણા વસવાટ કરે છે. (સંપર્ક : ૯૪૨૯૨ ૨૭૯૧૮ અને ૯૯૭૯૩ ૨૬૩૧૮)

*'ઝિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

# કચ્છી સાહિત્ય અને શિક્ષણ સાધક
# નારાયણ જોશી 'કારાયલ'



સંજય પી. ઠાકર

*૨૦૨૦ના વર્ષ માટે સાહિત્યના ક્ષેત્રનો પદ્મશ્રી પુરસ્કાર નખત્રાણા (કચ્છ)ના વરિષ્ઠ કચ્છી સર્જક અને કેળવણીકાર નારાયણ જે. જોશી 'કારાયલ'ને જાહેર થયો છે. એક અપ્રતિમ યોદ્ધાની જેમ કચ્છી ભાષાના ઉત્કર્ષ માટે પ્રેમ અને ઝનૂનથી લડનારા સમર્પિત સાધક કારાયલજીને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય ઍવૉર્ડ અને કચ્છી સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે! શિક્ષક દિન – ૫ મી સપ્ટેમ્બરના એમનો ટૂંક પરિચય પ્રસ્તુત છે!*

ભારતના ગણતંત્રની સ્થાપના થયા પછી દર ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિ તરફથી સૈન્ય અને મૂલકી સન્માનની જાહેરાત થાય છે. દેશમાં રાજકારણ, સમાજસેવા, વિજ્ઞાન - ટેકનોલોજી, સાહિત્ય, સંગીત, કળા, સંસ્કૃતિ, ઉદ્યોગ, રમતગમત વગેરે ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર નાગરિકોને રાષ્ટ્રપતિ નાગરિક (સિવિલિયન) પુરસ્કારથી નવાજે છે. તેમાં સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન 'ભારતરત્ન' ઉપરાંત પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી જેવા પ્રતિષ્ઠા ધરાવતા બહુમાનનો સમાવેશ થાય છે. આ પુરસ્કાર દેશ માટેના સૈન્ય ક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ પ્રદાન માટે એનાયત કરવામાં આવે છે.

૧૯૫૭થી ૧૯૭૭ સુધી આવા બહુમાનથી અનેક વ્યક્તિ-વિશેષોને વિભૂષિત કરવામાં આવ્યા હતા. ૧૯૭૮માં જનતા સરકારે આ પ્રથા બંધ કરેલી. ૧૯૮૦થી પુનઃ શરૂઆત કરાઈ હતી. ૨૦૨૦ના વર્ષ માટેના પદ્મ પુરસ્કારો જાહેર થયા તેમાં કચ્છી ભાષા-સાહિત્યને મહિમા મંડિત કરે એવો અવસર એ આવ્યો કે, કચ્છી ભાષા માટે બહુમૂલ્ય પ્રદાન માટે નારાયણ જે. જોશી 'કારાયલ'ને પદ્મશ્રી જેવા પ્રતિષ્ઠિત નાગરિક સન્માનથી સન્માનવાની જાહેરાત કરાઈ છે.

'કોઈપણ કાર્યની સફળતા માટે પ્રેમ અને ઝનૂન હોવા જરૂરી છે' – ચંદ્રકાંત બક્ષીનું આ વાક્ય કચ્છી ભાષાના ચાહકો-ભાવકોને પણ એટલું જ લાગુ પડે છે. એક અપ્રતિમ યોદ્ધાની જેમ કચ્છી ભાષાના ઉત્કર્ષ માટે પ્રેમ અને ઝનૂનથી લડનારા સમર્પિત સાધકનું નામ છે : નારાયણ જેઠમલ જોશી 'કારાયલ.' એમના જેવા માબોલીના ભેખધારીઓ થકી તો કચ્છી ભાષા ઉજળી છે, ગૌરવાન્વિત છે. આ વિદ્વાન વિપ્રનો જન્મ ૩૧મી જાન્યુઆરી, ૧૯૪૩ના વિગોડી (તા. નખત્રાણા) ગામે થયો છે. એમના પિતા જેઠમલ દાજીભાઈ જોશી પણ શિક્ષક હતા અને એક સૈકા પહેલા સિંધથી કચ્છ આવી વસેલા. નારાયણ જોશીએ પ્રાથમિક શિક્ષણ વિગોડી શાળામાં લીધું. મેટ્રિક અને પી.ટી.સી. થઈ ૧૯૬૧માં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા.


ગુજરાતીમાં નાની વાર્તાઓ લખવાની શરૂઆત કરનાર કારાયલજી આકાશવાણી કેન્દ્ર - ભુજના માધ્યમથી કચ્છી ભાષાના ખેડાણ માટે પ્રેરિત થયા. ખાસ કરીને કચ્છી ગદ્ય લેખનમાં 'અર્વાચીનમાં આદ્ય' ગણાવી શકાય. એમણે ૧૯૮૪માં વાર્તાનું 'ધિલજી ગાલ્યું' પ્રથમ પુસ્તક આપ્યું. તે પછી 'વતનજી ગાલ્યું' (૧૯૮૮) પુસ્તક આપ્યું. કવિતા અજમાવી - લખી પણ ગદ્ય લેખનમાં વધુ ફાવટ આવતી ગઈ. એમના પ્રકાશિત પુસ્તકોમાં ગુજરાતી ભાષામાં શિક્ષણ સંશોધનનું એક, સંપાદનનું એક, કચ્છી ભાષામાં વાર્તાસંગ્રહ - બે અને અનુવાદ - બે પુસ્તકોનો સમાવેશ થાય છે. ૨૦૦૯માં એમને કચ્છી સાહિત્ય અકાદમીનો સાહિત્ય-ભાષા ગૌરવ પુરસ્કાર એનાયત થયેલો છે. શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાજ્ય પારિતોષિક (૧૯૮૯) અને રાષ્ટ્રીય પારિતોષિક (૧૯૯૨)થી એમને નવાજવામાં આવ્યા છે. ઉપરાંત દુલેરાય કારાણી શતાબ્દી સમિતિનો સુવર્ણ ચંદ્રક (૧૯૯૬), સંસ્મૃતિનો ડૉ. મનુભાઈ પાંધી ઍવૉર્ડ (૧૯૯૬), ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છનો રામસિંહજી રાઠોડ સુવર્ણ ચંદ્રક (૨૦૦૨), તારામતી વિશનજી ગાલા પુરસ્કાર (૨૦૦૫) વગેરે સન્માનો એમને પ્રાપ્ત થયા છે.

કચ્છ પ્રદેશની આગવી વિશેષતા અને અસ્મિતાના અંગ સમી કચ્છી ભાષા માટે પરીક્ષા પ્રવૃત્તિના સ્થાપક પણ કારાયલજી. એ પ્રવૃત્તિના મંડાણ કરવાથી પહેલા 'કચ્છી પાઠાવલી' લેખશ્રેણીરૂપે 'કચ્છમિત્ર'માં પ્રગટ થઈ. ૧૯૯૯માં કચ્છી પરીક્ષાનો ભુજથી સંતશ્રી મોરારિબાપુએ શુભારંભ કરાવ્યો. આ કચ્છી ભાષા પોષક પ્રવૃત્તિ બે દાયકા પછી આજે વી.આર.ટી.આઈ. - માંડવીના સહયોગથી સફળ રીતે ચાલી રહી છે. પાઠાવલિ ભાગ-૧ અને ૨ અનુક્રમે 'જાણ' અને 'સુજાણ' પરીક્ષા માટે મુકરર કરાઈ. તેનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૭ ઉપર)

## અવલોકન

# કચ્છી ભાષા શીખવા ઇચ્છુકની માટે ઓનલાઇન એડવાન્સ કોર્ષ



મહેન્દ્ર દોશી

બિન કચ્છી ભાષા શિક્ષકોની નિમણુંક કચ્છ વિસ્તારમાં આવેલા ગુજરાતી માધ્યમની શાળામાં થાય છે ત્યારે નિમણુંક પામેલા બિન કચ્છી ભાષકને ગુજરાતી માધ્યમ દ્વારા આ વિસ્તારના દ્વૈ-ભાષિક બાળકોને શિક્ષણ આપવામાં મુશ્કેલી ના પડે તે માટે આ વિસ્તારમાં બોલાતી અને દૈનિક વ્યવહારમાં વપરાતી માતૃભાષા (નેટીવ લેંગ્વેજ)થી પરિચિત કરાવવા માટે છ દિવસીય કચ્છી ભાષાના શિક્ષકોને તાલીમ આપવા માટે સ્થાનિક તાલીમ ભવન (ડાયેટ - ભુજ) દ્વારા ગુજરાત રાજ્યનાં શિક્ષણ વિભાગ (જી.સી.ઈ.આર.ટી.) ગાંધીનગરે આયોજન કરેલ છે. આ તાલીમ માટે 'જાણ સુજાણ' પાઠાવલિને માર્ગદર્શિકા તેમજ અભ્યાસક્રમનાં સંદર્ભ તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

કચ્છી ભાષાથી પરીચિત કરાવવાની તાલીમ સાથે 'ડાયેટ' એ હવે કચ્છી ભાષા શીખવા ઇચ્છુક ભાષક માટે ઓન-લાઈન એડવાન્સ કોર્સને તરતો મૂક્યો છે. આ બંને કોર્સનો હેતુ અલગ - ભિન્ન છે. કચ્છી ભાષાની જાણકારી પ્રાપ્ત કરવી અને ભાષાને એડવાન્સ કોર્સ દ્વારા શીખવી કે શીખવાડવી — આ બંને બાબતો અલગ છે. સામાન્ય રીતે ભાષાને જાણવી એટલે જે તે વિસ્તારની સંસ્કૃતિ, સામાજિક રીતરિવાજ અને ભૌગૌલિક પરિસ્થિતિને આનુસાંગીક સ્થાનિક ભાષાની તળપદી શબ્દાવલિથી પરિચિત કરાવવાની પ્રક્રિયા છે, જ્યારે ભાષા શીખવી એટલે ભાષાનું સ્વરૂપ, સંરચના, ભાષાના ધ્વનિ ઘટકો અને રૂપતંત્રના આકારથી પરિચિત કરાવવું. આ બંને કોર્સ માટેનો ડાયેટનો હેતુ વ્યાજબી અને યોગ્ય છે, પણ તાલીમ આપવાની પદ્ધતિ બિન વૈજ્ઞાનિક અપનાવેલ છે. કચ્છ વિસ્તારની ભાષાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવી પડે, કારણકે કચ્છીની ભાષા અન્ય વિસ્તાર કરતાં અલગ - ભિન્ન છે. આ વિસ્તારમાં માન્ય ભાષા ગુજરાતી ઉપર સ્થાનિક ભાષા કચ્છીનો પ્રભાવ હોવાને કારણે બંને ભાષાના ભાષાકીય પરિબળોને ધ્યાનમાં રાખીને બે પ્રકારની અલગ પદ્ધતિથી તાલીમ આપવાનું આયોજન કરવું પડે. એટલે કે બિન કચ્છી ભાષકને કચ્છી ભાષાથી પરિચિત કરાવવા માટેની તાલીમ અને કચ્છ વિસ્તારમાં ગુજરાતી માધ્યમના બાળકો પ્રાથમિક શિક્ષણ લેતાં દ્વૈ-ભાષીક બાળકોને પોતાની માતૃભાષા કચ્છીના માધ્યમથી પ્રાથમિક શિક્ષણ આપવાની પ્રક્રિયાની પદ્ધતિનો આવિષ્કાર કરી અને તાલીમનું માળખું ઘડીને કચ્છી ભાષાથી પરિચિત તેમજ શીખવાના હેતુ માટે કચ્છીના માધ્યમ દ્વારા તાલીમ આપવાનું આયોજન કરવું પડે. કારણકે કચ્છ વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષા (નેટીવ લેંગ્વેજ) કચ્છી છે અને કચ્છી ભાષા તેમની માતૃભાષા છે. જ્યારે માન્ય ભાષા ગુજરાતી ભાષાના માધ્યમથી અપાતું શિક્ષણ એ આ વિસ્તારના માટે સેકન્ડ લેંગ્વેજ છે. પરિણામે એ પ્રથમ નક્કી કરવું પડે કે તાલીમ ભાષાની જાણકારીના હેતુથી આપવાની છે કે ભાષા શીખવાડવાનો હેતુ છે. આ નક્કી કરી તાલીમનો મોડ નક્કી કરવો પડે.

જ્યાં સુધી બિનભાષી કચ્છી શિક્ષકોને પરિચિત કરાવવા માટેના આશય પાઠાવલિના પાઠથી કરાવવાનો પ્રયત્ન અને પદ્ધતિ અપનાવેલ છે, તે યોગ્ય ઠેરવી શકાય. પણ જ્યારે એડવાન્સ કોર્સ પાઠાવલીના અભ્યાસક્રમથી ભાષા શિક્ષણ આપવાની પદ્ધતિ તદન બિન વૈજ્ઞાનિક પદ્ધતિ ગણી શકાય. ભાષા વૈજ્ઞાનિકોએ સૂચવેલ સેકન્ડ લેંગ્વેજ શિક્ષણ માટેની પદ્ધતિ અપનાવવાની રહે. આનો ઉત્તમ નમૂનો કચ્છી બોલી ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તકમાં ગુજરાતી કચ્છીનો તુલનાત્મક અભ્યાસના આધારે ભાષા વૈજ્ઞાનિકોએ સૂચવેલ માતૃભાષાના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવાની પદ્ધતિનો વૈજ્ઞાનિક અભ્યાસનો નમૂનો આપેલ છે. આ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળેલ છે. ભારત સરકારે જાહેર કરેલ માતૃભાષાના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવાની નીતિનાં અમલીકરણના સંદર્ભે અને બિન કચ્છી ભાષક શિક્ષકો તેમજ દ્વૈ-ભાષીક બાળકોને પ્રાથમિક શિક્ષણ હેતુ 'હાવ ટુ ટીચ ધી સેકન્ડ લેંગ્વેજ અને હાઉ ટુ લર્ન સેકન્ડ લેંગ્વેજ'ની ભાષા વિજ્ઞાનીઓએ સૂચવેલ પદ્ધતિ અને સૂચવેલ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને સમાંતર અભ્યાસક્રમની પાઠાવલિ વર્ગવાર સૂચવેલ પદ્ધતિ અનુસાર પાઠ તૈયાર કરીને શિક્ષણકાર્ય કરવું પડે. આ પદ્ધતિ અપનાવવામાં નહીં આવે તો માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ આપવામાં મુશ્કેલી પડશે અને આ વિસ્તારના બાળકો માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ લેવાથી વંચિત રહેશે. ■

# ઇમારતનો અંશ

## (નિબંધ)

હર્ષદ ત્રિવેદી

સ્થપતિ તો હું છું નહીં, પણ અમુક ઇમારતો મને ખૂબ આકર્ષે. ભલે, એક જ વાર જોઈ હોય તોય યાદ કરું ને મનમાં આખું ચિત્ર ઉપસી આવે. રાણપુરની નદીના સામે કિનારે આવેલા જીર્ણશિર્ણ ગઢ ઉપર તો લાંબી કવિતા પણ કરેલી. એવું જ કંઈક કોલકાતાની ઉત્તરે આવેલા, રવીન્દ્રનાથના જન્મસ્થળ ઠાકુરબારી, જોરાસાંકો વિશે. કોઈ વ્યક્તિની જેમ જ ઇમારતને પણ ચાહી શકાય એવી ખબર બહુ મોડેથી પડેલી. આવી જ બીજી કેટલીક ઇમારતો, જે વારંવાર મનમાં ઊગી આવે છે. સમજવાની કોશિશ કરું છું કયા કારણે આવી ઇમારતો મનનો કબજો લઇ લેતી હશે? વિચારું તો એની આકર્ષક ભવ્યતા જેવાં સ્થૂળ કારણો મળી આવે કદાચ. પણ હું જાણું છું કે એમાં કોઇ ને કોઈ સંવેદનની આપઓળખ અને ઊર્મિઓનું અનુસંધાન હોય છે. જન્મે ભલે ગરીબ બ્રાહ્મણ હોઉં, પણ મન તો જલમધર્યાથી ઠાકુરનું જ મળ્યું છે. જરા ઊંડે ખાંખાખોળા કરું તો વિશાળ પ્રાંગણ અને ભવ્ય કમાનો ઘેરી વળે છે. સ્થળ, કાળ અને ઇતિહાસ દરેકનાં અલગ, પણ મનની ભૂમિ ઉપર તો બધું એકાકાર. સ્મૃતિમાત્રથી, આ બધી ઇમારતો અલગ અલગ કે એકસાથે ઊભી થાય છે ને હું ઇચ્છું છું ત્યારે એમાં નિરાવરોધ હરીફરી શકું છું.

જોરાસાંકોમાં, કવિવરનો જન્મ થયો એ ઓરડે પહોંચતા પહેલાં, સીડી ચઢો કે તરત સામે ચાલીને બોલાવતી રવીન્દ્રનાથની જે તસવીર છે, એ વિહ્વળ કરી મૂકે છે મને. એમાં કવિન્દ્રની આંખમાં વિશેષણથી પર – જે ભીષણ વેદના છે એનો સામનો કરો એ પૂર્વે જ આંખ દરિયો બની જાય. એમના કપાળની કરચલીઓ કરાવે કાલાંતર. તમે એકકેન્દ્રી હો, તો પણ મહાલયની ભવ્યાતિભવ્ય કમાનો તમને વર્તુળાકારે બ્રહ્માંડની સફર કરાવે. આ દેશનો મનીષી તમને એની પોતાની ભૂમિ ઉપર, ક્ષણવાર ઊભા રહેવાની કે ટહેલવાની પરવાનગી આપે. કોઈ હાક સૂણે કે ન સૂણે, પણ તમને એકલા ચાલવાનો માર્ગ કંડારી આપે. રાણપુરના મહેલ વિશે હું કંઈ જ જાણતો નથી. પણ એની સ્મૃતિ, અનેકવાર એના રાજવીપદે મારો અભિષેક કરે છે, કપાળે કુંકુમાક્ષત તિલક કરે છે, મને કોઈના પ્રેમમાં પાડે છે, ઘાઘરાના ઘેર અને સાડીના સળની ઠસ્સાદાર ચાલમાં કે નિતંબપુર કેશ કલાપના લયમાં ડોલાવે છે. પરાક્રમની ત્રેવડ જગવે છે ને ખપી જવાની ખુમારી પણ આપે છે. આંખ સામે બધું પલકવારમાં રચાય છે ને એટલી જ ઝડપે ખંડિયેરમાં રૂપાંતરિત થતું રહે છે, રેતની વહેતી નદીની સાક્ષીએ.

ઉદયપુરમાં બાગોરની હવેલી એટલે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટરનું થાણું. પીછોલા તળાવ અને ગંગોરીઘાટ. દૂરથી જોઈએ તોય મન ભરાઈ જાય. સૌ પ્રથમવાર અંદર જવાનું થયું ત્યારે રાજસ્થાનના કલ્ચરલ મિનિસ્ટર, કલ્ચરલ સેક્રેટરી અને બીજા અનેક મહાનુભાવો સાથે હતા. પણ કોણ જાણે કેમ મને એમ લાગ્યું કે હું મારા પૂર્વજોને મળવા જઈ રહ્યો છું! જાણે આ હવેલીની આખી રચનાને મારા પગ યુગોથી જાણતા ન હોય એમ ફરી રહ્યા હતા. એક-બે વાર તો કાફલામાંથી છુટ્ટો પડી ગયો. સાથેના અધિકારીઓ ખેંચી ગયા. પરંપરાગત સ્વાગત માટે. પણ, એ પૂર્વે દર-ઓ-દિવારે મારું સ્વાગત કરી લીધું હતું. ફરી એકવાર હું કાફલામાંથી ફારેગ થઇને જમણી બાજુની પરસાળ પકડું છું. મને ખબર નથી કે ક્યાં જઈ રહ્યો છું, પણ મારા પગ રોક્યા રોકાય એમ નથી. ધસી જાઉં છું વાયુવેગે એક પછી બીજી, બીજી પછી ત્રીજી એમ પરસાળો ને કમાનો પાર કરતો રહું છું. અચાનક કોઈ ધૂપની સુગંધ મને પોકારતી હોય એમ લાગે છે. હું ગંધ-સુગંધના રસ્તે હળવા વાયરાની ગતિએ પહોંચી જાઉં છું. પરસાળની પેલે પારના થાનકે, મધ્યમ કદના મંદિરમાં, રાજવી ઠાઠને શોભે એવો અદ્ભુત શણગાર, બંને બાજુ ઊંચી કલાત્મક દીપધારિણીઓ. દીપ-ધૂપ ને અગરવાટની ઉર્ધ્વરેખ શિખાઓ. મુખ્ય નાયકનું પાઘ અને તોરાયુક્ત માત્ર મસ્તક! રોમેરોમ ધ્રુજારી અનુભવાય છે ને ઝળઝળિયાં આઘા કરવાની ક્ષણે જ મારો ને એનો ચહેરો એક!

ભારતની જ નહીં, દુનિયાની પણ સૌથી મોટી મસ્જિદ એટલે ભોપાલની તાજ-ઉલ-મસ્જિદ. અલગ અલગ તબક્કે ઊભી થતી રહેલી આ મસ્જિદ પૂરા સો વર્ષ ખાઈ ગયેલી. લાલ પથ્થરમાંથી બનેલી આ મસ્જિદ માણસના અહંકારને ચૂરચૂર કરી નાંખે, એવું એનું કદ છે. હું ને બિંદુ. સાંજના સમયે એનાં ભવ્ય પગથિયા ચઢેલા. ચુમ્મોતેર ફૂટ ઊંચા દરવાજામાંથી અંદર પ્રવેશ્યા ત્યારે નમાજ અદા કરવાની જગ્યા પાછળ સૂર્ય ડૂબી રહ્યો હતો. કબૂતરોનું એક ટોળું ઊડીને આમ આવે ને તેમ જાય. ગુંબજો અને કોઠીઓનો વિસ્તાર એટલો મોટો કે પાંખોનો ફફડાટ અનેકગણો થઇને તમારા કાને અથડાય. મસ્જિદની ભવ્યતા આપણને આભા કરી મૂકે. માથે રૂમાલ બાંધીને જેવા અમે મધ્યભાગમાં પહોંચ્યા, બંનેના મનમાં એકસરખો જ ભાવ આવ્યો. ભવ્યતા પણ આત્મસાક્ષાત્કાર કરાવી શકે અને રમણીયતા અવર્ણનીય આનંદ આપી જાય. જેનું જેવું મન એવી એની ઇબાદત. પરંતુ એક પળ એવી આવે જે આપણને એનો

અંશ બનાવી દે. આવી ક્ષણે વાચા હણાઈ જાય ને અંદર-બહાર પ્રસરી રહે માત્ર મૌન. આટલા સમય પછી પણ ભવ્યતા અને દિવ્યતાનો ખ્યાલ સાકાર કરવાની ઇચ્છા જાગે ત્યારે મનમાં આ મસ્જિદના મિનારાઓ ડોલવા લાગે છે.

૧૯૭૯ કે ૮૦ની સાલમાં હું અને કવિમિત્ર જગદીશ વ્યાસ પ્રથમ જ વાર સાહિત્ય શિબિરમાં માઉન્ટ આબુ ગયેલા. સાંજના સમયે ફરવા નીકળેલા. તે ચાલતા ચાલતા પહોંચી ગયા ટોડરોક પાસે. દેડકા આકારનો પહાડ. આપણી ઇમારતની વ્યાખ્યામાં એ ન આવે કેમકે એ કુદરતે કોરેલું શિલ્પ છે. આતમને પંખી ગણીએ તો એની બખોલોમાં અનેક પંખીઓ નિવાસ કરતાં હોવાને કારણે એને ઇમારત ગણવામાં હરકત ન આવવી જોઈએ. ઘણીવાર અમારામાં કુમતિનો પ્રકોપ જાગતો. કશો પણ વિચાર આવે, એને અમલમાં મૂકતાં પહેલાં વિચારે એ બીજા! એ અદ્દ્ભુત રંગીન સાંજે અમને એમ થયું કે ચાલો, કરીએ મેઢકારોહણ!

અમે કંઇ પહાડખેડૂ તો હતા નહીં કે ચડવા ઉતરવાની યુક્તિ-પ્રયુક્તિઓ જાણીએ. ધીમે ધીમે ઉપર ચઢવાં શરૂ કર્યું. આરોહણ સરળ લાગ્યું. પગમાં પહેરેલા ચંપલ સરકે એની સાથે સાથે પગ પણ પકડ ગુમાવતા જાય. અચાનક જ અમને એકસાથે હૈયાફાળયુક્ત બોધ થયો અને પગ અટકી ગયા. એ પણ જ્ઞાન લાધ્યું કે સાંજ ઢળતી હતી એમ નહીં, ઢળી ચૂકી હતી! હવે ઉતરવું કેવી રીતે? ઊંધા ફરીને ઉતરીએ તો નીચે કશું ન દેખાય ને સીધા ઉતરવા જઈએ તો એક જ ક્ષણમાં નીચે જવાય, પણ ક્યાં પહોંચાય તે તો ભગવાન જ જાણે! રોમેરોમ ભય વ્યાપી વળ્યો. જરા સરખી હરકત કરીએ ને પગ લપસે. અવાજ કરીએ તોય નીચે સુધી ન પહોંચે. સાચી વાત તો એ હતી કે થોડો ઘણોય અવાજ નીકળે તો પણ, નીકળે ક્યાંથી? સાંજની ઠંડીમાંય અમે પરસેવે રેબઝેબ થઈ ગયેલા. નીચે નજર ગઈ તો પ્રવાસીઓનું ટોળું ભેગું થઈ ગયેલું. હવે અમને ગંભીરતા વધી ગયાની ખાતરી થઈ! કોણ જાણે ક્યાંથી અમારામાં ધીરજ આવી ગઈ. એકબીજા સાથે વાત થાય કે આંખમાં આંખ મેળવાય એવો સંભવ તો અમે જ રહેવા દીધો નહોતો. માત્ર આત્માના અવાજને અનુસરવાનું હતું! એકબીજાને જોઈ જોઈને, અનુકરણ કરી કરીને અવરોહણ શરૂ તો કર્યું, પણ અમને ખાતરી નહોતી કે નીચે બંને સાજાસમા મળીશું! કેટલો સમય ગયો એ યાદ નથી, પણ અમે નીચે ઉતર્યા ત્યારે અડધા જગતને હાશ થયેલી! મોત સામેની મેચ ડ્રો થઇ એનો આનંદ લઇને અમે સાધનાભવન પહોંચ્યા ત્યારે રઘુવીરભાઈ અમને પોંખવા માટે તૈયાર જ હતા!

અમૃતસરના હરમંદિર સાહેબ, સુવર્ણ મંદિરમાં તો ગ્રંથ સાહેબની જ પૂજા. ચારેબાજુ છલછલ થતા અમૃત સરોવરની વચ્ચે બેટ ઉપર આ મંદિર. આમ તો શ્વેત-ધવલ સંગેમરમરનું. પણ, છેલ્લા કેટલાક વખતથી સોને મઢવામાં આવ્યું છે. મને ગમતી વાત તો એ કે કોઈ ઇશ્વરની મૂર્તિને બદલે સર્વ ધર્મ સમભાવના પ્રતીકરૂપ ધર્મગ્રંથની જ પૂજા અર્ચના. ગુરૂબાની સાંભળતા સાંભળતા જ આપણે અંદરથી બદલાઈ જઈએ એનો ખ્યાલ પણ ન રહે. સોમનાથ મંદિરને તોડી-લૂંટી જનારો મહંમદ ગઝની એની સાથે, હાથી ઉપર બાંધીને પ્રવેશદ્વારનાં ભવ્ય કલાત્મક કમાડ પણ લઇ ગયેલો. કહેવાય છે કે અમૃતસરથી પસાર થતી વખતે શીખ સરદારોએ એને આંતર્યો ને કમાડ ત્યાં જ મૂકીને એને ભાગી છૂટવું પડેલું. એ બંને કમાડો આજે પણ સુવર્ણ મંદિરના પાછળના ભાગે બહાદુરીની સાખ પૂરતા ઊભા છે. એના કદને જોવા જતાં, આપોઆપ જ આપણું માથું ઊંચું થઈ જાય.

જેમાં હું ભણતો, એ સુરેન્દ્રનગરની શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલ પણ ગાંજી જાય એવી નથી. અંગ્રેજોના જમાનાનું સ્થાપત્ય. દૂરથી જ એની ભવ્યતા આકર્ષે. ચારેબાજુ ફરી શકાય એવી લાંબી પરસાળ અને ગોળ કમાનો. ઘડેલા પથ્થરનું બાંધકામ. નીચે અને ઉપર બે તો ભવ્ય સેન્ટ્રલ હોલ. નીચેનામાં લેબોરેટરી અને ઉપરનો પ્રાર્થનાખંડ! હજીયે જ્યારે પણ ‘અસત્યો માંહેથી…’ ગાઉં છું ત્યારે આખીયે ઇમારત મારા ફફડતા હોઠની પિછવાઈ બનીને ઊભી રહી જાય છે. અમને આકર્ષતું એનું ખુલ્લાપણું, ચોક્સી સાહેબના ચહેરાની મક્કમતા, વસંતભાઈ દોશી સાહેબની ટોની ગ્રેગ જેટલી ઊંચાઈ, ડી.જે. મેર સાહેબનું ગણિત વિજ્ઞાન ઉપરાંત અનેક વિષયોનું જ્ઞાન, દાદાસાહેબનું બોખું હાસ્ય, જે.ડી. દવે સાહેબનાં શ્વેત-ધવલ ધોતી-ઝભ્ભો અને કાળી ટોપી, આર.સી. મણિયારની આંતરિક ઊંચાઈ, એચ.એમ. ત્રિવેદીની વિદ્વતા, જોતાવેંત જ પંડિત ઠેરવે એવું શાસ્ત્રી સાહેબનું વ્યક્તિત્વ, અનસુયાબહેનનો માતૃભાષા સાથેનો અનુબંધ, પી.ટી.વાળા રાણા સાહેબની ગામ ગજવતી વ્હીસલ અને ક્ષાત્રતેજભરી ચાલ, મધુભાઈ પંચોલીની મારકણી રમૂજો અને રંગરેખાના બાદશાહ સી.બી. શુક્લ વગેરે શિક્ષકોની ચેતનાને બાદ કરીએ તો પાછળ કશું જ ન બચે! કેમકે આ બધા, અમુક અર્થમાં જોઈએ તો ભવ્ય ઇમારતના અંશો જ નહીં, પણ તીર્થસ્થળ જેવા હતા. ગણાવવા બેસું તો વસી ગયેલી ઇમારતોનો પાર નથી. એ બધું કામ ગણકઋષિને સોંપીને ભીતરની વાત કરું. સમજણો થયો ત્યારથી, મારામાં કાયમી ધોરણે વિરહનો એક ભાવ ઘર કરી ગયો છે. સમયના બંધનને તોડી-ફગાવીને એ ભાવ હંમેશાં મને પીડતો રહ્યો છે. સંસર્ગમાં આવેલી સામાન્ય વ્યક્તિઓ જ નહીં, ઇમારતો, તળાવો, પશુ-પંખીઓ, વૃક્ષો, વૃક્ષ જેવા વિવિધ ક્ષેત્રના દિગ્ગજ કલાકારો કોઈની પણ સાથે મારું અનુસંધાન પળવારમાં થઇ જાય. સ્થળ-કાળનું બંધન તો રેશમી વસ્ત્રની માફક ગમે તે પળે ખરી પડે ને મારો વિહાર સચરાચરમાં થતો રહે. પરિણામે, જે વ્યક્તિને મેં કદી જોઈ જ નથી એનાય પ્રેમમાં હું પડી શકું. એનો વિરહ અનુભવું. એટલું જ નહીં, પીડાઉં પણ ખરો! એવું જ આ ઇમારતોનું છે. જોઈ છે એનો અને નથી જોઈ એનો, અસ્તિત્વ ધરાવે છે એનો અને જેનું અસ્તિત્વ છે જ નહીં એનો પણ વિરહ મને સતાવે. સતાવે કહીએ તો ઓછું પડે. એમ કહીએ કે બોરબોર જેવડાં આંસુ પડાવે! કદાચ આ ચીર વિરહ જ મારી પાસે કવિતા નહીં લખાવતો હોય એની શી ખાતરી?

# કચ્છની પંચતીર્થી
## જૈનો માટે ખાસ પર્યુષણમાં....

અબડાસાના જૈનોની પંચતીર્થી ભક્તોને દિવ્યતા અને ભવ્યતાના દર્શન કરાવે છે. સમગ્ર વિશ્વમાં કચ્છના જૈન અનુયાયીઓ જ્યાં પણ હોય અહીં દર્શન કરવા અચૂક આવે છે.

દેશના પશ્ચિમ છેડે આવેલા અબડાસા તાલુકામાં જૈન ધર્મમાં જેને અનેરું મહત્ત્વ આપવામાં આવેલ છે, તેવી મોટી પંચતીર્થી કોઠારા, તેરા, નલિયા, જખૌ અને સાંધાણ તથા મહાતીર્થ સુથરી આવેલા છે. આ સિવાય અબડાસાના શતાબ્દી વટાવી ચૂકેલા અન્ય પાંચ ગામોના દેરાસરો વાંકુ, વારાપધ્ધર, પરજાઉ, લાલા અને રાપર ગઢવારીમાં છે. જેને નાની પંચતીર્થી કહેવાય છે.

સમગ્ર વિશ્વમાં કચ્છી દશા ઓસવાલ જૈન સમાજની હાલની વસતી અંદાજે ૩૦ હજારની આસપાસ છે. તો હાલ અબડાસા તાલુકામાં માત્ર ૩૦૦ આસપાસ રહી છે. સમાજના બાકીના લોકો શિક્ષણ, આરોગ્ય તેમજ ધંધા-રોજગાર માટે દેશ-પરદેશમાં વસવાટ કરે છે. પરંતુ ચાતુર્માસ તથા ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગોએ દેશ અને વિદેશમાં વસતા ભાવિકો આરાધના માટે માદરે વતન આવે છે.

આ સાથે ભારતભરમાંથી જૈન ધર્મના ભાવિકો અબડાસાની આ પંચતીર્થીના દર્શનાર્થે અચૂક આવે છે. આ પંચતીર્થીના દેરાસરો અતિ પ્રાચીન હોવાની સાથે કલાત્મક છે. જેના કારણે આ ભવ્ય દેરાસરોની મહત્વતા વધી જતી હોવાનું રાજેશ લખમશી મોતાએ જણાવ્યું હતું.

નલિયા ખાતે હાલ ચાતુર્માસ માટે બિરાજમાન પ.પૂ. મલયસાગરજી મ.સા. અને પ.પૂ. મુનિરાજ રત્નાકરસાગરજી મ.સા.એ પંચતીર્થીનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે નવકાર મંત્રમાં આવેલા પાંચ પદોનો અનેરો મહિમા છે. તેથી પાંચ અંકને શુભ માનવામાં આવે છે. જેથી અતિ પ્રાચીન પાંચ દેરાસરો જે જગ્યાએ નજીકમાં આવેલા હોય તેને પંચતીર્થી કહેવામાં આવે છે.

મૂળનાયક શાંતિનાથજી તથા અન્ય નવ ટૂંકની સ્થાપના વિક્રમ સંવત ૧૯૧૦માં કરવામાં આવી હતી. નવ ટૂંક ધરાવતા આ દેરાસરમાં પ્રવેશતા જ શત્રુંજય પર્વત ઉપર આવેલા નવટૂંક જેવું દૃશ્ય આપને જોવા મળે છે. વર્ષો પૂર્વે સાંધાણ ધીકતું બંદર હતું. જેને આરબો સિદ્ધાન બંદર તરીકે ઓળખતા. 'તિલક ટૂંક' તરીકે પણ આ જિનાલય ઓળખાય છે.

મૂળ નાયક શાંતિનાથ ભગવાન શ્વેત વર્ણમાં છે. આઠ શિખરવાળા આ ગગનચુંબી દેરાસરનાં શિખરો, રંગમંડપ, તોરણો, સ્તંભો વગેરેની શિલ્પકલા અદ્ભુત છે. અહીંની પ્રતિમાઓની કલા જોવા જેવી છે. વિક્રમ સંવત ૧૯૧૮ના સ્થાપના પામેલા આ જિનાલય શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી તથા કેશવજી નાયક દ્વારા બંધાયેલું છે. આબુમાં આવેલા દેરાણી-જેઠાણીના ગોખલાની આબેહુબ પ્રતિકૃતિ અહીં છે.

મૂળનાયક ચંદ્રપ્રભુજી તથા શાંતિ નાથજીને અગિયાર દેરીઓ પરોણા મળી તથા અષ્ટાપદજીનું અજોડ બેનમૂન દેરાસર નલિયામાં આવેલું છે. ૬૮ ફૂટની ઊંચાઈ ધરાવતું અષ્ટાપદજીનું દેરાસર કચ્છમાં બીજે ક્યાંય નથી. વિક્રમ સંવત ૧૮૯૭ના સ્થાપના પામેલા આ જિનાલય શેઠ નરશી નાથા, શેઠ હરભમ નરશીનાથા તથા શેઠ ભારમલ તેજશી દ્વારા બંધાયું છે.

સ્થાપના વિક્રમ સંવત ૧૯૫૦માં કરાઈ છે. મૂળનાયક મહાવીર સ્વામીની સુંદર પ્રતિમા ધરાવતું વિશાળ સંકુલ છે. ઉત્તુંગ શિખરો દૂરથી જ ભાવિકોમાં શ્રદ્ધા જગાવે છે. આ દેરાસરજીને 'રત્નટૂંક'ની ઉપમા આપી છે. આ જિનાલય શેઠ ભીમશી રતનશીએ બંધાવેલું છે.

શેઠ ગુર્જર પરસોત્તમ જેઠા તથા મેઘજી ઊડિયા દ્વારા સંવત ૧૮૯૫ના મૂળનાયક ધૃતકલ્લોલ પાર્શ્વનાથજીના દેરાસરજીનું નિર્માણ થયું છે. તીર્થના મૂળનાયક ધૃતકલ્લોલ પાર્શ્વનાથજીની પ્રતિમા ઘણી જ ચમત્કારી ગણાય છે. એક વખત જમણવાર સમયે ઘી ખૂટી પડવાથી શેઠ એ પ્રતિમાજીને ઘીના ઠામમાં મૂકી દેતાં એ ઠામમાંથી ઘી ખૂટ્યું જ નહીં અને આખા સંઘનું જમણવાર પૂરું થઈ ગયું. છતાં પણ એ ઠામ આખું ઘીથી ભરેલું રહ્યું હતું.

અહીં જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજીના દર્શન. આ પ્રતિમા સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત મનાય છે. આ દેરાસરનું પુનઃ નિર્માણ વિ.સં. ૧૯૧૫માં થયું હતું. અહીં નવ શિખરોની કલા જોવા જેવી છે. આ જિનાલય શેઠ પાશ્વીર રાયમલ, શિવજી વીસરિયા મોતા તથા હીરજી ડોસાભાઈ દ્વારા વિક્રમ સંવત ૧૯૧૫માં બંધાયેલું છે. ■

કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૨

# ભુજપુર - મોટી ખાખરનાં જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છના હરિયાળા અને રળીયામણા કંઠી પ્રદેશ (મુંદ્રા - માંડવી તાલુકા)માં આવેલ 'નાની જૈન પંચતીર્થી'ના મુંદ્રા તાલુકાની આપણે યાત્રા કરી રહ્યા છી. ગત ઓગસ્ટ અંકમાં મુંદ્રા શહેરના ચાર જિનાલયોની વાત જોઈ ગયા. હવે તાલુકાનાં ભુજપુર અને મોટી ખાખર ગામોનાં બે સુંદર દેરાસરોનાં દર્શન કરીએ...

## ચિંતામણિ પાર્શ્વનાથ : ભુજપુર



ભુજપુર ગામની વચ્ચે લાઈબ્રેરીવાળો રસ્તો જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના નામ ઉપરથી 'પૂજ્ય મહારાજ રોડ' તરીકે ઓળખાય છે. આ રસ્તે લાઈબ્રેરીની સામે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત પોણા બે સદી જૂનું ચિંતામણિ પાર્શ્વનાથને નામે ઓળખાતું કલાશિલ્પથી મંડિત મનમોહક જિનાલય આવેલું છે. પૂજ્ય મુક્તિસાગર સૂરીશ્વરજીના સદુપદેશ અને પ્રેરણાથી ગામના મોવડી જાવડ શાહ ચાંપશીએ આ જિન મંદિરનું નિર્માણ કરી સંવત ૧૮૯૭ (સન ૧૮૪૧)ના ફાગણ સુદ ત્રીજના પ્રતિષ્ઠા કરાવી હતી તથા મુક્તિસાગરજીના હસ્તે ખુલ્લું મૂકાયેલ હતું.

સમગ્ર દેરાસર સંકુલ પૂર્વાભિમુખ છે અને અંદર મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથનું જૂનું દેરાસર, બાજુમાં ઉપરના માળે ચાર દાયકા અગાઉ નવનિર્મિત મહાવીર સ્વામીનું નૂતન દેરાસર અને નીચે ભોંયતળિયે જૂના મૂળનાયક કેસરિયા આદિનાથ (ઋષભદેવ)નું દેરાસર... એમ ત્રણ દેરાસરો સ્થાપિત છે. દેરાસર સંકુલમાં પ્રવેશતાં જ પ્રથમ માળે જવા માટેના ચડવા-ઉતરવાનાં બે અલગ પગથિયાં ઉપર સૂંઢમાં કમળ ધારણ કરેલા બે વિશાળ હાથીની પ્રતિમાઓ આગંતુકનું સ્વાગત કરે છે.

જૂના દેરાસરમાં મધ્યે ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન અને આજુબાજુ બાર પ્રતિમાઓ બિરાજિત છે. અંદરની છત કલાત્મક મૂર્તિઓથી સુશોભિત છે. આ દેરાસરનાં પ્રવેશ-પગથિયા સામે મહાવીર સ્વામીની ચૌમુખી પ્રતિમા છે. ચિંતામણિ અને મહાવીર સ્વામીનાં બે દેરાસરો વચ્ચે બે નાનાં દેરાઓ આવેલાં છે. જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૪૦ (સન ૧૮૮૪)માં થયેલી. તેમાં મનમોહક પાર્શ્વનાથનું એક દેરું અને બીજું મહાવીર સ્વામી, વાસુપૂજ્ય, અભિનંદન સ્વામીની ત્રિમૂર્તિઓવાળું દેરું છે.

ઉપરના માળે છ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત મહાવીર સ્વામીનું ભવ્ય દેરાસર સંવત ૨૦૩૩ (સન ૧૯૭૭)ના વૈશાખ સુદ તેરસના રોજ ગુણોદયસાગરસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલું છે. જેમાં મૂછાળા મહાવીર સ્વામીની ભાવવાહી પ્રતિમા, જમણી બાજુ નેમિનાથ, સુવિધિનાથ તથા ડાબી બાજુ સુપાર્શ્વનાથ, શીતલનાથ, વાસુપૂજ્ય, કુંથુનાથની પ્રતિમાઓ બિરાજે છે. મુખ્ય ગભારાની બે બાજુઓએ આવેલા આઠ નાના ગોખમાં વિવિધ સોળ ભગવાનોની પ્રતિમાઓનાં પણ દર્શન થાય છે.

નીચે ભૂગર્ભમાં કેસરીનાથજી દાદાનું પણ ભવ્ય મંદિર છે. ગભારામાં મૂળ પ્રતિમાની આસપાસ આઠ અને રંગમંડપમાં બાર વિવિધ ભગવંતોની પ્રતિમાઓ દશ્યમાન છે. મે ૧૯૯૧માં આ ભવ્ય જિનાલયની સાર્ધ શતાબ્દી (૧૫૦મી જયંતી) ધામધૂમથી ઉજવાઈ હતી. દેરાસરની સામે અચલગચ્છ અને તપાગચ્છના ઉપાશ્રયો છે.

## જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર : ભુજપુર


અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી શ્રીજી મહારાજની સ્મૃતિમાં ભુજપુરમાં 'જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર' નામે કલાત્મક ગુરુમંદિર પણ બન્યું છે. જેમાં એમની ઉપરાંત ઘંટાકર્ણ મહાવીર અને અન્ય દેવદેવીઓની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. જિનેન્દ્રસાગરજીના શિષ્ય ક્ષમાનંદજી મહારાજ થયા. ભુજપુર હાઈસ્કૂલ, મહિલા-બાળ કલ્યાણ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ધુલીયા

## નાની પંચતીર્થીનાં ગામો વચ્ચેનું પારસ્પરિક અંતર (કિ.મી.)

| ક્રમ | ગામ | મુંદ્રા | ભુજપુર | મોટી ખાખર | નાની ખાખર | બિદડા | જૈન આશ્રમ | માંડવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુંદ્રા | – | ૧૫ | ૨૪ | ૨૭ | ૩૩ | ૪૬ | ૪૮ |
| ૨. | ભુજપુર | ૧૫ | – | ૯ | ૧૨ | ૧૮ | ૩૧ | ૩૩ |
| ૩. | મોટી ખાખર | ૨૪ | ૯ | – | ૩ | ૯ | ૨૨ | ૨૪ |
| ૪. | નાની ખાખર | ૨૭ | ૧૨ | ૩ | – | ૬ | ૧૯ | ૨૧ |
| ૫. | બિદડા | ૩૩ | ૧૮ | ૯ | ૬ | – | ૧૩ | ૧૫ |
| ૬. | જૈન આશ્રમ | ૪૬ | ૩૧ | ૨૨ | ૧૯ | ૧૩ | – | ૨ |
| ૭. | માંડવી | ૪૮ | ૩૩ | ૨૪ | ૨૧ | ૧૫ | ૨ | – |



*શ્રી જિનેન્દ્રસાગર સૂરિશ્વરજી શ્રીજી મહારાજ*



*પૂજ્ય શ્રી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ*

છાત્રાલયની સ્થાપનામાં એમનું મહત્ત્વનું પ્રદાન હતું.

ક્ષમાનંદજીના શિષ્ય ગોરજી મોતીલાલજી થયા. સંવત ૨૦૩૯ (સને ૧૯૮૩)ના વૈશાખ સુદ દસમના ઘાટકોપર ખાતે દીક્ષિત થઈ તેઓ યતિ મોતીસાગરજી મહારાજ બન્યા. હાલે તેઓ મુંબઈના અનંતનાથ દેરાસર (મસ્જિદ બંદર) ખાતે બિરાજે છે. એમનો જન્મોત્સવ (વસંત પંચમી) ભુજપુરના જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર ખાતે ઉજવાય છે.

## આદિનાથ દેરાસર : મોટી ખાખર

મોટી ખાખર ગામનું શેત્રુંજયની પ્રતિકૃતિરૂપ 'આદિનાથ દેરાસર' સમગ્ર નાની પંચતીર્થીનું સૌથી જૂનું દેરાસર છે. તપગચ્છીય આચાર્ય હીરસૂરિજી મહારાજના શિષ્ય ઉપાધ્યાય વિવેકહર્ષવિજય ગણિવર્યના ઉપદેશથી ગામના ગંગર ગોત્રીય શ્રાવક શ્રેષ્ઠીઓ વયરસી ખાખણ, શાહ નાગીઆ અને શાહ મેરગ દ્વારા આ જિનાલય ૪૧૭ વર્ષ પૂર્વે બાંધવામાં આવ્યું હતું.

તેમાં ત્રણ પ્રભુજીની પ્રતિષ્ઠા વિવેકહર્ષ ગણિજીએ સંવત ૧૬૫૯ (સન ૧૬૦૩)ના ફાગણ સુદ દસમના કરી હતી એવું અંદર લાગેલા જૂના શિલાલેખ પર વાંચવા મળે છે. મોટી ખાખરનું આ દેરાસર 'શેત્રુંજયાવતાર' ગણાય છે, કેમકે રાયણ પગલાં અને પુંડરીક સ્વામી પણ અહીં એ જ સમયથી પ્રતિષ્ઠિત છે.

ઉત્તરાભિમુખ દેરાસરમાં મુખ્ય વચ્ચેના ગભારામાં મૂળનાયક આદિનાથજી (ઋષભદેવ) અને તેની આજુબાજુ સંભવનાથ તથા વિમલનાથની મૂર્તિઓ છે. મુખ્ય ગભારાની આસપાસના બે નાના ગભારામાં જમણે વાસુપૂજ્ય અને ડાબે પાર્શ્વનાથની પ્રતિમાઓ છે, જેની પ્રતિષ્ઠા લગભગ સંવત ૧૯૩૪ (સન ૧૮૭૮)માં થઈ હતી. સંવત ૧૯૯૨ (સન ૧૯૩૬)માં અત્રે દાદાસાહેબ પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ (સન ૧૪૮૧-૧૫૬૫)ની ગુરૂ પાદુકાની પણ પ્રતિષ્ઠા થઈ હતી.

અહીંના દેરાસરના રંગમંડપમાંનાં ભીંતચિત્રો ખાસ ધ્યાન ખેંચે છે. રંગમંડપમાં દેરાસરના પ્રતિષ્ઠા મહોત્સવ સંબંધી મોટો જૂનો શિલાલેખ પણ જળવાયેલો છે. સંવત ૧૯૬૨ (સન ૧૯૦૬)માં ત્રણ નૂતન દેરીઓ બની ત્યારે આ જૂના શિલાલેખનો જીર્ણોધ્ધાર કરી તેની બાજુમાં તેની નવી પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે.

ઉક્ત શિલાલેખમાં આ દેરાસરના સ્થાપક વિવેકહર્ષ

ગણિની પ્રભાવકતા સૂચવતી તથા બીજી પણ જાણવા જેવી માહિતી આપવામાં આવેલ હોવાથી એ શિલાલેખ ઇતિહાસ અને પુરાતત્ત્વના અભ્યાસીઓ માટે ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. સંસ્કૃત ભાષાનો આ સંપૂર્ણ શિલાલેખ મુનિરાજ હંસવિજયજી વિરચિત 'પ્રશ્નોત્તર પુષ્પમાળા'માં ગુજરાતી અનુવાદ સાથે તથા મુનિરાજ ન્યાયવિજયજી (ત્રિપુટી) લિખિત 'જૈન તીર્થોનો ઇતિહાસ'માં પણ આ મૂળ આલેખ છપાયો છે એવું રતિલાલ દીપચંદ દેસાઈ (૧૯૦૭-૧૯૮૫)એ એમના આકર ગ્રંથ 'શ્રી ભદ્રેશ્વર-વસહી મહાતીર્થ' (૧૯૭૭)ના પૃષ્ઠ-૨૨૨ ઉપર નોંધ્યું છે.

દેરાસરની ડાબે આદિનાથ પ્રભુ પાદુકા અને શેત્રુંજય પટ તેમજ બાજુમાં 'ભ્રાતૃચંદ્ર જૈન જ્ઞાનભંડાર' (સંવત ૧૯૭૯/સન ૧૯૨૩) આવેલ છે. જેમાં વિવિધ મહારાજ સાહેબોની પાદુકાઓ પણ સ્થાપિત છે. દેરાસરની જમણે સાધુ મહારાજો માટેનો ઉપાશ્રય અને વ્યાખ્યાન ગૃહ તથા દેરાસર બહાર સામે સાધ્વીશ્રીઓ માટેનો ઉપાશ્રય છે.

સન ૨૦૦૩માં આ પ્રાચીન દેરાસરનો અગિયાર દિવસીય ચતુઃશતાબ્દી (૪૦૦મી જયંતી) મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. તે પ્રસંગે ભુવનચંદ્ર વિજયજીની શુભ નિશ્રામાં સંવત ૨૦૫૯ના વૈશાખ સુદ છઠ્ઠ અને તારીખ ૭મી મે, ૨૦૦૩ના જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા અને પાર્શ્વચંદ્રસૂરિજીની નૂતન મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ હતી.

દેરાસરનું સંચાલન મોટી ખાખર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (પાર્શ્વચંદ્રગચ્છ) સંભાળે છે. ગામમાં દેરાસર એવી પવિત્ર ભૂમિ પર આવેલું છે, જ્યાં વિવિધ સંપ્રદાયોનાં સ્થાનકો એકીસાથે નજરે પડે છે. આદિનાથ દેરાસર, આઠ કોટી નાની પક્ષ સ્થાનક, શંકર મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર... — આ ચારેય ધાર્મિક સ્થળો એકમેકને અડીને આવેલા છે.

*(આવતા ત્રીજા લેખાંકમાં નાની ખાખર અને બિદડાનાં જિનાલયોની તવારીખ)*

*(ક્રમશઃ)*

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## સ્વ સાથે સંવાદ

થાય છે શબ્દોના પ્રહાર, બિન્દાસ, બેધડક, વિચારહીન. કંઈ સમજાતું નથી મને. હા, મને સમજાતું નથી. શા માટે થાય છે પ્રહાર? સમજાતું નથી કે મારા માનસ પર ગોળીઓ છોડવામાં આવે છે કે હૃદયને વિંધી નાખતા બાણ મારવામાં આવે છે કે પછી કોરડા વિંઝાય છે.

હું અવાક્ થઇ જાઉં છું, સ્તબ્ધ થઇ જાઉં છું, દિગ્મુઢ થઈ જાઉં છું. હૈયું વલોવાઈ જાય છે. એમાંથી એક ટીસ ઉઠે છે, એક ચિત્કાર ઉઠે છે, આક્રંદ ઉઠે છે.

થોડીવાર પછી ભૂકંપ પછીની શાંતિ હોય તેવો અનુભવ થાય છે. આંખો સામે એ દૃશ્ય તરવરે છે અને પછી?

પછી મારા માનસપટ પર ઉપસી આવે છે, આજ સુધીનું વાંચન - શ્રવણ અને એમાંથી વિભિન્ન અવાજો ઊઠે છે. માં બોલે છે, 'આત્માને વળી માન અપમાન શું?' પપ્પા બોલે છે, 'પાપનો ઉદય હોય ત્યારે આવું બને.' સાધક બોલે છે, 'વાણી તો પુદ્‌ગલની પર્યાય. જડ, આત્મા, ચેતન, બે વચ્ચે સંબંધ કેવો? શિક્ષક કહે છે, 'એના ક્રોધને ગ્રહણ કરવો કે નહીં તે આપણા હાથની વાત છે.' વ્યક્તિત્વ વિકાસવાળા કહે છે, 'કોઈના શબ્દોમાં આવી જવું એટલે કે આપણી શક્તિ એને આપી દેવી.' અંતર કહે છે, 'દરેક માણસની એક પ્રકૃતિ હોય છે અને એ એને જ અનુસરે.' એમાં સાથ પૂરે છે, ગુજરાતી શિક્ષકનો અવાજ : 'પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં. પડી ટેવ પ્રખ્યાત મરે પણ મિટે નહીં.' તો વળી એક અવાજ બોલે છે, 'પ્રહાર કરનાર તો કરુણાને પાત્ર છે.' અને વળી એક તસવીર નિર્દેશ કરે છે, 'એમને માફ કરી દો. એ લોકો શું કરે છે એની એમને ખબર નથી.' ધર્મ કહે છે, હર વસ્તુનું પરિણમન સ્વતંત્ર છે અને અંતમાં શાળાકીય પુસ્તકનું એક ચોપાનીયું બોલે છે, 'હેમાળાના હેમ હૈયા સાધુ સંતના, અગન લાગે એમ ગળશે, પણ બળશે નહીં.'

અને હવે? હવે વિચારોના આ પ્રવાહ મને ચિંતન, મનન અને આત્મનિરીક્ષણ ભણી દોરી જાય છે. મન શાંત થતું જાય છે. શબ્દોના પ્રહાર મને ઋજુ બનાવતા જાય છે, કરુણાસભર બનાવે છે. બીજાને સમજવાની વધુને વધુ શક્તિ આપતા જાય છે. લઇ જાય છે મને માનવતા ભણી, ઈશ્વર ભણી.

*દક્ષા એમ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૯૨ ૧૦૪૫૮*

*મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. વસ્ત્રો સાથે જીવન જીવનારો માણસ વસ્ત્રો માટે જીવન નથી જ જીવતો. પણ કરુણતા માણસના મનમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે. 'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૨

### શ્રી પ્રભાસપાટણ તીર્થ
### (શ્રી ચંદ્રપ્રભુ ભગવાન)



પ્રભાસપાટણ ગામ અને તેના સુવિખ્યાત સોમનાથ મંદિરથી લગભગ ૪૦૦ મીટર દૂર આવેલા આ તીર્થની સ્થાપના શ્રી આદિનાથ પ્રભુના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ કરી હોવાનું કહેવાય છે. પ્રથમ તીર્થંકરના સમયથી ચરમ તીર્થંકરના કાળ સુધી અનેક ચક્રવર્તીઓ, રાજવીઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ આ તીર્થની યાત્રા કરી છે. આ તીર્થમાં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૧૫ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે. બીજી પણ સુંદર આકૃતિની પ્રતિમાઓ અહીં મળે છે જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ વર્ણની રમણીય મૂર્તિ નયન મનોહર છે. આ મંદિરમાંની ધાતુની મૂર્તિઓ અને સુંદર ઘડેલા પરિકરોનું શિલ્પ અવર્ણનીય છે. કલારસિક વિદ્વાનોને મુગ્ધ કરે તેવું છે. આ મંદિરમાં સ્ફટીકની પણ બે પ્રતિમાઓ મળે છે. ભરત ચક્રવર્તીએ આ નગર વસાવી ચંદ્રપ્રભુ ભગવાનના મંદિરનું નિર્માણ કર્યા બાદ સગર ચક્રવર્તી, ચંદ્રયશા, ચક્રધર, રાજા દશરથ, પાંડવો અને હસ્તિસેન રાજાઓ અહીં પધાર્યાના ઉલ્લેખો મળે છે. શ્રી મેરૂતંગસૂરિજી રચિત 'શ્રી પ્રબંધ ચિંતામણિ'માં પણ આ તીર્થનો ઉલ્લેખ મળે છે. ગૂર્જર નરેશ સિધ્ધરાજ જયસિંહ, મંત્રી વસ્તુપાળ તેજપાળ, પેથડશાહ, સમરાશાહ જેવા શ્રેષ્ઠીઓ પણ આ તીર્થની યાત્રાએ આવ્યાના ઉલ્લેખો મળે છે. ૧૪મી સદીમાં શ્રી ધર્મઘોષસૂરિજીએ મંત્ર ગર્ભિત સ્તુતિની રચના કરીને શત્રુંજય ગિરિના જૂના કપર્દીયક્ષને પ્રતિબોધિત કર્યો હતો. પ.પૂ.આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી આ તીર્થનો અંતિમ ઉધ્ધાર વિ.સં. ૨૦૦૮ના મહા સુદ ૬ ના દિવસે આગમોદ્ધારક પ.પૂ.આ.શ્રી આનંદસાગરસૂરિજીના પટ્ટવિભૂષણ પ.પૂ.આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીના સુહસ્તે થયો હતો. આ મંદિરની નજીકમાં બીજા સાત મંદિરો આવેલા છે.

## તીર્થ દર્શન-૧૩

### શ્રી ગિરનાર તીર્થ
### (શ્રી નેમિનાથ ભગવાન)



સૌરાષ્ટ્રના જૂનાગઢની પાસે આવેલા ગિરનાર પર્વત વિશે શાસ્ત્રોમાં ઉજ્જયંતગિરી અને રૈવતગિરિ આદિ નામે ઉલ્લેખ મળે છે. આને નેમિનાથ પર્વત અથવા તો શત્રુંજયગિરીની પાંચમી ટૂંક પણ ગણવામાં આવે છે. પ્રથમ તીર્થંકરના સમયથી ચરમ તીર્થંકર સુધીના સમયમાં અનેક ચક્રવર્તીઓ, રાજાઓ અને શ્રેષ્ઠીઓએ રૈવતાચલની યાત્રા કર્યાના ઉલ્લેખો મળે છે. એમ કહેવાય છે કે ભાવિ ચોવીસીમાં વીસ તીર્થંકરો અહીં મોક્ષ મેળવશે. આ ગિરનાર તીર્થમાં શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૪૦ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે. નેમિનાથ ભગવાનના દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણકથી પાવન આ ગિરિરાજનાં ગગનચુંબી શિખરો ભાવિકોના હૃદયને ભાવનાઓથી છલોછલ ભરી દે છે. નેમિનાથ ભગવાનની આ પ્રતિમા ગઈ ચોવીસીના તીર્થંકર શ્રી સાગરના ઉપદેશથી પાંચમા દેવલોકના ઈન્દ્રએ ઘડાવી હતી એમ કહેવાય છે. આ પ્રતિમા ભગવાન નેમિનાથના સમય સુધી ઈન્દ્રલોકમાં રહી અને પછી શ્રીકૃષ્ણના ગૃહ મંદિરમાં હતી. દ્વારકા નગરી ભસ્મ થઇ ત્યારે શ્રી અંબિકાદેવીએ આ પ્રતિમાને સુરક્ષિત રાખી, રત્નાશાહની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા અંબિકાદેવીએ રત્નાશાહને આપી. જેની ફરી પ્રતિષ્ઠા કરવામાં આવી. વિ.સં. ૬૦૯માં કાશ્મીરના શ્રેષ્ઠી રત્નાશાહ અને અજિતશાહે અને તે પછી બારમી સદીમાં વસ્તુપાળ-તેજપાળ તથા સિધ્ધરાજના મંત્રી સજ્જનશાહે આનો જીર્ણોધ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે. અનેક રાજાઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ જીર્ણોધ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે. અહીં બીજા બે શ્વેતાંબર મંદિરો પણ મળે છે. આ દરેક મંદિરના શિખર પર, છત પર અને સ્તંભો પર કરેલી શિલ્પકળા આહ્લાદક છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

સ્વાસ્થ્ય

# ડરની બીમારી

## (PHOBIA DISORDER)

## ભાગ-૩ : શારીરિક ફેરફારો




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા અંકમાં આપણે જાણ્યું કે ડરની બીમારીનું નિદાન નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈને કરાય છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ વધારે હોય છે.

૨. વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી કોઈ પણ હિસાબે દૂર ભાગે.

૩. સામાન્ય જિંદગી જીવવા માટે પરાણે, ડરને લીધે બાંધછોડ કરવી પડે.

૪. ડરને લીધે વ્યક્તિમાં ક્ષમતા હોવા છતાં ગુણવત્તાભર્યું જીવન જીવવામાં બાંધછોડ કરવી પડે છે.

● **શું ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે?**

મગજ (Brain)માં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો આપણી લાગણીઓ, વિચાર, મુડ, વર્તણુંક, એકાગ્રતા, નિર્ણય શક્તિ, સ્મરણ શક્તિ વગેરેનું કેન્દ્ર છે. મનના કાર્યો લિમ્બિક સિસ્ટમના અવયવો કરે છે.

લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ એમિગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે. એમિગડેલા લિમ્બિક સિસ્ટમના અન્ય અવયવો મુખ્યત્વે પ્રિફ્રન્ટલ કોરટેક્ષ જોડે સતત સંપર્કમાં રહે છે. પાંચેય ઇન્દ્રિયો વડે આપ-લે થતા સંદેશાઓ તથા લાગણીશીલ સંવેદનાશીલ સતત આપ-લે એમિગડેલા દ્વારા થતી રહે છે. દરેક સંદેશાને લાગણીનું સ્વરૂપ એમિગડેલા દ્વારા અપાય છે. સંદેશો સારો છે - ખરાબ છે, સુખ આપે છે - દુઃખ આપે છે વગેરે અનુભવ એમિગડેલા દ્વારા થાય છે.

વ્યક્તિને ડરની બીમારી થશે કે નહીં, એ એમિગડેલાની કદ, રચના, કાર્યશક્તિ પર આધાર રાખે છે તથા એમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.

● **અનુવાંશિક (વારસાગત) કારણો :**

ડરની બીમારી, એ વારસાગત રોગ છે. ડરની બીમારીના દર્દીના ભાઈ-બહેન, મા-બાપ કે દર્દીના સંતાનોમાં ડરની બીમારી, પેનિક ડીસઓર્ડર કે હતાશાની બીમારી થવાની શક્યતા વધારે હોય છે. લોહીનો સંબંધ ધરાવતા અન્ય પરિવારજનોમાં આ રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે.

જો એક જ અંડકોષથી જન્મેલા જોડિયા ભાઈ-બહેનોમાંથી એકને ડરની બીમારી હોય તો બીજા ભાઈ કે બહેનને આ બીમારી થવાની શક્યતાનું પ્રમાણ ૫૦% વધારે હોય છે.

● **ડરનો સામનો કરવો કે સલામત જગ્યાએ દોડી જવું એ મનની પ્રક્રિયા :**

ડરની લાગણી તથા પ્રક્રિયા મન પર આધારિત છે. જંગલી પ્રાણી (સિંહ, વાઘ વગેરે) ખુલ્લા હોય તો આપણને ડર લાગે છે પરંતુ પીંજરામાં (પ્રાણીબાગમાં) અથવા સરકસમાં હોય તો ડર લાગતો નથી. ડરની લાગણી માટે બાહ્ય પરિસ્થિતિ કરતાં મનની પ્રક્રિયા વધારે મહત્ત્વની તથા કારણભૂત હોય છે.

● **ડરની લાગણીમાં શારીરિક ફેરફારો :**

ડરની લાગણી ફક્ત લાગણી પૂરતી જ સીમિત નથી હોતી પરંતુ સાથે સાથે શારીરિક ફેરફારો થાય છે. ડરનો સામનો કરવો (Fight) અથવા સલામત જગ્યાએ દોડી જવું (Flight) – આ બંને પ્રક્રિયા માટે શરીરમાં ઉર્જાની જરૂર પડે છે. મગજના (મનના) અવયવોમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે શરીરના અન્ય અવયવોના કાર્યોમાં ફેરફાર થાય છે. જેથી જરૂરી શારીરિક ઉર્જા મળી રહે છે.

એમિગડેલા સતત મગજના અન્ય અવયવો જોડે સંદેશાઓની આપ-લે કરે છે. અસલામતીની લાગણી એમિગડેલામાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા વધી જાય છે. જેની નીચે પ્રમાણે અલગ અલગ શારીરિક અવયવો પર અસર થાય છે.

**૧. એમિગડેલા અને સ્વયંસંચાલિત મજ્જાતંત્ર (Autonomic Nervous System) :**

એમિગડેલા તથા લોક્સ સેરૂલીયસના સંદેશાઓને લીધે સ્વયં સંચાલિત મજ્જાતંત્ર પર અસર થાય છે. હૃદય અને રૂધિરાભિસરણના (Heart and Blood Circulation) અવયવો પર અસર થાય છે.

ટૂંક સમયના ફેરફારોથી હૃદયના ધબકારા વધી જાય છે,

બ્લડપ્રેશર વધી જાય છે, ડરનો સામનો કરવા કે ડરથી સલામત જગ્યાએ દોડી જવા માટે આ ફેરફારો અત્યંત જરૂરી છે. ડર ઓછો થતાં આ ફેરફારો નોર્મલ થાય છે.

માનસિક સ્ટ્રેસથી આ ફેરફારો કાયમી થાય છે. હાઈ બ્લડ પ્રેશરની બીમારી થાય છે, લોહીની ધમનીઓ (નસો) જાડી થાય છે, હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે, હૃદયને લોહી ઓછું મળે છે.

**૨. એમિગડેલા અને શ્વાસોચ્છવાસના અવયવો :**

એમિગડેલા અને પેરાબ્રેકિયલ ન્યુક્લિયસ વચ્ચેના સંદેશાઓને લીધે શ્વાસોચ્છવાસની પ્રક્રિયા પર અસર થાય છે.

ટૂંક સમયના ડર વખતે શ્વાસોચ્છવાસની ગતિ વધે છે. આથી ઉર્જા માટે શરીરમાં જરૂરી ઓક્સિજન મળી રહે છે.

માનસિક સ્ટ્રેસથી દમનો હુમલો આવી શકે છે, શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

**૩. એમિગડેલા અને આંતરસ્રાવી ગ્રંથિઓ (Endocrine Glands) :**

એમિગડેલા તથા હાઈપોથેલામસના સંદેશા વ્યવહારને લીધે કોર્ટીસોલની માત્રા ખૂબ જ વધી જાય છે.

હાઈપોથેલામસ પિચ્યુટરી એડ્રિનલ ગ્રંથિના જોડાણથી કોર્ટીસોલ હોર્મોન લોહીમાં ભળે છે.

ટૂંક સમયના ડર માટે કોર્ટીસોલ જીવન બચાવે છે.

માનસિક સ્ટ્રેસથી કોર્ટીસોલનું પ્રમાણ વધારે રહે છે અને શારીરિક બીમારીઓ નોતરે છે. હાર્ટ એટેક, હૃદયની અન્ય બીમારીઓ, ડાયાબિટીસ, લકવો વગેરે થવાની શક્યતા રહે છે.

**૪. એમિગડેલા તથા સ્નાયુઓ (Motor Response) :**

વ્યક્તિના વ્યક્તિત્વ તથા એ વખતના સંજોગો પ્રમાણે ડરનો સામનો કરવો (Fight) કે સલામત જગ્યાએ દોડી જવું (Flight) એ વ્યક્તિ નક્કી કરે છે. એમિગડેલા તથા બ્રેઈન સ્ટેમમાં આવેલા પેરીએક્વિડક્ટ્સ એરીયા વચ્ચેના સંદેશાઓ દ્વારા આ પ્રતિક્રિયા થાય છે.

ટૂંક સમયના ડરમાં સ્નાયુઓમાં લોહીનું ભ્રમણ વધી જાય છે. જેથી સામનો કરવા કે દોડી જવા માટે જરૂરી ઉર્જા મળી રહે છે.

માનસિક સ્ટ્રેસની પ્રતિક્રિયા સ્નાયુઓની બીમારી ઉત્પન્ન કરે છે. સ્નાયુઓ કળતર રહે છે, શારીરિક નબળાઈ લાગે છે. ટોનિક કે વિટામિન દ્વારા આ નબળાઈ દૂર થતી નથી.

**૫. એમિગડેલા તથા નકારાત્મક લાગણીવાળા પ્રસંગોની લાંબા સમય સુધી યાદદાસ્ત (Traumatic Memories) :**

એમિગડેલા તથા હીપોકેમ્પસ વચ્ચેના સંદેશાઓની આપ-લેના લીધે ભૂતકાળના દુઃખદાયક, નકારાત્મક પ્રસંગોની યાદ તાજી જ રહે છે. વર્ષો બાદ પણ જાણે આ પ્રસંગો તાજેતરમાં બન્યા હોય એમ ઊંડાણમાં યાદ આવે છે. વ્યક્તિ માનસિક તથા શારીરિક તકલીફો તાજેતરમાં ભોગવે છે તથા ડરની બીમારીના લક્ષણો વ્યક્તિમાં હાલ જોવા મળે છે.

**● ડરની બીમારીમાં શારીરિક લક્ષણો :**

દર્દી શારીરિક લક્ષણો (હૃદયના ધબકારા વધી જવા, શ્વાસ રૂંધાવો, ગભરામણ થવી, માથું દુઃખવું, ચક્કર આવવા, છાતીમાં દુઃખાવો થવો વગેરે) ફરિયાદ કરે છે. વૈદ્યકીય શારીરિક તપાસ તથા લેબોરેટરી અને એક્સ-રે, સોનોગ્રાફી, ૨-ડી ઈકો વગેરે તપાસ નોર્મલ આવે છે. એટલે દર્દી તથા કુટુંબીજનો નવાઈ પામે છે. ડોક્ટર જ્યારે એમ અભિપ્રાય આપે છે કે શારીરિક બીમારી નથી પરંતુ માનસિક સ્ટ્રેસને લીધે બીમારી છે ત્યારે દર્દી તથા કુટુંબીજનો માનવા તૈયાર નથી થતા.

ઉપરોક્ત મનોવૈજ્ઞાનિક જાણકારીથી આપણે હવે સમજી શકીશું કે ડરની બીમારી કે સ્ટ્રેસની બીમારીમાં શારીરિક લક્ષણો શા માટે હોય છે. આપણા સમાજમાં શારીરિક લક્ષણો હોય તો આપણે બીમારી છે એમ સમજીએ છીએ. માનસિક લક્ષણો હોય તો એને આપણે બીમારીનું સ્વરૂપ આપતા નથી.

ડરની બીમારી કે સ્ટ્રેસની બીમારી પણ એક બીમારી છે. દર્દી બીમારીની કલ્પના કરતો નથી એમ સમજવું ખૂબ અગત્યનું છે.

*(ક્રમશઃ)*

*મકાન ગમે તેટલું મોટું હોય, એનો દરવાજો તો નાનો જ હોવાનો! ગાડી ગમે તેટલી લાંબી હોય, એને જોડાયેલું એન્જિન તો નાનું જ હોવાનું! શરીર ગમે તેટલું મોટું હોય, એમાં ધબકી રહેલ હૃદય તો નાનું જ હોવાનું!*

*જીવનને સદ્‌ગુણોથી હર્યુંભર્યું બનાવી દેવું છે? એક નાનકડા સત્કાર્યથી એની શરૂઆત કરી દો. બની શકે કે સત્કાર્યનો ખૂલતો આ નાનકડો દરવાજો જ તમને સદ્‌ગુણોના વિરાટ મહેલમાં પ્રવેશ કરાવી દે!*

# ચોમાસુ અને ફિઝીયોથેરાપી

ડૉ. પૂજા મહેતા

આમ તો ચોમાસાનું નામ લઈએ એટલે ગરમ ગરમ ભજીયા અને ચા ની યાદ આવે. પરંતુ જેઓને કોઈ પણ પ્રકારના સાંધાના દુઃખાવા તથા વા ની તકલીફ હોય તેને તો પહેલા ફિઝીયોથેરાપી સેન્ટરની યાદ ૧૦૦% આવે.

જી હા! આ માત્ર માન્યતા નથી.

પરંતુ ચોમાસુ બેસતાં જ વાતાવરણમાં થતા તાપમાન અને ભેજના પરિવર્તનને કારણે શરીરની અંદર પણ અમુક ફિઝીયોલોજીકલ ફેરફાર થાય છે. જેના કારણે આવી ઠંડી આબોહવાવાળી ઋતુમાં સાંધાના દર્દમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

મુખ્યત્વે થોડા ઉંડાણમાં સમજીએ તો ચોમાસા દરમિયાન ભેજ વધવાથી વાતાવરણનું બેરોમેટ્રીક પ્રેશર ઘટવા પામે છે. જેની અસર હેઠળ સાંધામાં રહેલા દ્રવ્યનું વધુ પ્રસરણ અને વિસ્તરણ થાય છે. આ વિસ્તરણને લીધે સાંધાની આજુબાજુની ચેતાઓ તથા સ્નાયુઓ પર દબાણ વધે છે. જે અંતે જકડન અને પીડામાં પરિણમે છે.

### *તો શું આનો કોઈ ઉપાય ખરો?*

બિલકુલ! આપે ફિકર કરવાની જરૂર નથી. માત્ર થોડી કાળજી રાખવાની જરૂર છે.

સાંધા માટે અંગ્રેજીમાં કહેવાયું છે : "Warmer is Better."

બસ, આ જ નિયમાનુસાર ફિઝીયોથેરાપીસ્ટની યોગ્ય સલાહને અનુસરીને આપ રાહત મેળવી શકો છો.

જેમ કે, અમુક ઘરગથ્થુ પ્રયત્નો જેવા કે –

૧. અસર પામેલા સાંધાને ગરમ હુંફાળા પાણીનો શેક આપો. આપ ગરમ મોજા પણ પહેરી શકો છો.

૨. સામાન્ય હળવી કસરતો દ્વારા સાંધા અને સ્નાયુઓનું લચીલાપણું જાળવી રાખો.

૩. સ્ટ્રેચીંગ કરીને સાંધા અને સ્નાયુઓનું સ્વાસ્થ્ય જાળવી રાખો.

૪. પૂરતા પ્રમાણમાં પાણી પીવો અને આરામ કરો.

જો ઉપર્યુક્ત પ્રયોગ કર્યા પછી પણ આપના દુઃખાવામાં રાહત ના થાય તો આપ ફિઝીયોથેરાપી સેન્ટરની મુલાકાત લો.

બોપલમાં આવેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટરમાં દરેક પ્રકારના દર્દી માટે વ્યક્તિગત તપાસ - નિદાન કર્યા બાદ યોગ્ય સારવાર આપવામાં આવે છે.

અહીં ઈલેક્ટ્રોથેરાપીના સાધનોની વિશેષ શ્રેણીની સાથે તાલીમબધ્ધ ફિઝીયોથેરાપીસ્ટની મદદથી આપ પીડા અને મુશ્કેલીમાંથી મુક્ત થઈ શકો છો.

આપણા સેન્ટરમાં ઉપલબ્ધ સેવાઓમાં મુખ્યત્વે ઓર્થોપેડિક, ન્યુરોલોજીકલ, પીડિયાટ્રીક, કાર્ડિયોવસ્ક્યુલર, વાસ્ક્યુલર અને પ્રેગનન્સી દરમિયાન અને બાદની કસરતોનો સમાવેશ થાય છે.

*ચીફ ફિઝીયોથેરાપીસ્ટ*
*નવનીત મેડિકલ સેન્ટર - બોપલ*

## પ્રશાંત મન

પ્રભાતે પ્રકાશનું દ્વાર ખોલ્યું હતું. મુનિ-બેલડી નદી પાર કરી રહી હતી. ત્યાં ચીસ સંભળાઈ. જળ ભરવા આવેલ સુંદરીનો પગ લપસ્યો અને એ પ્રવાહમાં તણાઈ રહી. બંને કિનારા નિર્જન હતા. નિરાધાર નારીને કોણ બચાવે? મુનિ? એ તો સ્ત્રીને સ્પર્શે પણ નહીં. એક કરુણાપૂર્ણ મુનિથી આ ન જોવાયું. એણે પ્રવાહમાં ઝંપલાવ્યું. કન્યાને બચાવી લીધી અને એનાં આભારવચન પણ સાંભળ્યા વગર એ પંથે પડ્યા.

માર્ગમાં સાથીએ ઠપકો આપ્યો : 'તમે આ શું કર્યું? સ્ત્રીને ખભે ઉપાડી તમે વ્રત-ભંગ કર્યો. તમારી શી ગતિ થશે?'

પેલા મુનિ તો મૌનમાં કર્તવ્યપંથે ચાલતા જ રહ્યા.

સાંજ નમી. પ્રતિક્રમણ પૂર્ણ થયું. રૂઢીચુસ્ત મુનિએ ફરી કહ્યું : 'પ્રાયશ્ચિત કર્યું? પાપ સામાન્ય નથી કર્યું. પ્રતિજ્ઞાભંગ કરી, સુંદરીને ખભે ઉપાડી છે!'

પ્રશાંત મુનિએ કહ્યું : 'હું તો એને કિનારે જ મૂકી આવ્યો, પરંતુ આપ તો એને હજુ માથે ઉપાડીને ફરો છો!'

*– ચિત્રભાનુ*

# આજીવન રક્તદાન – મૃત્યુ પછી ચક્ષુદાન, દેહદાન



કમલેશભાઇ બાબુભાઈ શાહ

જન્મ મરણના ફેરા કોઈ ટાળી શકે એમ નથી. અમરપટ્ટો આજસુધી કોઈ લખાવી લાવ્યું નથી અને ભવિષ્યમાં એવા કોઈ વર્તારા દેખાતા નથી. પણ સારા વાણી, વર્તન અને વ્યવહારથી સદ્‌ભાવના, સત્કાર્ય, માનવસેવા થકી મૃત્યુ પછી પણ માણસ ચિર સમય સુધી લોક હૃદયમાં અમર રહી શકે છે. ધારો તો એક સહેલો અને સરળ રસ્તો છે : આજીવન રક્તદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન - દેહદાન.

આ લેખમાં રક્તદાન ઉપર પ્રકાશ પાડીશું.

આપણે સૌ જાણીએ છીએ કે આપણા શરીરનું અતિ મહત્ત્વનું એક ઘટક છે "રક્ત." આપણે જે શુધ્ધ - સાત્ત્વિક ભોજન લઈએ છીએ તેનું પાચન થઈને રક્તમાં રૂપાંતર થાય છે અને ધમની - શીરાઓ વાટે આખા શરીરમાં પરિભ્રમણ કરી પ્રોટિન - વિટામિન્સ જેવી અસંખ્ય જીવન જરૂરી ઘટકો શરીરના અનંત કોષોને પહોંચાડે છે અને આપણું શરીર નિરંતર આજીવન કાર્ય કર્યા કરે છે.

ઘણીવાર, શરીરમાં કોઈ કારણોસર રક્ત બનવાની આ પ્રક્રિયા ધીમી પડી જાય ત્યારે... કે અકસ્માત વખતે શરીરમાંથી ઘણું રક્ત વહી જાય ત્યારે... કે ગંભીર ઑપરેશન દરમિયાન રક્તના બોટલ ચઢાવવા પડે ત્યારે... કે ક્યારેક પ્રસુતિ વખતે જે સ્ત્રીએ ખૂબ રક્ત ગુમાવ્યું હોય ત્યારે... કે પછી જન્મથી જ આ ખામી હોય જેને આપણે "થેલેસેમિયા" કહીએ છીએ, ત્યારે બહારથી અન્ય માણસનું રક્ત આપવાની જરૂર ઊભી થાય છે અને તો જ દર્દી બચી શકે છે. જો રક્ત ચઢાવવામાં ન આવે તો દર્દીનું મૃત્યુ નિશ્ચિત છે. પણ જો શરીરની બહારથી અન્યનું રક્ત મળી જાય તો પાછું ચેતનવંતુ થઈ જાય - નવજીવન મળી જાય છે. હવે જો કોઈ સ્વેચ્છાએ રક્તદાન કરે તો જ દર્દીને નવું જીવન મળે, નહિ તો મોત નક્કી જ છે.

વિજ્ઞાને ખૂબ ખૂબ પ્રગતિ કરી છે છતાં માનવ રક્તને જ્યાં સુધી આપણે કોઈ લેબોરેટરીમાં કે ફેક્ટરીમાં બનાવી નથી શક્યા, કુદરતે હજી આ મોનોપોલી પોતાની પાસે રાખી છે, ત્યાં સુધી આપણા ભાઈ-બંધુઓને બચાવવા આપણે સ્વૈચ્છિક રક્તદાન કરવું જ રહ્યું.

● **રક્તદાનનું વિજ્ઞાન :**

જો કોઈપણ વ્યક્તિને કમળો થયો હોય, એઇડ્સ હોય, સિફિલિસ હોય અથવા ડાયાબિટીસ હોય, બી.પી. હોય, હિમોગ્લોબિન ૧૨થી ઓછું હોય, ટી.બી., સંગ્રહણી, માનસિક રોગ હોય કે કોઈપણ રોગની દવાઓ ચાલુ હોય તેવા સંજોગોમાં તમારી રક્તદાન કરવાની તૈયારી હોય છતાં ડૉક્ટરો તમારું રક્ત સ્વીકારતા નથી.

● **ફાયદાઓ :**

★ રક્તદાતાએ આપેલ રક્તનું લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવે છે. જેથી બ્લડ કયા ગ્રુપનું છે અને હિમોગ્લોબિન કેટલું છે તે ખબર પડે છે. ઉપરાંત V.D.R.L., M.P., H.B.%, HIV, HEPATITIS-B, HEPATITIS-C જેવા રોગો છે કે નહીં તે પણ વિનામૂલ્યે પરીક્ષણ થઈ જાય છે. જેનો અંદાજિત ખર્ચો આજે રૂા. ૭૫૦/-થી રૂા. ૯૦૦/- જેટલો થવા જાય છે. આ પરીક્ષણમાંથી પાસ થાય તો જ આ રક્ત અન્ય દર્દીને આપવામાં આવે છે.

★ રક્તદાનથી શરીરમાં નવા રક્તનું ઝડપથી ઉત્પાદન થાય છે. જેથી શારીરિક તંદુરસ્તી વધે છે, શરીર સ્ફૂર્તિલું રહે છે.

★ દર્દીને મોતના મુખમાં જતો બચાવી શકાય છે. એને જીવનદાન મળે છે અને આપણા ખરાબ કર્મો ખપી જઈ સારા કર્મોનો ઉદય થાય છે. એટલે કે તેનું પુણ્ય મળે છે.

★ અન્નદાન, વસ્ત્રદાન, રૂપિયાનું દાન – આ બધા જ સારા દાન છે. પણ રક્તદાનની આ બધા સાથે તુલના ન થઈ શકે એવું ઊંચેરું દાન છે. માટે રક્તદાનને મહાદાન કહેવાયું છે. રક્તદાતાને તેનો જબરદસ્ત આત્મસંતોષ થાય છે અને એ તો જે રક્તદાન કરે એ જ અનુભવી શકે.

★ બજારમાં જઇને રૂપિયાથી મનોબળ ખરીદી શકાતું નથી. રક્તદાન કરવાથી, પહેલા જે ડર લાગતો હતો તે નીકળી જાય છે અને મજબૂત મનોબળ આવે છે અને દ્રઢ થતું જાય છે. જે વ્યવહારિક જીવનમાં ઘણી જગ્યાએ કામમાં આવે છે.

સામાન્ય રીતે પુખ્ત વયની કોઈપણ (જાડી કે પાતળી)

વ્યક્તિના શરીરમાં ૪.૫થી ૫ લીટર જેટલું રક્ત હોય છે. આ રક્ત રોજેરોજ સતત નવું બનતું રહે છે. દર ત્રીજે અઠવાડિયે તમારું રક્ત બદલાઈને તદ્દન નવું થઈ જાય છે. આજે તમારી ઉંમર ૨૫ વર્ષની હોય તો ૪૦૦થી ૫૦૦ વખત બદલાઈ ગયું – ફ્રેશ થઈ ગયું હોય. પરમેશ્વરે આપેલી આ અદ્ભુત રચનામાંથી સામાન્ય રીતે ડૉક્ટરો, પ્રાથમિક ચેક-અપ કર્યા પછી બ્લડ ડોનરને કોઈપણ જાતની તકલીફ પડે એમ નથી, એવું ખાતરી કર્યા પછી જ શરીરના ટોટલ ૪૫૦૦ / ૫૦૦૦ મિલિ લિટર રક્તના જથ્થામાંથી માત્ર ૩૦૦ મિલિ લીટર રક્ત – એટલે કે કુલ જથ્થાના આશરે પંદરમા ભાગનું જ રક્ત બોટલમાં કલેક્ટ કરવામાં આવે છે. જોવાની ખૂબી એ છે કે આ ૩૦૦ મિલિલીટર લોહી આશરે દોઢથી બે દિવસમાં જ આસાનીથી નવું ભરપાઈ થઈ જાય છે. કુદરતની આ જબરદસ્ત રચનાનો આપણે લાભ ઉઠાવવો જ જોઈએ.

એટલે... રક્તદાન કરવા સક્ષમ હોવા છતાં કોઈ ડરથી કે ખોટી માન્યતાઓથી જો આપે આજ સુધી રક્તદાન ન કર્યું હોય તો આ જાણકારી આપને બહુ ઉપયોગી થશે. મનમાં કોઈ અસમંજસ હોય તો નીકળી જશે અને ડર્યા વગર આપ રક્તદાન કરી શકશો. અમદાવાદમાં જ એવા અસંખ્ય લોકો છે જેમણે ૫૦થી ૧૦૦નો આંકડો વટાવીને એટલી વખત રક્તદાન કર્યું છે. એમને આજ સુધી કાંઇ થયું નથી અને આરામથી હરે ફરે છે, રોજીંદા કાર્યો કરે છે અને સાચી ખુમારીથી જીવે છે. આપણા સમાજ પરિવારના ભાઈશ્રી મનીષ આણંદજી વીરા (નાડકો ડ્રેસિસ)એ ૧૧૩ વખત રક્તદાન કર્યું છે અને શ્રી શૈલેન વિજયસેન શાહે ૧૨૩ વખત રક્તદાન કર્યું છે. તેઓને લાખ લાખ સલામ છે. આવા વીરલાઓને અને દરેક રક્તદાતાઓને જે પોતાના લોહીનો કતરો આપીને અન્યની મહામૂલી જિંદગી બચાવવામાં સહભાગી બને છે, અખૂટ પુણ્ય કમાય છે, પરમેશ્વરનો પ્રેમ મેળવે છે અને એ રીતે ભગવાનની ભક્તિ કરે છે (કારણકે દરેક જીવમાં છે શિવ.)

આપને જાણીને આનંદ થશે કે આપણા દેશમાં રક્તદાનમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને આખા વિશ્વમાં પાંચમા સ્થાને છે. જે ગુજરાતી તરીકે આપણા માટે ગૌરવની વાત છે. આપણે ધારીએ તો થોડા સમયમાં જ ગુજરાતને વિશ્વમાં પ્રથમ સ્થાને લાવી શકીએ તેમ છીએ. એના માટે બસ જોઈએ, થોડું ખમીર! આપણે કચ્છી તરીકે આપણી ઓળખાણ આપતા હોઈએ છીએ કે ખંત + ખાંખત + ખમીર = કચ્છી માણસ. એમ મૂછે તાવ પણ દેતા હોઈએ છીએ.

એટલે જ્યારે જ્યારે હવે રક્તદાન - ચક્ષુદાન - દેહદાનની વાત આવે અને આપણે આપણું ખમીર બતાવીએ નહિં તો એ આપણને શોભે નહીં.

રક્તદાન કરવાથી જો માણસને મૃત્યુના મુખમાંથી બચાવી શકાય, કોઈનો બુઝાતો જીવનદીપ ફરી પ્રજ્વલિત કરી શકાય તો એનાથી મોટું બીજું કોઈ દાન નથી કે એનાથી મોટો બીજો કોઈ ધર્મ નથી. દુનિયાના ધર્મોની ઇમારતો અલગ અલગ ડિઝાઈનની, ભાતભાતની વેરાયટીની ખરી, પણ દરેકના પાયામાં તો એક જ ધર્મ છે અને તે છે માનવ ધર્મ.

આ માનવ ધર્મ નિભાવવા ૬૫ વર્ષથી નીચેની દરેક વ્યક્તિએ વર્ષમાં કમ-સે-કમ એકવાર રક્તદાન કરવું જ જોઈએ. વર્ષ દરમિયાન ૪ વખત રક્તદાન કરી શકાય. યુવા પેઢી, જે પોતાને 'ફાસ્ટ ફોરવર્ડ' ગણે છે, તેમણે તો વર્ષમાં ૩થી ૪ વાર રક્તદાન કરવું જ જોઈએ. યુવાનોએ 25 At 25 નો 'સુવર્ણ સંકલ્પ' કરવો જોઈએ. એટલે કે યુવાન ૨૫ વર્ષનો થાય ત્યાં સુધીમાં એણે ૨૫ વખત રક્તદાન કરી નાખવું જોઈએ.

અહીં "સંકલ્પ" શબ્દ આપણા કચ્છી યુવા પાંખને વધારે સ્પર્શે છે. અને તો જ સંકલ્પના મેમ્બર થવું યથાર્થ ગણાય.

તો ચાલો, આપણે દરેક જણ સંકલ્પ કરીએ, રક્તદાન કરવા તત્પર રહીએ અને રક્તદાન કરતા રહીએ.

## *રક્તદાન એટલે.....*

*માનવતાની મહેક છે લોહીમાં*
*ઈશ્વરની ઈબાદત છે લોહીમાં*
*પ્રાણ કહો તો પ્રાણ છે લોહીમાં*
*દાન કહો તો દાન છે લોહીમાં*
*ફરજ, નિષ્ઠા ને ઈમાન છે લોહીમાં*
*મોતને આરે બેઠેલા માટે જીવનદાન છે લોહીમાં.*

**કન્વીનર : ચક્ષુદાન-દેહદાન સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*હોય એટલું જોર હવે લગાવ જિંદગી*
*દમ હોય તો મને હવે સતાવ જિંદગી.*
*સુખની વ્યાખ્યા મેં જડમૂળથી બદલી*
*દમ હોય તો દુઃખ હવે બતાવ જિંદગી.*
*ગોતી લઉં છું આનંદ એક વાતમાંથી*
*દમ હોય તો હવે મને રડાવ જિંદગી.*
*દૂરથી લડી ન મળ્યા કર જોર મારું*
*દમ હોય તો બથોબથ હવે આવ જિંદગી.*
*પડી પાછો બેઠો થાઉં છું બમણા જોરથી*
*દમ હોય તો મને હવે હરાવ જિંદગી.*
*હું નહીં પણ તું જરૂર થાકશે લડાઈમાં*
*દમ હોય તો હાથ હવે મિલાવ જિંદગી.*

**સૌજન્ય : "ભણતરનું ભાવજગત"**

## NanoNine® શબ્દ રમત-૧૮૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | | ૭ |
| | | ૮ | ૯ | | ૧૦ | | | | | | |
| ૧૧ | ૧૨ | | ૧૩ | ૧૪ | | | | | ૧૫ | | |
| | ૧૬ | ૧૭ | | ૧૮ | ૧૯ | ૨૦ | | ૨૧ | | | |
| ૨૨ | | ૨૩ | ૨૪ | | ૨૫ | | ૨૬ | | ૨૭ | ૨૮ | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | ૩૩ | | ૩૪ | | ૩૫ | ૩૬ |
| ૩૭ | | | ૩૮ | | ૩૯ | | ૪૦ | | | ૪૧ | |
| | ૪૨ | ૪૩ | | ૪૪ | | ૪૫ | | ૪૬ | ૪૭ | | |
| ૪૮ | | ૪૯ | | | ૫૦ | | ૫૧ | | ૫૨ | ૫૩ | |
| ૫૪ | | | | ૫૫ | | | ૫૬ | ૫૭ | | ૫૮ | ૫૯ |
| | | | ૬૦ | | | ૬૧ | | ૬૨ | ૬૩ | | |
| ૬૪ | | | | | | ૬૫ | | | ૬૬ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. છેલ્લું, છેવટનું (૩)
૩. મુગટ, રાજમુગટ (૨)
૫. ભારતમાં આવેલી વિશ્વની સાતમી અજાયબી (૫)
૮. પર્વત (૨)
૧૦. રઘુપતિ રાઘવ ____ (૪)
૧૧. પરવાનગી, સંમતિ, છુટ્ટી (૨)
૧૩. યે મેરા પ્રેમ ____ પઢકર, કે તુમ નારાજ ના હોના (૨)
૧૫. સમત્વ, સરખાપણું (૩)
૧૬. લીન, તલ્લીન (૨)
૧૮. તેનાથી શેક્યો ____ પણ નહીં ભંગાય (૩)
૨૧. કામ, કારણ, કાજે, સારું (૨)
૨૩. ____નું નામ મરી ન પાડે (૨)
૨૫. ભાંગ, શાકભાજી (ફા) (૩)
૨૭. ધંધાની બે બાજુ, ____ નુકસાન (૨)
૨૯. કુંભારનો ચાક (૨)
૩૧. ____ મલાઈ (બંગાળી મીઠાઈ) (૨)
૩૩. બકવાસ કરવો તે (૩)
૩૫. ચણોઠી, જરાક (૨)
૩૭. વિદ્યાશાખાના અધ્યક્ષ (અં.) (૨)
૩૮. વઝીર, પ્રધાન (અ) સાદો પલંગ (૩)
૪૦. શરીર, દેહ, કાયા (૨)
૪૧. બુદ્ધિ, મતિ, મમત (૨)
૪૨. વેરો, ટેક્ષ (૨)
૪૪. આનંદ, મસ્તી (૩)
૪૬. હુન્નર, કસબ (૨)
૪૯. ____ વીરસ્ય ભૂષણમ (૨)
૫૦. થોડા રૂ ની ઓઢવાની ગોદડી (૩)
૫૨. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી (૨)
૫૪. ભીક્ષા માંગે તે (૩)
૫૬. કેરોસીનથી બળતો ચૂલો (અં.) (૨)
૫૮. કામદેવની સ્ત્રી (૨)
૬૦. વાવવું તે (૪)
૬૨. મીણબત્તી, દીવો (ફા) (૨)
૬૪. જરૂરી જ ખર્ચ કરવો તે (૫)
૬૫. ખારાશવાળો પદાર્થ (૨)
૬૬. તપાસ, કસોટી (૩)

### ઊભી ચાવીઓ

૧. ____ નગરી, ગંડુ રાજા (૩)
૨. ____ હોય, તો માળવે જવાય (૨)
૪. વૃદ્ધાવસ્થા (૨)
૫. ખેદાન-મેદાન, જમીનદોસ્ત (૩)
૬. જમાઈને ____ કહેવાય છે (૨)
૭. સતત, લાગલગાટ (૪)
૯. ઉડતી વાત, અફવા (૨)
૧૨. જુવાર બરણી (અં), પરસ્ત્રી સાથે પ્રીત કરનાર, યાર (૨)
૧૪. લજ્જા, શરમ (૨)
૧૫. ____ રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ (૩)
૧૭. અંધારું (૨)
૧૯. ખોબો, અંજલિ, પસલો, પોશ (કા) (૨)
૨૨. વખાણેલી ____ દાંતે વળગી (૩)
૨૪. મુંબઈની લોકલ ટ્રેનમાં બહુ ____ હોય છે (૩)
૨૬. સાફ કર્યા વગર અનાજમાં પડી જાય (૩)
૨૮. સુવાસ, સુગંધ (૩)
૩૦. સોનું (૩)
૩૨. પ્રશ્ન (૩)
૩૪. તેજ, ભપકો (અં.) (૩)
૩૬. તેતર (૩)
૩૯. સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
૪૩. રક્ષણ કરનાર (૩)
૪૫. પરવાનગી, સંમતિ (૨)
૪૭. જ્વાળામુખી ફાટતા નીકળતો રસ (૨)
૪૮. અમિતાભ બચ્ચનનો પુત્ર (૪)
૫૫. ગુજરાતીમાં આ દાળ વધારે વપરાય છે (૩)
૫૭. તાબે થવું (૨)
૫૯. સહનશીલતા (સં.) (૩)
૬૦. વસવાટ, મુકામ, દુર્ગંધ (૨)
૬૧. રાખડી, રક્ષણ (૨)
૬૩. કપડાં સીવડાવતી વખતે દરજી ____ લે છે (૨)

**શબ્દ રમત-૧૮૫**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૩૪**

## મનના સંકલ્પ-વિકલ્પનું શું કહેવું?

એક અકળાયેલા માણસે સંકલ્પ કર્યો : 'જો આ મુસીબતોમાંથી બચી જઈશ તો મારું ઘર વેચીને એના પૈસા હું ગરીબોને આપી દઈશ.'

પછી મુસીબતો દૂર થઈ ગઈ અને સંકલ્પ પૂરો કરવાનો સમય આવ્યો. પણ આટલા બધા પૈસા આપી દેવા માટે તેનું મન માનતું નહોતું. આથી તેણે એક યુક્તિ કરી.

તેણે ઘરની કિંમત એક રૂપિયો જાહેર કરી અને સાથે એક બિલાડીની કિંમત દસ હજાર રૂપિયા રાખી. સાથે એવી શરત પણ રાખી કે, ખરીદનારે ઘર અને બિલાડી બંને એકસાથે ખરીદવાં પડશે.

એક ગ્રાહકે કિંમત ચૂકવી આપીને ઘર અને બિલાડી બંને ખરીદી લીધાં ને પેલા માણસે કોઈ ભિખારીને એક રૂપિયો દાન આપી દઈ પ્રતિજ્ઞા પાળ્યાનો સંતોષ લીધો.

મોટાભાગના લોકોનાં મન આ રીતે જ કામ કરે છે. તેઓ ગુરુની સલાહનું પાલન કરવાનું નક્કી તો કરે છે, પણ એ સલાહનો પોતાને લાભ થાય એ રીતે મનફાવતો અર્થ ઘટાવે છે. જ્યાં સુધી તેઓ ખાસ સાધના દ્વારા આ ટેવમાંથી છૂટી ન જાય ત્યાં સુધી તેઓ કશું શીખી નથી શકતા.

– ઇદરીશ શાહ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૪૪અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૪૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 9 | | 8 | 6 | | | |
| | | | 1 | | 3 | | | 9 |
| 5 | | 3 | | 7 | | 8 | | |
| 3 | | 5 | 4 | | | | | 6 |
| | 9 | 2 | | 6 | | | 8 | |
| 8 | | | | | 7 | 5 | | 1 |
| | | 4 | | 3 | | 1 | | 8 |
| 9 | | | 6 | | 5 | | | |
| | | | 8 | | | 6 | 4 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 6 | | | 9 | | | 7 |
| | | | 3 | 1 | | 5 | 8 | |
| 3 | | 5 | | | | | | 1 |
| | | | | 5 | 8 | 7 | 2 | |
| | 9 | 8 | | 6 | | 1 | 4 | |
| | 7 | 4 | 9 | | | | | |
| 7 | | | | | | 6 | | 4 |
| | 5 | 9 | | 3 | 6 | | | |
| 8 | | | 2 | | | 9 | 5 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 6 | 4 | 2 | 1 | | | | |
| 9 | | | | | 4 | | 2 | |
| | | | 9 | | | 1 | 7 | |
| 6 | | 2 | 3 | | | 4 | | |
| 1 | | | 4 | 9 | 5 | | | 6 |
| | | 5 | | | | 7 | | 3 |
| | 4 | 8 | | | 3 | | | 7 |
| | 7 | | 5 | | | | | |
| | | | | 4 | 7 | 8 | 5 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 9 | | 5 | | 6 | 1 |
| | | 5 | | 4 | 7 | | | 8 |
| | | 9 | 2 | | | 7 | | |
| | 6 | | 5 | | | 8 | | 4 |
| 5 | | | | 8 | | | | 9 |
| 9 | | 3 | | | 1 | | 5 | |
| | | 1 | | | 2 | 4 | | |
| 3 | | | 8 | 5 | | 1 | | |
| 4 | 7 | | 6 | | 9 | | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 7 | 8 | 5 | 9 | 4 | 3 | 1 |
| 1 | 9 | 5 | 3 | 4 | 2 | 6 | 7 | 8 |
| 3 | 8 | 4 | 6 | 7 | 1 | 9 | 2 | 5 |
| 7 | 2 | 1 | 9 | 3 | 4 | 5 | 8 | 6 |
| 5 | 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 7 |
| 9 | 3 | 6 | 7 | 8 | 5 | 2 | 1 | 4 |
| 8 | 5 | 3 | 4 | 9 | 7 | 1 | 6 | 2 |
| 4 | 7 | 2 | 1 | 6 | 3 | 8 | 5 | 9 |
| 6 | 1 | 9 | 5 | 2 | 8 | 7 | 4 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 6 | 7 | 2 | 4 | 3 | 5 | 9 |
| 4 | 3 | 7 | 9 | 5 | 8 | 2 | 6 | 1 |
| 2 | 5 | 9 | 6 | 1 | 3 | 8 | 7 | 4 |
| 9 | 4 | 8 | 5 | 6 | 2 | 7 | 1 | 3 |
| 3 | 6 | 2 | 1 | 4 | 7 | 9 | 8 | 5 |
| 7 | 1 | 5 | 8 | 3 | 9 | 6 | 4 | 2 |
| 8 | 2 | 1 | 4 | 9 | 6 | 5 | 3 | 7 |
| 5 | 7 | 3 | 2 | 8 | 1 | 4 | 9 | 6 |
| 6 | 9 | 4 | 3 | 7 | 5 | 1 | 2 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 9 | 2 | 8 | 5 | 7 | 4 | 3 |
| 5 | 3 | 8 | 7 | 4 | 9 | 2 | 1 | 6 |
| 2 | 4 | 7 | 3 | 6 | 1 | 8 | 5 | 9 |
| 7 | 9 | 6 | 1 | 5 | 8 | 4 | 3 | 2 |
| 3 | 2 | 1 | 4 | 9 | 7 | 5 | 6 | 8 |
| 8 | 5 | 4 | 6 | 3 | 2 | 1 | 9 | 7 |
| 6 | 1 | 5 | 8 | 2 | 3 | 9 | 7 | 4 |
| 4 | 7 | 2 | 9 | 1 | 6 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 7 | 4 | 6 | 2 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 1 | 8 | 9 | 6 | 7 | 5 | 3 |
| 6 | 5 | 8 | 4 | 7 | 3 | 2 | 9 | 1 |
| 3 | 7 | 9 | 5 | 2 | 1 | 6 | 8 | 4 |
| 7 | 1 | 2 | 9 | 6 | 8 | 4 | 3 | 5 |
| 9 | 6 | 4 | 2 | 3 | 5 | 1 | 7 | 8 |
| 8 | 3 | 5 | 7 | 1 | 4 | 9 | 6 | 2 |
| 2 | 8 | 3 | 6 | 4 | 7 | 5 | 1 | 9 |
| 5 | 4 | 6 | 1 | 8 | 9 | 3 | 2 | 7 |
| 1 | 9 | 7 | 3 | 5 | 2 | 8 | 4 | 6 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## NanoNine® શબ્દ રમત-૧૮૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વ | જ | ન | | આ | મ | | પ | ર | ત | |
| અ | ર | જ | | સ | વ | લ | ત | | દ | ર | દ |
| ર | સ | | શ | | ક | મ | | રા | | ત | ડ |
| મા | | મ | ર | જી | | | સુ | મ | ન | | મ |
| ન | ફ | ર | ત | | ન | ફો | | | સ | મા | જ |
| | જે | મ | | અ | | | ના | | | પ | લ |
| સ | તી | | ક | સ | ર | ત | | ક્ષી | ણ | | |
| ચ | | | સ | ર | જ | ન | હા | ર | | સી | તા |
| રા | મે | શ્વ | ર | | ની | મ | | સા | પુ | તા | રા |
| ચ | ર | સ | | જ | શ | ન | | ગ | રછ | | જ |
| ર | | ન | ર્ત | ન | | | આ | ર | | સ | |
| | પા | | | ક | મ | ની | ચ | | પ | ર | વા |

## ઉત્તર મોકલાવનારના બાકી રહી ગયેલા નામો

*માર્ચ-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૦ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨. લીલાધર વિસરીયા – મુંબઈ
૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૫. સરલા શાહ – અમદાવાદ
૬. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૮. રાજેન્દ્ર મહેતા – ગાંધીધામ

*એપ્રિલ-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૧ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. રિદ્ધિ મહેતા – ગાંધીધામ

*મે-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૨ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨. સરલા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. નગીન શાહ – નાગપુર

*જૂન-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૩ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૪. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૫. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૬. નગીનભાઈ શાહ – નાગપુર
૭. હસમુખ દેઢિયા – અડાલજ

*શબ્દ રમત : ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩ના ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં બે વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**અરવિંદ ભટ્ટ – અમદાવાદ**
**સરલા શાહ – અમદાવાદ**

## NanoNine® *Sudoku*

## ઉત્તર મોકલાવનારના બાકી રહી ગયેલા નામો

**માર્ચ-૨૦૨૨ ● સુડોકુ-૧૧૩૮**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૨. રાજેન્દ્ર મહેતા – ગાંધીધામ
૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૪. બીનોય ગોગરી – અમદાવાદ
૫. નયના ગોગરી – અમદાવાદ
૬. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૭. જયંતીલાલ દેઢિયા – અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ

**એપ્રિલ-૨૦૨૨ ● સુડોકુ-૧૧૩૯**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. રિધ્ધિ મહેતા – ગાંધીધામ
૨. અવંતી દંડ – અમદાવાદ
૩. જ્યોતિ ગડા – અમદાવાદ
૪. બીનોય ગોગરી – અમદાવાદ
૫. નયના ગોગરી – અમદાવાદ
૬. હેનીલ ગોગરી – અમદાવાદ
૭. ઈન્દુબેન પટેલ – અમદાવાદ

**મે-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૦**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ડૉ. મૈત્રી જૈન – અમદાવાદ
૨. બીનોય ગોગરી – અમદાવાદ
૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૪. નયના ગોગરી – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. ઈન્દુબેન પટેલ – અમદાવાદ

**જુન-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૧**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. સોનલ છેડા – અમદાવાદ
૨. દિનેશ વોરા – અમદાવાદ
૩. જ્યોતિ શાહ – અમદાવાદ
૪. ઈશા ગાલા – અમદાવાદ
૫. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૬. નેહલ મહેતા – અમદાવાદ
૭. હેનીલ ગોગરી – અમદાવાદ
૮. નયના ગોગરી – અમદાવાદ
૯. બીનોય ગોગરી – અમદાવાદ
૧૦. મિતેષ દેઢિયા – અમદાવાદ

*સુડોકુ – ૧૧૩૮, ૧૧૩૯, ૧૧૪૦, ૧૧૪૧ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**ઈન્દુબેન પટેલ – અમદાવાદ**
**બીનોય ગોગરી – અમદાવાદ**
**સોનલ છેડા – અમદાવાદ**

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

# જીવનમાં ડગલેને પગલે પ્રેરણા આપે એવું દૃષ્ટાંત-કથા સાહિત્ય

**કુમારપાળ દેસાઈ**

| | |
|---|---|
| શ્રદ્ધાનાં સુમન | 120 |
| પ્રસન્નતાનાં પુષ્પો | 120 |
| ક્ષણનો ઉત્સવ | 150 |
| જીવી જાણનારા | 150 |
| માટીએ ઘડ્યાં માનવી | 150 |
| ફૂલની આંખે ઝાકળમોતી | 80 |
| મંત્ર માનવતાનો | 200 |
| મંત્ર મહાનતાનો | 200 |
| શીલની સંપદા | 150 |
| જીવનનું જવાહિર | 150 |
| મનની મીરાત | 150 |
| કેસરની ક્યારી | 120 |
| કેસર અને કસ્તૂરી | 120 |
| કેસર અને કુમકુમ | 120 |
| જિંદગી ચાહુ છું તને | 200 |
| ક્ષણનો વૈભવ | 180 |
| હારું તે હું નહીં | 260 |
| પરમનો સ્પર્શ | 250 |

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| આપણી બોધકથાઓ | 225 |
| મહાભારતની જીવનકથાઓ | 180 |
| ઉપનિષદ્‌ની કથાઓ અને ચિંતન | 200 |
| કચ્છીકથાઓ | 140 |
| સૌરાષ્ટ્રનું શૂરાતન | 150 |
| ક્રાન્તિકથાઓ | 160 |
| શહીદોની ક્રાંતિગાથાઓ | 260 |
| વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો (પુરસ્કૃત) | 170 |
| પૌરાણિક કથાઓ | 200 |

**મહેશ દવે**

| | |
|---|---|
| પાંદડે પાંદડે જ્યોતિ | 60 |
| પાંદડે પાંદડે દીવા | 60 |
| પાંદડે પાંદડે પર્ણકુટિ | 60 |
| પાંદડે પાંદડે સંગીત | 60 |
| પાંદડે પાંદડે રેખા | 60 |
| પાંદડે પાંદડ કિરણ | 60 |
| પાંદડે પાંદડે મોતી | 60 |
| પાંદડે પાંદડે લીલા | 60 |
| પાંદડે પાંદડે ટહુકો | 60 |
| પાંદડે પાંદડે પ્રીત | 60 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| **જીવનપંથ ઉજાળ પુ. 5** | **250** |
| પ્રસંગ અને પ્રેરણા | 50 |
| પ્રસંગની પરબ | 50 |
| પ્રસંગસૌરભ | 50 |
| પ્રસંગપીયૂષ | 50 |
| પુનિતપંથનાં પ્રવાસી | 50 |

**આચાર્ય વિષ્ણુદેવ પંડિત**

| | |
|---|---|
| ઋગ્વેદની નીતિકથાઓ | 200 |
| અથર્વવેદની સમાજકથાઓ | 240 |
| યજુર્વેદ-સામવેદ કથાઓ અને સૂક્તો | 120 |

**ઝવેરચંદ મેઘાણી**

| | |
|---|---|
| માણસાઈના દીવા (રવિશંકર મહારાજના પ્રસંગો) | 160 |

**ગોવિંદ શાહ**

| | |
|---|---|
| 20 પ્રેરણાત્મક પ્રસંગો | 60 |
| 55 પ્રેરણાત્મક વાર્તાઓ | 190 |

**ભદ્રાયુ વછરાજાની**

| | |
|---|---|
| ગાંધી વાસરિકા | 400 |

| | | |
|---|---|---|
| વિધિનાં વહેણ | ચંદ્રહાસ ત્રિવેદી | 100 |
| ઇતિહાસધારા | અશોક હર્ષ | 100 |
| ધર્માત્માનાં ચરિત્રો | ગિજુભાઈ બધેકા | 100 |
| વાહ રે જીવન વાહ ! તારા ફૂલ-કાંટાળા રાહ | નીલા વસાણી | 20 |
| કથાનિર્ઝરી | સાધ્વી તત્ત્વદર્શનાશ્રીજી મહારાજ | 125 |
| ધર્મબોધકથાઓ | અમૃતલાલ ગોપાણી | 22 |
| 42 પ્રેરણાત્મક પ્રસંગો | ડૉ. આશિષ ચોક્સી | 60 |
| વાતોમાં બોધ | પ્રભાશંકર પટણી | 100 |
| પ્રેરણા | જિતુ તિરુપતિ | 100 |
| શ્રી અરવિંદ અને માતાજીને લગતી પ્રાસંગિકાઓ (અંગ્રેજી) | શ્યામ કુમારી, અનુ. ગિજુભાઈ દવે | 105 |
| Tales That Enlighten | Prabhashankar patani, Trans. Maharshi M. Mehta | 125 |
| કહાનિયાઁ કી વિરાસત | પ્રભાશંકર પટણી, અનુ. ખ્યાતિ ખારોડ | 120 |

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**